ગુજરાતનું વિશ્વનિય દૈનિક

# પાક્કો ગુજરાત

RNI NO. : GUJGUJ/2016/67425

01 MAY, 2026 FRIDAY

I Pakkogujarat/ I VOL : 12 I Issue : 46 I Page : 8 I Price : 1.00/- Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN •MO : 9662420070 •E-Mail : pakkogujarat7@gmail.com

પેજ 2

મનસુખ વસાવાના નિવેદનથી રાજકારણ ગરમાયું

પેજ 3

ખાડિયાનો ગઢ કાંગરેથી ખર્યો: ભૂષણ ભટ્ટના આક્ષેપોથી ભાજપમાં ભૂકંપ

પેજ 7

સયાજી હોસ્પિટલમાં તબીબો પર થયેલા હુમલા બાદ રેપિડ ટાસ્ક ફોર્સના 60 જવાનો ખડેપગે રહેશે

પેજ 5


વલાદ બ્રિજ પાસે ઈકોમાંથી વિદેશી દારૂના જથ્થા સાથે બુટલેગર ઝડપાયો

## ઈરાને ગાઝામાં મદદ માટે મોકલેલા જહાજો જપ્ત કરવા બદલ ઈઝરાયલની નિંદા કરી

# હોર્મુઝમાંથી ભારતીય જહાજોને પસાર થવા પર રોક નથી : ઈરાન

## 10 હજાર ભારતીયોની સુરક્ષા પ્રાથમિકતા, ચાબહાર રેલવે લાઈનનું 90% કામ પૂરું

ભારતમાં ઈરાનના રાજદૂત ડૉ. મોહમ્મદ ફતાલીએ જણાવ્યું છે કે સંઘર્ષ છતાં, ઈરાન હોર્મુઝ સ્ટ્રેટમાંથી જહાજોના સુરક્ષિત માર્ગની ખાતરી કરી રહ્યું છે. તેમણે જણાવ્યું હતું કે ભારત સહિત મિત્ર દેશોના જહાજો પર કોઈ પ્રતિબંધ નથી. એક મુલાકાતમાં, ફતાલીએ જણાવ્યું હતું કે ઈરાન વિરુદ્ધ યુએસ-ઈઝરાયલી કાર્યવાહીમાં સામેલ ન હોય તેવા દેશોના જહાજો સામાન્ય રીતે હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થઈ શકે છે. ઘણા ભારતીય જહાજો આ માર્ગ પરથી પસાર થઈ ચૂક્યા છે.




ચાબહાર બંદરને પ્રાદેશિક જોડાણ માટે મહત્વપૂર્ણ ગણાવતા તેમણે કહ્યું કે આ પ્રોજેક્ટ સતત આગળ વધી રહ્યો છે અને ક્યારેય અટક્યો નથી. ફતાલીના મતે, ચાબહાર-ઝોહેદાન રેલ્વે લાઈન પર લગભગ 90% કામ પૂર્ણ થઈ ગયું છે, અને રેલ્વે લાઈન ટૂંક સમયમાં પૂર્ણ થશે.

ફતાલીએ એમ પણ કહ્યું હતું કે ઈરાનમાં રહેતા આશરે 10,000 ભારતીય નાગરિકોની સલામતી સુનિશ્ચિત કરવી એ સરકારની પ્રાથમિકતા છે. ઈરાન ભારતીયો અને તેના પોતાના નાગરિકો વચ્ચે ભેદભાવ રાખતો નથી.

તેહરાનના રસ્તાઓ પર સરકારના સમર્થનમાં સેંકડો લોકો ઉતરી આવ્યા. એક મહિલા અલી અને મુજતબા ખામેનીની તસવીર બતાવી રહી છે.

તેહરાનના રસ્તાઓ પર સરકારના સમર્થનમાં સેંકડો લોકો ઉતરી આવ્યા. એક મહિલા અલી અને મુજતબા ખામેનીની તસવીર બતાવી રહી છે.

છેલ્લા 24 કલાકના 5 મોટા અપડેટ્સ

1. યુદ્ધમાં અમેરિકાનો $25 અબજનો ખર્ચ: અમેરિકા ઈરાન યુદ્ધ પર છેલ્લા 2 મહિનામાં અત્યાર સુધીમાં 25 અબજ ડોલર ખર્ચ કરી ચૂક્યું છે. અમેરિકાએ પ્રથમ વખત યુદ્ધમાં થયેલા ખર્ચની માહિતી આપી છે.

2. ટ્રમ્પે રાઈફલ સાથે ફોટો શેર કર્યો: અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે રાઈફલ સાથે ફોટો પોસ્ટ કરીને ઈરાનને ચેતવણી આપી છે. ફોટો પર લખ્યું હતું- 'નો મોર મિસ્ટર નાઈસ ગાય' (હવે હું નરમાશ નહીં રાખું).

3. ઈરાને UNમાં અમેરિકાની ફરિયાદ કરી: ઈરાને સંયુક્ત રાષ્ટ્રમાં ફરિયાદ કરીને અમેરિકા પર જહાજ જપ્ત કરવાનો અને 38 લાખ બેરલ ઓઈલ પચાવી પાડવાનો આરોપ લગાવ્યો છે.

4. લેબનોનમાં 12 લાખ લોકો પર ભૂખમરો તોળાયો: UN સાથે જોડાયેલા રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે યુદ્ધ, વિસ્થાપન અને આર્થિક દબાણને કારણે લેબનોનમાં 12 લાખથી વધુ લોકો ખાદ્ય સંકટનો સામનો કરી શકે છે.

5. ભારત-ઈરાન વિદેશ મંત્રીઓની ફોન પર વાતચીત: વિદેશ મંત્રી એસ. જયશંકર અને ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચીએ યુદ્ધવિરામ, દ્વિપક્ષીય સંબંધો અને પ્રાદેશિક પરિસ્થિતિ પર ફોન પર ચર્ચા કરી હતી.

સંયુક્ત આરબ અમીરાતે (UAE) પોતાના નાગરિકોના ઈરાન, લેબનાન અને ઈરાકની યાત્રા પર પ્રતિબંધ લગાવી દીધો છે. દેશના વિદેશ મંત્રાલય દ્વારા આજે જારી કરવામાં આવેલી જાહેરાતમાં પ્રાદેશિક ઘટનાક્રમોનો હવાલો આપતા તે દેશોમાં રહેતા અથવા હાલમાં ત્યાં પ્રવાસ કરી રહેલા અમીરાતીઓને તાત્કાલિક તે દેશો છોડવા અને ઘરે પરત ફરવા માટે આગ્રહ કરવામાં આવ્યો છે.

ટ્રમ્પનું કહેવું છે કે ઈરાન સાથેની વાટાઘાટોની સ્થિતિ વિશે માત્ર થોડા જ લોકોને ખબર છે. મને લાગે છે કે ઈરાન વિશે સૌથી ચોંકાવનારી વાત કદાચ એ છે કે જ્યારે તેમને વાટાઘાટો અટકી પડવા અંગે પૂછવામાં આવ્યું, ત્યારે તેમણે કહ્યું: 'તમને આ ખબર નથી. વાટાઘાટોની સ્થિતિ વિશે માત્ર થોડા જ લોકોને જાણ છે. તે લોકોમાં મારા સિવાય અન્ય કેટલાક લોકો પણ સામેલ છે.'

તેમણે એમ પણ કહ્યું કે ઈરાન સમજૂતી કરવા માટે બેતાબ (આતુર) છે. છેલ્લા છ અઠવાડિયામાં ઘણી વખત અમે પ્રશાસન પાસેથી સાંભળ્યું છે કે ઈરાન જાહેરમાં જે કહે છે, તે ખાનગીમાં અમેરિકનોને કહેતા નથી. ટ્રમ્પે આજે ફરી આ તરફ ઈશારો કરતા કહ્યું કે નાકાબંધીના કારણે ઈરાન સંઘર્ષ કરી રહ્યું છે. આ વ્યવસ્થાને યથાવત રાખી શકાય છે અને તેહરાન એક સમજૂતીની શોધમાં છે. ઈરાનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા ઈસ્માઈલ બગાઈએ ઈઝરાયલ પર ગાઝા જઈ રહેલા 'ગ્લોબલ સુમુદ ફ્લોટિલા'માં સવાર કાર્યકર્તાઓને રોકીને અટકાયતમાં લેવાનો આરોપ લગાવ્યો છે અને કહ્યું છે કે ઈઝરાયલે દરિયાઈ લૂંટફાટનું કામ કર્યું છે. ઈરાનના IRIB પ્રસારણકર્તા દ્વારા પ્રસારિત ટિપ્પણીઓમાં, બગાઈએ જણાવ્યું હતું કે જહાજ પર ઈઝરાયલનો હુમલો માનવતાના જાગ્રત અંતરાત્મા પર પ્રહાર છે.

## અમેરિકા-ઈઝરાયેલ પર વાદળો ચોરવાનો આરોપ : ઈરાકી સાંસદે કહ્યું - આનાથી મિડલ ઈસ્ટમાં દુષ્કાળ પડે છે

### ઈરાન સામે યુદ્ધમાં વ્યસ્ત થયા તો વરસાદ પાછો આવ્યો

ઈરાન યુદ્ધ વચ્ચે ઈરાકી સાંસદ અબ્દુલ્લા અલ-ખૈખાનીએ અમેરિકા અને ઈઝરાયેલ પર મિડલ ઈસ્ટમાં વાદળો ચોરવાનો આરોપ લગાવ્યો છે. અબ્દુલ્લા અલ-ખૈખાનીએ એક ઈન્ટરવ્યુમાં કહ્યું કે અમેરિકા અને ઈઝરાયેલ ઘણા વર્ષોથી વિમાનોની મદદથી મિડલ ઈસ્ટમાં વાદળો ચોરતા રહ્યા છે. તેમણે કહ્યું કે આ જ કારણોસર આ ક્ષેત્રમાં લાંબા સમયથી દુષ્કાળ પડી રહ્યો હતો. નિવેદન સામે આવ્યા બાદ સોશિયલ મીડિયા પર આ દાવાને લઈને ચર્ચાઓ અને અફવાઓ તેજ બની ગઈ. હવામાન નિષ્ણાતોએ કહ્યું કે એવી કોઈ ટેકનિક અસ્તિત્વમાં નથી, જેનાથી વાદળોની ચોરી કરી શકાય. ઈરાક હવામાન વિભાગના પ્રવક્તા અમ્ર અલ-જાબીરીએ આ દાવાને ન તો વૈજ્ઞાનિક ગણાવ્યો અને ન તો તાર્કિક. તેમણે કહ્યું કે ગયા વર્ષે સપ્ટેમ્બરમાં જ અનુમાન લગાવી લેવામાં આવ્યું હતું કે 2026 ઈરાક માટે વરસાદી વર્ષ રહેશે. નિષ્ણાતોએ હવામાન સંબંધિત ખોટા દાવાઓ અને ષડયંત્રના સિદ્ધાંતોથી બચવાની અપીલ કરી છે. અલ-ખૈખાનીએ દાવો કર્યો છે કે મિડલ ઈસ્ટમાં હવામાન



બદલનારા હથિયારનો ઉપયોગ કરીને દુષ્કાળ પેદા કરવામાં આવ્યો. તેમણે આરોપ લગાવ્યો કે વાતાવરણમાં ફેરફાર કરીને જાણી જોઈને વરસાદ રોકવામાં આવ્યો. BBCના રિપોર્ટ મુજબ, ખૈખાનીએ કહ્યું કે 'એટમોસ્ફેરિક મોડિફિકેશન વેપન'નો ઉપયોગ કરવામાં આવ્યો. તેમણે દાવો કર્યો કે આ ટેકનિકથી વાતાવરણમાં ફેરફાર કરીને મિડલ ઈસ્ટમાં દુષ્કાળ પેદા કરવામાં આવ્યો. તુર્કીયેમાં ભારે વરસાદને પણ કેટલાક લોકોએ આ જ કથિત ષડયંત્ર સાથે જોડી દીધો.

## ન્યૂઝ બ્રિફ

### બેંગલુરુમાં ભારે વરસાદ, હોસ્પિટલની દીવાલ પડવાથી 7 મોત:તેમાં 3 બાળકોનો સમાવેશ

બેંગલુરુમાં બુધવારે ભારે વરસાદ વચ્ચે હોસ્પિટલની દીવાલ પડવાથી 7 લોકોના મોત થયા. મૃતકોમાં 3 બાળકો પણ સામેલ છે. 7 ઘાયલોને બચાવવામાં આવ્યા છે. પ્રારંભિક માહિતી અનુસાર, ભારે વરસાદને કારણે બોવરિંગ એન્ડ લેડી કર્ઝન હોસ્પિટલની દીવાલ નબળી પડી ગઈ હતી. જોકે, પ્રશાસને કહ્યું છે કે દુર્ઘટનાના કારણોની તપાસ કરવામાં આવી રહી છે. મુખ્યમંત્રી સિદ્ધારમૈયાએ ઘટનાસ્થળે પહોંચીને સ્થિતિનો તાગ મેળવ્યો અને મૃતકોના પરિવારજનો માટે 5-5 લાખ રૂપિયાના વળતરની જાહેરાત કરી. પ્રારંભિક માહિતી અનુસાર, ભારે વરસાદને કારણે બોવરિંગ એન્ડ લેડી કર્ઝન હોસ્પિટલની દીવાલ નબળી પડી ગઈ હતી. જોકે, પ્રશાસને કહ્યું છે કે દુર્ઘટનાના કારણોની તપાસ કરવામાં આવી રહી છે.

### રાજસ્થાન-દિલ્હીમાં અડધો દિવસ લૂ, અડધો દિવસ વરસાદ:4 રાજ્યોમાં વાવાઝોડા-વરસાદનું રેડ એલર્ટ

છેલ્લા 24 કલાકમાં દેશમાં અલગ-અલગ હવામાન જોવા મળ્યું. પંજાબ, હરિયાણા, ચંદીગઢ, દિલ્હી, મધ્ય પ્રદેશ, રાજસ્થાન અને ગુજરાતમાં ઘણી જગ્યાએ તાપમાન 40 થી 46C ની વચ્ચે રહ્યું. જોકે, વાવાઝોડા અને હળવા વરસાદને કારણે ઘણા વિસ્તારોમાં તાપમાન 2 થી 3C સુધી ઘટી ગયું. યુપીનું બાંદા 45.8C સાથે સૌથી ગરમ રહ્યું. રાજસ્થાન-મધ્ય પ્રદેશના મોટાભાગના જિલ્લાઓમાં તાપમાન 40C થી વધુ રહ્યું. એમપીમાં ભોપાલ અને સીધી સૌથી વધુ ગરમ રહ્યા. અહીં તાપમાન 43C થી વધુ રહ્યું. આ તરફ, પશ્ચિમ બંગાળ, સિક્કિમ અને પૂર્વોત્તરના તમામ 7 રાજ્યોમાં ભારે વરસાદ થયો. મિઝોરમમાં સતત ભારે વરસાદને કારણે ઘણા જિલ્લાઓમાં સ્કૂલો બીજા દિવસે પણ બંધ રહી. ખરાબ હવામાનને કારણે કેદારનાથ ધામ, ફાટા, સોનપ્રયાગ, સર્સી અને ગુપ્તકાશીમાં હેલિકોપ્ટર સેવાઓ રોકી દેવામાં આવી છે. હવામાન વિભાગે બિહાર, ઝારખંડ, બંગાળ, સિક્કિમ, ઓડિશા, અરુણાચલ પ્રદેશમાં વાવાઝોડા, વરસાદ અને કરા પડવા માટે ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે.

### ઈરાનને પરમાણુ અપ્રસાર સંધિના ઉપાધ્યક્ષ બનાવવા પર વિવાદ:અમેરિકી અધિકારીઓએ કહ્યું- આ સંગઠનનું અપમાન

ઈરાન અને અમેરિકા વચ્ચે પરમાણુ કાર્યક્રમને લઈને યુદ્ધ જેવી સ્થિતિ સર્જાઈ છે. આ દરમિયાન એક રસપ્રદ સમાચાર સામે આવ્યા છે. ઈરાનને પરમાણુ અપ્રસાર સંધિ (NPT)ના ઉપાધ્યક્ષ તરીકે પસંદ કરવામાં આવ્યા છે. આ નિર્ણય ન્યૂયોર્કમાં સંયુક્ત રાષ્ટ્રમાં ચાલી રહેલી NPTની 11મી રિવ્યુ કોન્ફરન્સમાં લેવામાં આવ્યો હતો. આ કોન્ફરન્સ 5 વર્ષમાં એકવાર યોજાય છે. સંમેલનના અધ્યક્ષ અને વિયેતનામના રાજદૂત દો હુંગ વિયેતે જણાવ્યું કે ઈરાનનું નામ 'બિનજોડાણવાદી દેશોના જૂથ' તરફથી આવ્યું હતું. આ જૂથમાં ભારત સહિત 100થી વધુ દેશો છે. અમેરિકાના એક અધિકારી ક્રિસ્ટોફર યેઓએ તેને NPT માટે અપમાન ગણાવ્યું. તેમનું કહેવું છે કે ઈરાન લાંબા સમયથી પરમાણુ હથિયારો બનાવવાનો પ્રયાસ કરી રહ્યું છે.

## જગત પારેખ, હાર્દિક હુડિયા અને વિક્રમ બાફનાની ટોળકીનો પર્દાફાશ: ભક્તિના ઓઠા હેઠળ ખંડણીખોરીનું સામ્રાજ્ય!

# જૈન શાસનમાં જગતનો આતંક: હનીટ્રેપ અને બ્લેકમેલિંગના ખેલમાં ક્યાં સુધી પીસાશે જૈન સંઘ?

• [ન્યૂઝ ડેસ્ક – અમદાવાદ/સૂરત]

જે ધર્મ અહિંસા પરમો ધર્મનો નારો વિશ્વને આપે છે, જે જૈન સમાજ પોતાની પરસેવાની કમાણી સમાજ સેવા અને જીનાલયોમાં અર્પણ કરી દે છે, આજે એ જ સમાજ કેટલાક નરપિશાચોના નિશાને છે. ધર્મના નામે ધતિંગ અને સેવાની આડમાં સેટલમેન્ટ કરનારી ટોળકીએ હવે હદ વટાવી દીધી છે. પાક્કો ગુજરાત આજે એવા ચહેરાઓને ખુલ્લા પાડે છે જેમના મનમાં ભગવાન મહાવીર માટે આસ્થા નહીં, પણ જૈન શ્રેષ્ઠીઓની સંપત્તિ માટે લાલચ છે.

સનસનીખેજ ખુલાસો: આસ્થાના નામે ઉઘાડી લૂંટ!

સૂત્રોના જણાવ્યા અનુસાર, ગુજરાતમાં અત્યારે એક એવું ક્રિમિનલ સિન્ડિકેટ સક્રિય થયું છે જેનો ટાર્ગેટ માત્ર અને માત્ર જૈન સંઘો અને નવા બનતા જીનાલયો છે. આ ટોળકીની કામ કરવાની પદ્ધતિ કોઈ પ્રોફેશનલ ગેંગસ્ટરથી ઓછી નથી:




* કાયદાકીય અડચણનો ડર: જ્યાં પણ ભવ્ય જીનાલયનું નિર્માણ થાય, ત્યાં ગેરકાયદેસર બાંધકામની ખોટી અરજીઓ કરીને કામ અટકાવવું.

* હનીટ્રેપનું ગંદું જાળ: સમાજના પ્રતિષ્ઠિત ટ્રસ્ટીઓ અને દાતાઓને ફસાવવા માટે યુવતીઓનો ઉપયોગ કરી હનીટ્રેપ રચવી.

* કરોડોની સેટલમેન્ટ ડિમાન્ડ: ફરિયાદ પાછી ખેંચવા અને બદનામી ન કરવાના બદલામાં કરોડો રૂપિયાની ખંડણી માંગવી.

* મુનિ ભગવંતો પર હુમલા: હદ તો ત્યારે થાય છે જ્યારે આ પાપીઓ જૈન સંતોના વિહાર દરમિયાન પણ વિઘ્ન નાખતા અને હુમલા કરતા અચકાતા નથી.

કોણ છે આ કાળા સામ્રાજ્યનો ખલનાયક?

તપાસના તાર સીધા અમદાવાદના જગત પારેખ તરફ જાય છે. આ એજ જગત પારેખ છે જેના પર અગાઉ પણ અનેક પોલીસ કેસો નોંધાયેલા છે. તેની સાથે હાર્દિક હુડિયા અને વિક્રમ બાફના જેવા નામો જોડાયેલા છે, જેઓ ધર્મની આડમાં ડાકુ જેવું કામ કરી રહ્યા છે. સુરતના વસુ જૈન જીનાલયમાં પણ આ ટોળકીએ એડીચોટીનું જોર લગાવ્યું હતું, પણ જૈન સમાજની એકતા સામે આ ભેદી ટોળકીએ ઘૂંટણ ટેકવવા પડ્યા હતા.

પાક્કો ગુજરાતના તીખા સવાલ:

1. જગત પારેખ એન્ડ કંપનીને: શું ભગવાન મહાવીરના શાસનમાં હવે ગુંડાઓ શરતો નક્કી કરશે? જૈન સમાજની આસ્થા શું તમારા માટે એટીએમ મશીન છે?

2. પોલીસ અને ગૃહ વિભાગને: એક જાહેર ગુનેગાર આખા સમાજને બ્લેકમેલ કરી રહ્યો છે, છતાં તંત્ર કેમ મૌન છે? શું કોઈ મોટી હોનારતની રાહ જોવાય છે?

3. જૈન સમાજને અપીલ: ક્યાં સુધી ડરીને આ ભક્ષકોને ખંડણી આપતા રહેશો? આ મૌન જ આ ગુંડાઓનું હથિયાર છે. હવે જાગવાનો અને આતંકને જડબાતોડ જવાબ આપવાનો સમય આવી ગયો છે.

સંપાદકીય પ્રહાર: હવે પાપનો ઘડો ભરાયો છે!

મહાવીરનો ન્યાય મોડો હોઈ શકે પણ અચૂક હોય છે. જે લોકો ધર્મના સ્તંભોને હલાવવાની કોશિશ કરી રહ્યા છે, તેમને યાદ અપાવી દઈએ કે જૈન સમાજની શાંતિને તેની નબળાઈ ન સમજવી. પાક્કો ગુજરાત માંગ કરે છે કે આ ગેંગ પર તાત્કાલિક ગુન્ડા એક્ટ હેઠળ કાર્યવાહી કરવામાં આવે અને તેમનો સામાજિક બહિષ્કાર કરવામાં આવે.

ખબરદાર! જો આસ્થા પર આંગળી ચીંધી છે તો, પાક્કો ગુજરાત તમારા કાળા કરતૂતોને પાતાળમાંથી પણ શોધીને બહાર લાવશે.

– ટીમ પાક્કો ગુજરાત

### MPના ધારમાં પિકઅપ વાહન પલટ્યું, 16નાં મોત:ટાયર ફાટ્યા પછી સ્કોર્પિયો સાથે અથડાયો

• ધાર

મધ્ય પ્રદેશના ધારમાં ટાયર ફાટવાથી અનિયંત્રિત થઈને પિકઅપ વાહન ડિવાઈડર પર ચડીને પલટી ગયું. વાહને 3-4 વાર પલટી ખાધી. આ દરમિયાન રસ્તાની બીજી બાજુ જઈને સ્કોર્પિયો સાથે પણ અથડાયું. અકસ્માતમાં 16 લોકોના મોત થયા, 13 ઘાયલ છે. મૃતકોમાં 6 બાળકો પણ સામેલ છે. અકસ્માત ઈન્દોર અમદાવાદ રાષ્ટ્રીય ધોરીમાર્ગના ચિકલિયા ફાટા પર જિયો પેટ્રોલ પંપ પાસે બુધવારે રાત્રે લગભગ સાડા 8 વાગ્યે થયો. પ્રાથમિક માહિતી મુજબ, પિકઅપમાં 35 મજૂરો સવાર હતા. ધાર જિલ્લા હોસ્પિટલના ડ્યુટી ડોક્ટર છત્રપાલ સિંહે જણાવ્યું કે 7 ઘાયલોને ગંભીર હાલતમાં ઈન્દોરની એમવાય હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યા છે. મૃતકોની સંખ્યા વધવાની આશંકા છે. એસપી મયંક અવસ્થીએ કહ્યું- પિકઅપ વાહન તેજ ગતિમાં હતું. ડ્રાઈવરનો કાબૂ છૂટી જતાં વાહન ત્રણ-ચાર વાર પલટાયું. આ દરમિયાન રસ્તાની બીજી તરફ જઈને સ્કોર્પિયો સાથે અથડાઈ ગયું. પ્રત્યક્ષદર્શી શુભમ સિસોદિયાએ કહ્યું- અકસ્માત સમયે હું ઘટનાસ્થળથી થોડે જ દૂર હાજર હતો. સ્કોર્પિયો માંગુદથી ધાર તરફ જઈ રહી હતી જ્યારે પીકઅપ વાહન ધારથી માંગુદ તરફ આવી રહ્યું હતું. આ દરમિયાન અચાનક પીકઅપનું ટાયર ફાટ્યું. અનિયંત્રિત થઈને પીકઅપ ડિવાઈડરને પાર કરીને રોંગ સાઈડમાં આવી ગયું અને સામેથી આવી રહેલી સ્કોર્પિયો સાથે અથડાયું. પછી પલટી ગયું.

## રાષ્ટ્રપતિ ટ્રમ્પ સાથે ટકરાવથી ઈટાલીના વડાપ્રધાનને રાજકીય ફાયદો: ટીકાથી મેલોનીની છબી મજબૂત થઈ

• રોમ

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને રશિયન મીડિયાની તીખી ટિપ્પણીઓએ ઈટાલીના રાજકારણને નવો વળાંક આપ્યો છે. આ હુમલાઓ વડાપ્રધાન જ્યોર્જિયા મેલોની માટે નુકસાનકારક બનવાને બદલે તેમની ઢાલ બની ગયા છે. જનતામાં એવો સંદેશ ગયો છે કે તેમની સરકાર વિદેશી દબાણ સામે ઝૂકતી નથી. આ નિવેદનો પછી મેલોનીની લોકપ્રિયતાનો ગ્રાફ ફરીથી ઉપર ચઢી રહ્યો છે, જેણે તેમના કટ્ટર વિરોધીઓને પણ રાષ્ટ્રીય સાર્વભૌમત્વના મુદ્દે સરકારના સમર્થનમાં ઊભા કરી દીધા છે.

ટ્રમ્પ સાથેનો ટકરાવ આ બદલાવની શરૂઆત બન્યો. ટ્રમ્પે તાજેતરમાં પોપ પર કરેલી પોતાની ટિપ્પણીનો વિરોધ કરવા બદલ મેલોનીના નિવેદનોને 'અસ્વીકાર્ય' ગણાવ્યા. તેમણે ત્યાં સુધી કહ્યું કે ઈરાન પાસે પરમાણુ હથિયાર છે અને તક મળ્યે તે બે મિનિટમાં ઈટાલીને ઉડાવી દેશે. તેના જવાબમાં મેલોનીએ કહ્યું કે તેમની સરકાર કોઈ બાહ્ય દબાણમાં કામ કરતી નથી, ન કોઈ માલિક છે અને ન કોઈ આદેશ આપનાર.

બીજી તરફ, રશિયન ટીવી વિશ્લેષક વ્લાદિમીર સોલોવ્યોવે અપમાનજનક ટિપ્પણી કરતા મેલોનીને યુક્રેન સમર્થક અને ટ્રમ્પથી અંતરને વિશ્વાસઘાત ગણાવ્યું. નિવેદન બાદ ઈટાલી સરકારે રશિયન રાજદૂતને બોલાવીને વિરોધ નોંધાવ્યો. ખાસ વાત એ રહી કે રાજકીય મતભેદ હોવા છતાં રાષ્ટ્રપતિ સર્જિયો મત્તારેલા અને વિપક્ષી નેતા એલી શ્લાઈન પણ સરકારના સમર્થનમાં સામે આવ્યા. તેનાથી ઘરેલું રાજકારણમાં એકતાનો સંદેશ ગયો.

આ ઘટનાઓ વચ્ચે મેલોનીએ પોતાના નિર્ણયોથી એ સંકેત આપવાનો પ્રયાસ કર્યો કે તેમની સરકાર સ્વતંત્ર નીતિ પર ચાલી રહી છે. તેમણે ઈઝરાયલ સાથેના સંરક્ષણ કરારના સ્વતઃ નવીકરણને રોકવાનો નિર્ણય કર્યો અને સ્પષ્ટ કહ્યું કે જ્યાં મતભેદ હશે, ત્યાં તે મુજબ પગલાં લેવામાં આવશે. આ વલણ ઘરેલું સ્તરે અસરકારક રહ્યું.

ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો: 9662420070

# ગુજરાત મોરી મોરી પણ હવે ગોરી ગોરી

ગુજરાત રાજ્યની સ્થાપના 1 મે 1960 ના રોજ થઈ એ મહાનુભાવો કે જેમણે મહાગુજરાત ચળવળ ચલાવી અને મુંબઈ રાજ્યમાંથી ગુજરાતને પોતાની એક અલગ ઓળખ આપી એવા ઈન્દુલાલ યાજ્ઞિકથી શરૂ કરીને આપણાં ડો. જીવરાજ મહેતા જેવા મહાનુભાવોને યાદ કરવા જોઈએ કે જેમણે ગુજરાત અને ગુજરાતીઓ માટે પોતાનો જીવ રડ્યો અને ગુજરાતને સમગ્ર દુનિયામાં ભાષા, સંસ્કૃતિ અને સાહસથી તેને નામ આપ્યું.

6 કરોડ થી પણ વધુ વસ્તી ધરાવતા રાજ્યમાં હવે ચમચમાટ કરતા દ્રુમ ગતિમાર્ગ આકાર લઈ રહ્યાં છે. સમય અને શક્તિઓ કામ લાગે ત્યારે એક અવ્વલ ગુજરાતી એવા નરેન્દ્ર મોદી ફરી ગુજરાતને મળે છે કે જે સમગ્ર દેશને નેતૃત્વ આપે છે. એટલું જ નહીં ગુજરાત જે રીતે રાષ્ટ્રીય કક્ષાએ નેતૃત્વ વિહીન હતું તેને પ્રાણ પૂરવાનું કામ આ શખ્સિયત કરે છે. જેથી વીજળી, ઉદ્યોગો, રેલવે, શિક્ષણ, આરોગ્ય, માળખાગત સગવડતાઓ, વિમાન પ્રાધિકરણ વગેરે જેવી સુવિધાઓને પોતાના ઘર તરફ નાળિયેર ફેંકવાની સેવા તેમના દ્વારા થતી રહે છે. તેનાથી ગુજરાત પોતાની ઊંચાઈઓ કરતા પણ મોટું કદ પ્રાપ્ત કરે છે. છેલ્લા દસ વર્ષમાં ગુજરાત ઉદ્યોગોના આમંત્રણ માટે નોંધપાત્ર કામગીરી કરી છે. આંકડાઓની ઝંઝાળમાં નથી જવું પણ વ્યક્તિ દીઠ આવકમાં ગુજરાતના અન્ય રાજ્યો કરતા પણ મોખરાના રાજ્ય તરીકે સિંહાસન પર બિરાજી રહ્યું છે તેનો આનંદ છે.

નર્મદા જેવી આપણી જીવા દોરી કચ્છને હરિયાળું કરવા માટે તેના ચરણ પખાળી રહી છે. સૌરાષ્ટ્ર જ્યાં પાણી માટે ટ્રેનનો ચલાવવી પડતી હતી ત્યાં આજે તળાવો પાણીના હેલ્લારાથી ઘુઘવટા કરી રહ્યાં છે. વીજળી અને ઉદ્યોગોના ક્ષેત્રમાં પણ આપણે ગૌરવ કરીને કોલર ઊંચો કરી શકીએ છીએ.

અમેરિકા, યુરોપ અને બીજા વિકસિત દેશોમાં ગુજરાતી પહોંચ્યો છે અને ત્યાં પણ હૂંડિયામણ પોતાના દેશ પોતાના રાજ્ય ગામ અને વિસ્તાર માટે ખેંચી રહ્યો છે. તેનાથી એ વિસ્તારની સમૃદ્ધિ 16 કરતાં પણ એક વધુ કળા એક ખીલી રહી છે.ગુજરાત મુંબઈથી જે રીતે જુદું પડ્યું અને મોરારજી દેસાઈ સહિત બધાં જ લોકોએ તેને એક અવાજે સંમતિ આપી દીધી તેથી ગુજરાતની એક ભાગીદારી ઓછી થઈ અને પોતાની સ્વતંત્ર પહેચાન બનાવી શકાઈ.કદાચ આ વિકાસની વ્યવહારની વાત જો ગુજરાત સ્વતંત્ર ન હોત તો કદાચ સંભવ છે કે કેમ તેના પર સવાલ ઊભો થાય.

એક ગુજરાતી તરીકે આપણે સૌ ગુજરાત સ્થાપના દિનની પૂર્વ શ્રદ્ધાએ 66 માં વર્ષે માં સમાન માતૃભૂમિને પ્રણામ અને વંદન કરીએ છીએ.ફરી તેમના અલગ અને અવ્વલ એવા મિજાજના દર્શન કરવા આતુર છીએ.

જય જય ગરવી ગુજરાત

--તખુભાઈ સાંડસુર

## સૌરાષ્ટ્ર કચ્છના ડેમોમાં પાણીની ચિંતાજનક સ્થિતિ ચોમાસુ ખેંચાય તો સૌની યોજના એકમાત્ર સહારો

• ગાંધીનગર

રાજ્યમાં એક તરફ હાલ કાળઝાળ ગરમી પડી રહી છે તો બીજી તરફ જળાશયોમાં પાણીનું સ્તર ઘટી રહ્યું છે. રાજ્યમાં સરદાર સરોવર સહિત 207 જળાશયોમાં હાલ 60 ટકા જળસંગ્રહ થયેલો છે. જો કે, સૌરાષ્ટ્રના જાળાશયોમાં 44 ટકા અને કચ્છના જળાશયોમાં 36 ટકા જ જથ્થો બચ્યો હોય ચિંતાજનક સ્થિતિ છે. જો આગામી ચોમાસુ મોડુ બેસે તો આ બંને ઝોનમાં પાણીની ખેંચ પડી શકે છે અને આ ઝોન જિલ્લાઓમાં સરકારે સૌની યોજનાથી વધુ પાણી પહોંચાડવું પડી શકે છે. જળાશયોની ક્ષમતા મુજબની સ્થિતિ પર નજર કરીએ તો માત્ર 2 જળાશયો 100% કે તેથી વધુ ભરાયેલા છે. 70% થી 100% વચ્ચે 19 જળાશયો છે.

**લટકાવ્યો!** કેસની સુનાવણી સીધી વર્ષ 2046માં હાથ ધરવામાં આવશે

# અહંકારનો અતિરેક: 90 વર્ષના વૃદ્ધાનો 20 કરોડનો કેસ હાઈકોર્ટે 20 વર્ષ માટે લટકાવ્યો!

### હાઈકોર્ટે અગાઉ પક્ષકારોને સુલેહ કરવા અને બિનશરતી માફી માંગીને કેસ પૂરો કરવા સૂચન આપ્યું હતું

• મુંબઈ | વિધિ સંવાદદાતા

ન્યાયતંત્ર પર કેસોના વધતા ભારણ અને પક્ષકારોના અંગત અહંકાર (EGO) સામે બોમ્બે હાઈકોર્ટે એક એવો આકરો નિર્ણય લીધો છે જેની ચર્ચા આખા દેશમાં થઈ રહી છે. જસ્ટિસ જિતેન્દ્ર એસ. જૈને એક 90 વર્ષના વૃદ્ધા દ્વારા દાખલ કરાયેલા 20 કરોડ રૂપિયાના માનહાનિના કેસને આગામી 20 વર્ષ માટે સ્થગિત કરી દીધો છે. હવે આ કેસની સુનાવણી સીધી વર્ષ 2046માં હાથ ધરવામાં આવશે.

શું હતો સમગ્ર વિવાદ?

આ વિવાદની શરૂઆત વર્ષ 2015માં મુંબઈની 'શ્યામ કો-ઓપરેટિવ હાઉસિંગ સોસાયટી'ની વાર્ષિક સાધારણ સભા (AGM) દરમિયાન થઈ હતી. સભામાં થયેલી સામાન્ય બોલાચાલીને પગલે 90 વર્ષીય તારિણીબેન અને 57 વર્ષીય ધ્વનિ દેસાઈએ વર્ષ 2017માં કિલિકિલરાજ ભણસાલી અને અન્ય વિરુદ્ધ કોર્ટમાં દાવો માંડ્યો હતો. તેમનો આરોપ હતો કે આ ઘટનાથી તેમને ભારે માનસિક ત્રાસ થયો છે, જેના બદલામાં તેમણે વ્યાજ સાથે 20 કરોડ રૂપિયાના વળતરની



માંગ કરી હતી.

કોર્ટની વેધક ટિપ્પણી: 'સિસ્ટમને જામ કરી રહી છે ઈગોની લડાઈ'

કેસની સુનાવણી દરમિયાન જસ્ટિસ જૈને નોંધ્યું કે આ કાયદાકીય લડાઈ ઓછી અને અંગત અહંકારનું પ્રદર્શન વધુ છે. તેમણે અત્યંત ગંભીર શબ્દોમાં ટિપ્પણી કરતા કહ્યું:

'આ એવા કેસોમાંનો એક છે જ્યાં જીવનના અંતિમ તબક્કે પહોંચેલા પક્ષકારોના અહંકારની લડાઈ આખી ન્યાયિક વ્યવસ્થાને જામ કરી દે છે. આના કારણે અદાલત એવા મહત્વના કેસો પર ધ્યાન નથી આપી શકતી જેમને ખરેખર ન્યાયની જરૂર છે.'

માફીનો ઈનકાર અને કોર્ટનો 'ચોખ્ખો ચટ' જવાબ

હાઈકોર્ટે અગાઉ પક્ષકારોને સુલેહ કરવા અને બિનશરતી માફી માંગીને કેસ પૂરો કરવા સૂચન આપ્યું હતું. પરંતુ 90 વર્ષના વાદી આ કેસ લડવા પર મક્કમ રહ્યા. અંતે કોર્ટે સ્પષ્ટ કર્યું કે માત્ર 'સુપર સિનિયર સિટીઝન' હોવાને નાતે આવા અહંકાર પ્રેરિત કેસોને પ્રાથમિકતા આપી શકાય નહીં. કોર્ટે આ કેસને 20 વર્ષ માટે ઠંડા બસ્તામાં નાખી અન્ય કેસો માટે રસ્તો સાફ કર્યો છે.

પાક્કો ગુજરાતનો દ્રષ્ટિકોણ

જ્યારે અદાલતોમાં લાખો ગંભીર ગુનાઓના કેસ પડતર છે, ત્યારે સોસાયટીની મીટિંગના ઝઘડાને કરોડોની માનહાનિમાં ખપાવી કોર્ટનો કિંમતી સમય બગાડવો કેટલો યોગ્ય છે? બોમ્બે હાઈકોર્ટનો આ નિર્ણય એ લોકો માટે લાલબત્તી સમાન છે જેઓ કોર્ટનો ઉપયોગ અંગત વેર વાળવા માટેના હથિયાર તરીકે કરે છે.

આજનો સવાલ: શું આવા બિનજરૂરી કેસો કરનારાઓ પર તોતિંગ દંડ ફટકારવાનો સમય આવી ગયો છે? શું 2046ની તારીખ આપવી એ ન્યાયતંત્રની મજબૂરી છે કે ચેતવણી?

પરિવારની સામાજિક પ્રતિષ્ઠા પર કલંક

# ક્ષણિક મોહ કે બે પરિવારોની બરબાદી? લગ્નેતર સંબંધોના માઠા પરિણામો!

**પરિણામો!** સોશિયલ મીડિયા કે કામના સ્થળે વિજાતીય વ્યક્તિઓ સાથે વાતચીત કરતી વખતે એક ચોક્કસ મર્યાદા જાળવો

ખાસ અહેવાલ: આજના આધુનિક યુગમાં સોશિયલ મીડિયા અને બદલાતી જીવનશૈલીના કારણે સંબંધોમાં તિરાડ પડવી સામાન્ય બની ગઈ છે. પરંતુ જ્યારે આ તિરાડ 'લગ્નેતર સંબંધ' (Extra-marital Affair) નું સ્વરૂપ લે છે, ત્યારે તેની કિંમત માત્ર એક વ્યક્તિએ નહીં, પણ બે આખા પરિવારે ચૂકવવી પડે છે.

સંબંધોની મર્યાદા ઓળંગવી એટલે વિનાશની નોબત

ઘણીવાર ઓફિસમાં સાથે કામ કરતા સાથીદારો કે સોશિયલ મીડિયા પર અજાણ્યા પાત્રો સાથેની 'મિત્રતા' ક્યારે મર્યાદા ઓળંગી જાય છે તેની ખબર પણ નથી રહેતી.

* વિશ્વાસનો ભંગ: લગ્ન એ માત્ર બે વ્યક્તિનું જોડાણ નથી, પણ અતૂટ વિશ્વાસનો પાયો છે. એક ખોટું પગલું




આ વર્ષો જૂના પાયાને ક્ષણભરમાં ધરાશાયી કરી દે છે.

* બાળકોનું ભવિષ્ય ધૂંધળું: પતિ-પત્નીના વિખવાદ અને લગ્નેતર સંબંધોની સૌથી મોટી અસર માસૂમ બાળકો પર પડે છે. તેમનું માનસિક સ્વાસ્થ્ય જોખમાય છે અને તેમનું ભવિષ્ય રોળાઈ જાય છે.

પરિવારની સામાજિક પ્રતિષ્ઠા પર કલંક

જ્યારે પણ આવા સંબંધોનો પર્દાફાશ થાય છે, ત્યારે સમાજમાં જે આબરૂ કમાતા વર્ષો લાગ્યા હોય છે, તેને ધૂળમાં મળતા વાર નથી લાગતી.

'એક પળનો રોમાંચ આખી જિંદગીનો પસ્તાવો બની શકે છે. જે ઘર પ્યારથી વસાવ્યું હોય, તેને વાસનાની આગમાં હોમવું કેટલું યોગ્ય?'

કેવી રીતે બચવું આ દુષણથી?

* સંવાદ વધારો: જો જીવનસાથી સાથે કોઈ અણબનાવ હોય, તો ત્રીજી વ્યક્તિ પાસે જઈને સાંત્વના શોધવા કરતા પરસ્પર વાતચીત કરીને ઉકેલ લાવો.* મર્યાદા નક્કી કરો: સોશિયલ મીડિયા કે કામના સ્થળે વિજાતીય વ્યક્તિઓ સાથે વાતચીત કરતી વખતે એક ચોક્કસ મર્યાદા જાળવો.* પરિવારને પ્રાથમિકતા: યાદ રાખો કે મુશ્કેલીના સમયે તમારો પરિવાર જ તમારી સાથે ઉભો રહેશે, પેલી ક્ષણિક લાલચ નહીં.

પાક્કો ગુજરાતનો સંદેશ:

લગ્નેતર સંબંધ એ માત્ર બે વ્યક્તિ વચ્ચેની વાત નથી, તે બે પરિવારોની હસતી-ખેલતી દુનિયાને ઉજ્જડ કરી નાખતો શ્રાપ છે. જાગો અને તમારા પવિત્ર સંબંધોને સાચવો!

# આદિવાસી પટ્ટીમાં ઉધઈની જેમ પેસી ગઈ છે AAP: મનસુખ વસાવાના નિવેદનથી રાજકારણ ગરમાયું

### સમયસર અટકાવવામાં નહી આવે તો તે આખી આદિવાસી પટ્ટીને કોતરી ખાશે

• ભરૂચ/નર્મદા, પાક્કો ગુજરાત

ગુજરાતના આદિવાસી રાજકારણમાં ફરી એકવાર નિવેદનબાજીનો જંગ જામ્યો છે. ભાજપના વરિષ્ઠ નેતા અને સાંસદ મનસુખ વસાવાએ આમ આદમી પાર્ટી (AAP) પર આકરા પ્રહાર કરતા તેને ઉધઈ સાથે સરખાવી છે. વસાવાએ ચેતવણીના સૂરે જણાવ્યું કે, આદિવાસી વિસ્તારોમાં AAP ઉધઈની જેમ પેસી ગઈ છે અને જો તેને સમયસર અટકાવવામાં નહીં આવે તો તે આખી આદિવાસી પટ્ટીને કોતરી ખાશે.

મનસુખ વસાવાનું આ નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે નર્મદા, ભરૂચ અને દક્ષિણ ગુજરાતના આદિવાસી વિસ્તારોમાં આમ આદમી પાર્ટી ધીમે ધીમે પગપેસારો કરી રહી છે. ખાસ કરીને ચૈતર વસાવા જેવા નેતાઓના ઉદય બાદ ભાજપના આ પરંપરાગત ગઢમાં ગાબડું પડવાની ભીતિ સેવાઈ રહી છે. વસાવાના મતે, AAP માત્ર ભ્રમિત કરવાની રાજનીતિ કરી રહી છે જે આદિવાસી સમાજ માટે જોખમી છે.



બીજી તરફ, વિપક્ષ અને AAP સમર્થકોએ મનસુખ વસાવાના આ નિવેદનને અહંકારની પરાકાષ્ઠા ગણાવ્યું છે. તેમનું કહેવું છે કે આદિવાસી મતદારો અને જનતાની પસંદગીને ઉધઈ કહેવી એ લોકશાહીનું અપમાન છે. વિપક્ષી નેતાઓ માની રહ્યા છે કે ભાજપને હવે આદિવાસી પટ્ટીમાં પોતાનો પગ તળેથી જમીન સરકતી દેખાઈ રહી છે, તેથી જ આવા આકરા શબ્દોનો પ્રયોગ કરવામાં આવી રહ્યો છે.

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ નજીક છે ત્યારે આ પ્રકારના નિવેદનોથી વાતાવરણ વધુ તંગ બને તેવી શક્યતા છે. મનસુખ વસાવા હંમેશા પોતાના બેબાક નિવેદનો માટે જાણીતા છે, પરંતુ આ વખતે તેમણે સીધું જ AAPના અસ્તિત્વ પર નિશાન સાધતા રાજકીય ગરમાવો વધી ગયો છે. આગામી દિવસોમાં AAP આ મુદ્દે કેવો વળતો પ્રહાર કરે છે અને આદિવાસી સમાજ આ ઉધઈવાળા નિવેદનને કઈ રીતે લે છે, તે જોવું રસપ્રદ રહેશે.

પાક્કો ગુજરાત: જે સત્ય છે, એ જ પક્ષ છે!

# હારનો 'કરંટ' લાગ્યો? ઝાલોદના કદવાલમાં ભાજપની હાર થતા જ સ્ટ્રીટ લાઈટના થાંભલા ગાયબ!

ઝાલોદ: કહેવાય છે કે લોકશાહીમાં જનતા જનાર્દન છે, પણ દાહોદના ઝાલોદ તાલુકાના કદવાલ ગામે કંઈક અલગ જ 'ચમત્કાર' જોવા મળ્યો છે. અહીં ગ્રામ પંચાયતની ચૂંટણીના પરિણામો આવતાની સાથે જ ગામની રોશની પણ જતી રહી છે. ગ્રામજનોનો ગંભીર આક્ષેપ છે કે ચૂંટણીમાં ભાજપ સમર્થિત પેનલની હાર થતા જ નેતાજીના માણસો સ્ટ્રીટ લાઈટના થાંભલા જ ઉખેડી ગયા!

ચૂંટણી હાર્યા ને રોશની ગઈ!

કદવાલ ગામમાં વિકાસના વાયદાઓ સાથે નાખવામાં આવેલી સ્ટ્રીટ લાઈટો હવે માત્ર કાગળ પર કે ખાડાઓમાં રહી ગઈ હોય તેવું લાગે છે. ગ્રામજનોના જણાવ્યા અનુસાર:* ચૂંટણી પહેલા ગામને ઝગમગતું કરવા માટે થાંભલા નાખવામાં આવ્યા હતા. * પરિણામમાં ભાજપના ઉમેદવારની હાર થતા કાર્યકરોમાં રોષ જોવા મળ્યો. * હારના થોડા જ સમયમાં જે થાંભલા લાગ્યા હતા, તેને જેસીબી કે અન્ય સાધનો વડે ઉખેડીને લઈ જવામાં આવ્યા. * 'વોટ ના આપ્યા તો શું અજવાળું પણ નહીં? હાર એટલી આકરી લાગી કે ગામને અંધારામાં ધકેલી દીધું!' – કદવાલના એક રોષે ભરાયેલા ગ્રામજન.

આ ઘટનાનો વીડિયો અને ફોટા વાયરલ થતા જ સોશિયલ મીડિયા પર લોકો મજા લઈ રહ્યા છે. કોઈ લખી રહ્યું છે કે, 'આ તો લોકશાહીનો અનોખો બદલો,' તો કોઈ કહી રહ્યું છે કે, 'હાર પચાવવી બધાના બસની વાત નથી.'

તંત્ર મૌન, જનતા પરેશાન

હાલ તો ગામમાં સ્ટ્રીટ લાઈટના સ્થાને માત્ર ખાડા જોવા મળી રહ્યા છે. શું આ વિકાસના કામો માત્ર વોટ મેળવવા માટે જ હતા? જો હાર થાય તો શું જનતા પાસેથી સુવિધાઓ પાછી ખેંચી લેવી એ નૈતિક છે? આવા અનેક સવાલો અત્યારે દાહોદના રાજકારણમાં ગરમાવો લાવી રહ્યા છે.

અહેવાલ: પાક્કો ગુજરાત ન્યૂઝ ડેસ્ક

## 105 દિવસ રોજા રાખનાર ડોક્ટર પરવેઝભાઈ ખત્રી ની દીકરી આયાત ઉંમર વર્ષ 10 રોજા રાખવા બદલ પરિવાર અને સગાહ સંબંધીઓ દ્વારાહાર્દિક મુબારકબાદ પાઠવી



• ફકીરા ખત્રી ડભોઈ

ડભોઈ ખત્રી સમાજની દસ વર્ષની દીકરીએ પવિત્ર રમજાન માસમાં 30 રોજા અને તે પહેલા અને ત્યાર પછીના કુલ સાડા ત્રણ મહિનાના એટલે 105 દિવસ રોજા રાખનાર ડોક્ટર પરવેઝભાઈ ખત્રી ની દીકરી આયાત ઉંમર વર્ષ 10 રોજા રાખવા બદલ પરિવાર અને સગાહ સંબંધીઓ દ્વારાહાર્દિક મુબારકબાદ પાઠવી હતી અને આ ખુશીના મોકા પર પરિવાર દ્વારા સમાજનો જમવા સાથે ભવ્ય સત્કાર સમારંભ રાખવામાં આવ્યો હતો.પવિત્ર રમજાન માસના સમય પહેલા એક માસના અને ત્યાર પછી રમજાન માસના એક માસના રોજા અને ત્યાર પછી બીજા દોઢ માસના આમ 105 દિવસ રોજા રાખી અલ્લાહની બંદગી કરનાર ડોક્ટર પરવેઝ ખત્રી અને આરીફા બેન ખત્રી ના દીકરી આયાત ઉંમર વર્ષ 10 ડભોઈ કુંભારવાડા તથા ચૂડગર મોહલ્લા આયાત ક્લિનિક રહેતા શ્રદ્ધા, ઈમાન અને ઉત્સાહ સાથે સખત ગરમી વચ્ચે 105 દિવસ સાડા ત્રણ માસના રોજા રાખી અલ્લાહ તઆલાની બંદગી કરી હતી.

ક્રાઈમ સ્પેશિયલ: મોત સામે માસૂમિયતની જીત

# ફાંસીના ફાંદાથી માત્ર ગણતરીની મિનિટો દૂર હતી મા, પણ ૮ વર્ષની દીકરીના એક રહસ્યસ્ફોટે પલટી નાખી કિસ્મત!

• જયપુર

જયપુર સેન્ટ્રલ જેલના મહિલા બેરેકમાં સ્મશાન જેવી શાંતિ હતી. સફેદ સાડીમાં લપેટેલી અનુરાધા મિશ્રા પોતાની અંતિમ ક્ષણો ગણી રહી હતી. ૫ વર્ષનો લાંબો સંઘર્ષ, જેલમાં વીતાવેલી અસંખ્ય કાળી રાતો અને માથે લાગેલો 'પતિની હત્યારી'નો કલંક. પિસ્તોલ પરના ફિંગરપ્રિન્ટ્સ અને નણંદ પાયલની જુબાનીએ તેને ફાંસીના માંચડા સુધી લાવી દીધી હતી.

એક આખરી ઈચ્છા અને પથ્થર દિલ જેલરની પીગળેલી સંવેદના જેલ અધિક્ષક આર. કે. રાઠોડ, જેઓ પોતાની કડક છબી માટે જાણીતા છે, તેમના ટેબલ પર અનુરાધાની આખરી ઈચ્છા પહોંચી: 'મારે મારી ૮ વર્ષની દીકરી પરીને છેલ્લી વાર જોવી છે.' ફાઈલ મજબૂત હતી પણ રાઠોડને અનુરાધાની આંખોમાં રહેલો ખાલીપો કંઈક અલગ જ વાર્તા કહી રહ્યો હતો. માનવતાના ધોરણે 'બાળકીને લાવો'નો આદેશ છૂટ્યો.

મુલાકાતનો તે રૂમ અને ધ્રૂજાવી દેતું સત્ય

જ્યારે પરી જેલમાં પ્રવેશી ત્યારે વાતાવરણ ગમગીન હતું. ૩ વર્ષના લાંબા વિરહ બાદ મા-દીકરી મળ્યા. અનુરાધા ધ્રુસ્કે-ધ્રુસ્કે રડી રહી હતી, પણ પરીના ચહેરા પર એક અજીબ શાંતિ હતી. એ શાંતિ કોઈ તોફાન પહેલાની હતી.

માતાના કાનમાં પરીએ ધીમેથી કહ્યું:

'મા, તમે પપ્પાને નહોતા માર્યા. મેં તે રાત્રે એક માણસને પાછળના દરવાજેથી આવતા જોયો હતો. તેની ઘડિયાળ પર સાપનું નિશાન હતું... પપ્પા તેને 'બંસલ સાહેબ' કહેતા હતા!'

વકીલ, વસીયત અને વિશ્વાસઘાતનું નેટવર્ક

બાળકીના આ શબ્દોએ જેલ અધિક્ષક રાઠોડના કાન ઉભા કરી દીધા. કેસની ફાઈલમાં 'રાજીવ બંસલ' નામનો ઉલ્લેખ હતો– જે વિક્રમનો કાનૂની સલાહકાર (વકીલ) હતો. પરીએ ખુલાસો કર્યો કે કેવી રીતે તેને ડરાવવામાં આવી હતી અને તેની પોતાની ફોઈ (પાયલ) એ પણ તેને મોઢું બંધ રાખવા મીઠાઈની લાલચ આપી હતી.

નવો વળાંક: ફાંસી પર રોક!

જે ક્ષણે ફાંસીની તૈયારીઓ પૂરી થવા આવી હતી, ત્યારે જ રાઠોડનો ગર્જનાભર્યો અવાજ ગુંજ્યો– 'ફાંસી રોકી દો! જ્યાં સુધી હું ન કહું, કોઈ આ સ્ત્રીને હાથ નહીં લગાવે.' એક માસૂમ બાળકીની જુબાનીએ કાયદાના બંધ મગજ ખોલી નાખ્યા.

તપાસના મહત્વના મુદ્દાઓ જે હવે ફરી ખુલશે:

* સાપવાળી ઘડિયાળ: શું રાજીવ બંસલ પાસે આવી કોઈ મોંઘી ઘડિયાળ છે?

* નણંદની ભૂમિકા: સંપત્તિની લાલચમાં શું પાયલે પોતાની ભાભીને ફસાવી?

* બંસલની જુબાની: જે વકીલે અનુરાધા વિરુદ્ધ જુબાની આપી, શું તે પોતે જ મુખ્ય સૂત્રધાર છે?

# સુરતમાં AAPનો ગઢ ધરાશાયી! શું આપ માત્ર ભાદરવાના ભીંડા સાબિત થઈ?

• સુરત, પાક્કો ગુજરાત બ્યુરોઃ

સુરતની રાજનીતિમાં શિક્ષિત અને પ્રમાણિક હોવાનો દાવો કરતી આમ આદમી પાર્ટી (AAP)નો ફુગ્ગો ફૂટી ગયો છે. જે સુરતને AAPએ પોતાનો ગઢ ગણાવ્યો હતો, ત્યાં આજે પાર્ટીનું અસ્તિત્વ જોખમમાં છે. રાજકીય વિશ્લેષકો હવે ખુલ્લેઆમ કહી રહ્યા છે કે, આ પાર્ટીમાં ન તો ગોપાલનું જોર ચાલ્યું કે ન તો કેજરીવાલનો જાદુ.

2021ની જીતઃ પાર્ટીની નહોતી, PAASની મહેરબાની હતી!

ઈતિહાસના પાના ઉથલાવીએ તો સમજાય છે કે 2021ની મહાનગરપાલિકાની ચૂંટણીમાં જે 27 બેઠકો મળી હતી, તે AAPની વિચારધારાને લીધે નહીં પણ PAAS (પાટીદાર અનામત આંદોલન સમિતિ) ના સમર્થનને કારણે મળી હતી. પાટીદાર સમાજના રોષનો લાભ લઈને AAPએ એન્ટ્રી તો કરી, પણ જનતાનો વિશ્વાસ ટકાવી શકી નહીં.

લોકોને પરિવર્તનની આશા હતી, પણ મળ્યું શું?* વેચાયેલા નેતાઓઃ AAPના મોટાભાગના કોર્પોરેટરો જનતાની સેવા કરવાને બદલે વેચાઈ ગયા અને સત્તાધારી પક્ષ સાથે સેટિંગબાજીમાં વ્યસ્ત થઈ ગયા.* અભણ નેતૃત્વઃ શિક્ષિતોની રાજનીતિની વાતો કરનારી પાર્ટીએ સુરત મહાનગરપાલિકામાં વિરોધ પક્ષના નેતા તરીકે એવા લોકોને બેસાડ્યા જે ક્યારેય કોલેજના પગથિયાં પણ ચઢ્યા નથી.* ઉઘરાણી અને લુખ્ખાગીરીઃ લોકોના પ્રશ્નો ઉકેલવાને બદલે ઉઘરાણીઓ કરવી અને વિસ્તારમાં દાદાગીરી કરવી એ AAPના કાર્યકરોની ઓળખ બની ગઈ, જેના કારણે પાર્ટી ભારે બદનામ થઈ.

સૌરાષ્ટ્રમાં પણ જે સીટો અન્ય પક્ષના બળવાખોરોના જોરે આવી છે, ત્યાં પણ હવે ભંગાણના એંધાણ છે. વિચારધારા અને સક્ષમ નેતૃત્વ વગર કોઈ પણ પક્ષ લાંબુ ટકી શકતો નથી.

'કોંગ્રેસ 35 વર્ષથી સત્તા વગર પણ એટલે ટકી રહી છે કારણ કે તેની પાસે એક વિચારધારા છે. જ્યારે આ ભાદરવાના ભીંડા જેવી પાર્ટીઓ સીઝન પૂરી થતા જ ગાયબ થઈ જાય છે.'

પાક્કો ગુજરાત જનમતઃ તમારું શું કહેવું છે?શું તમને લાગે છે કે આમ આદમી પાર્ટીએ સુરતની જનતાનો ભરોસો તોડ્યો છે? શું વિચારધારા વગરની રાજનીતિ ગુજરાતમાં ક્યારેય સફળ થઈ શકે?

# આટકોટ પોલીસે અસામાજિક તત્વને હદપાર કર્યો:પ્રોહિબિશન-જુગારના 15 ગુનામાં સંડોવાયેલા ઈસમને 3 મહિના માટે જિલ્લાબહાર

• જસદણ, રાજકોટ

\રાજકોટ જિલ્લાના આટકોટ પોલીસે અસામાજિક પ્રવૃત્તિઓ પર અંકુશ લાવવા કડક કાર્યવાહી કરી છે. પ્રોહિબિશન અને જુગાર સહિતના 15 ગુનાઓમાં સંડોવાયેલા એક ઈસમને 3 મહિના માટે જિલ્લાબહાર કરવાનો આદેશ અપાયો છે.આટકોટ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર આર.એમ. રાઠોડે ચીમનભાઈ બાબુભાઈ જસાણીયા (ઉંમર 50, રહે. મોટા દડવા, જશાપર રોડ, તા. ગોંડલ) વિરુદ્ધ હદપારીની દરખાસ્ત કરી હતી. ચીમનભાઈ વારંવાર પ્રોહિબિશન અને જુગાર જેવા ગુનાઓમાં સંડોવાયેલા હોવાનું પોલીસ તપાસમાં સામે આવ્યું હતું.

SIT તપાસ

કરોડોના આ જમીન સોદાની તટસ્થ SIT દ્વારા તપાસ કરવામાં આવે

# જગન્નાથ મંદિર જમીન કૌભાંડ: કરોડોની સંપત્તિ 'કૌડી'ના ભાવે પધરાવી દીધી? હવે આરપારની જંગ!

## શું અમદાવાદના 192 કોર્પોરેટરો પક્ષની ગુલામી છોડીને ભગવાન જગન્નાથના હિતમાં મોદીજીને પત્ર લખવાની હિંમત બતાવશે?

• અમદાવાદ

અમદાવાદની આસ્થાના કેન્દ્ર સમાન ભગવાન જગન્નાથ મંદિરની જમીનને લઈને એક ભયાનક ઘટસ્ફોટ થયો છે. આરોપ છે કે મંદિરના ટ્રસ્ટીઓ અને મહંતે પદનો દુરુપયોગ કરી, ભક્તોએ દાનમાં આપેલી કરોડોની કિંમતની જમીન સાવ મફતના ભાવે મુસ્લિમ પક્ષકારોને પધરાવી દીધી છે. આ આક્ષેપોએ આખા શહેરમાં ખળભળાટ મચાવી દીધો છે અને હવે આ આસ્થાની લડાઈ સીધી સત્તાના ગલિયારા સુધી પહોંચી છે.




192 કોર્પોરેટરોની 'ધર્મ પરીક્ષા': હવે છુપાવવા ક્યાં જશો?

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC)ના નવા ચૂંટાયેલા 192 કોર્પોરેટરો માટે હવે કસોટીની ઘડી છે. આ અભિયાન હેઠળ દરેક કોર્પોરેટરને રૂબરૂ મળી, તેમનું સન્માન કરી તેમને આ જમીન કૌભાંડના સજ્જડ પુરાવા સોંપવામાં આવશે. લડત ચલાવનારાઓનું કહેવું છે કે, જો આ નેતાઓ ખરેખર હિન્દુ હિતની વાતો કરતા હોય, તો તેમણે આ પત્રો પર સહી કરીને વડાપ્રધાન મોદી સુધી અવાજ પહોંચાડવો જ પડશે.

મોદીજીને લાખો પત્રોઃ 'મંદિરનો વહીવટ સરકાર હસ્તક લો'

આ આંદોલન હવે દિલ્હી સુધી ગાજવાનું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીને લાખો પત્રો મોકલવાની તૈયારીઓ પૂર્ણ થઈ ગઈ છે. માંગણી એકદમ સ્પષ્ટ અને આકરી છે:

* SIT તપાસઃ કરોડોના આ જમીન સોદાની તટસ્થ SIT દ્વારા તપાસ કરવામાં આવે.

* સરકારી વહીવટઃ ભ્રષ્ટ ટ્રસ્ટીઓના હાથમાંથી વહીવટ છીનવી, જગન્નાથ મંદિરને સરકાર હસ્તક લેવામાં આવે.

* જમીન પરત લોઃ જે જમીન અન્ય સમુદાયને પધરાવી દેવાઈ છે, તેને તાત્કાલિક અસરથી પરત મેળવવામાં આવે.

ટ્રસ્ટીઓના 'પાપ'નો ઘડો ભરાયો?

સવાલ એ થાય છે કે, જે જમીન પર ગરીબ ભક્તોની આસ્થા જોડાયેલી છે, તેને વેચવાનો અધિકાર ટ્રસ્ટીઓને કોણે આપ્યો? શું આ મંદિર ભક્તિનું કેન્દ્ર છે કે મિલકતોના સોદા કરવાનું સાધન? જ્યારે અન્ય ધર્મો પોતાની જમીન માટે આક્રમક હોય, ત્યારે હિન્દુ મંદિરની મિલકતોની કેમ લહાણી કરવામાં આવી રહી છે?

પાક્કો ગુજરાતનો આકરો પ્રહાર

આ લડાઈ માત્ર જમીનના ટુકડાની નથી, પણ કરોડો હિન્દુઓની આસ્થાના અપમાનની છે. જો ટ્રસ્ટીઓ અને મહંતો પોતાને કાયદાથી ઉપર માનતા હોય, તો જનતાની અદાલત હવે તેમને માફ કરવાના મૂડમાં નથી. આ કૌભાંડના મૂળિયાં જો છેક સુધી પહોંચેલા હોય, તો તેનો નાશ કરવો જ રહ્યો.

આજનો ઘાતક સવાલ:

શું અમદાવાદના 192 કોર્પોરેટરો પક્ષની ગુલામી છોડીને ભગવાન જગન્નાથના હિતમાં મોદીજીને પત્ર લખવાની હિંમત બતાવશે? કે પછી આસ્થા વેચનારાઓનો સાથ આપશે?

SIR કવાયત અને 25 હજાર મતદારોનો ખેલ

# ખાડિયાનો ગઢ કાંગરેથી ખર્યો: ભૂષણ ભટ્ટના આક્ષેપોથી ભાજપમાં ભૂકંપ

ભાજપમાં ભૂકંપ

## સૂત્રોના જણાવ્યા અનુસાર, ખાડિયામાં ભાજપની હાર પાછળ માત્ર ઉમેદવારો જ નહી

અમદાવાદઃ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીમાં ભાજપે ભલે ભવ્ય વિજય મેળવ્યો હોય, પરંતુ ભાજપના અભેદ ગઢ ગણાતી ખાડિયા બેઠક પર થયેલા પરાજયે પક્ષની ઊંઘ ઉડાવી દીધી છે. 54 વર્ષના ઈતિહાસમાં પહેલીવાર ભાજપે આ બેઠક ગુમાવતા 'ગઢ આલા, પણ સિંહ ગેલા' જેવો ઘાટ સર્જાયો છે. આ હાર બાદ પૂર્વ ધારાસભ્ય ભૂષણ ભટ્ટે પ્રદેશ નેતાગીરી સામે મોરચો ખોલતા રાજકારણ ગરમાયું છે.

હારનું ઠીકરું નેતાગીરી પર ફોડ્યું

પૂર્વ ધારાસભ્ય ભૂષણ ભટ્ટે પોતાની નારાજગી વ્યક્ત કરતા સીધો આક્ષેપ કર્યો છે કે, ખાડિયામાં હાર માટે ઉમેદવારોની ખોટી પસંદગી જવાબદાર છે. તેમણે જણાવ્યું કે:



'ઉમેદવાર નક્કી કરતી વખતે પાર્ટીએ મારો કોઈ અભિપ્રાય લીધો ન હતો. પક્ષે ઉમેદવારોની પસંદગીમાં મોટી થાપ ખાધી છે, જેનું પરિણામ આજે આપણી સામે છે.'

SIR કવાયત અને 25 હજાર મતદારોનો ખેલ

બીજી તરફ, આ હાર પાછળ કોંગ્રેસની રણનીતિ પણ કામ કરી ગઈ હોય તેમ જણાય છે. ચૂંટણી પ્રભારી ગ્યાસુદીન શેખના જણાવ્યા અનુસાર:

* સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR): કોંગ્રેસની રજૂઆત બાદ હાથ ધરાયેલી આ કવાયતમાં આશરે 24 થી 25 હજાર બોગસ મતદારોના નામ કમી કરવામાં આવ્યા હતા.

* જેમાં મૃતક મતદારો અને બે સ્થળોએ નામ ધરાવતા મતદારોનો સમાવેશ થાય છે.

* ખોટા મતદારો દૂર થતા ભાજપની વોટબેંકમાં મોટું ગાબડું પડ્યું હોવાનું મનાય છે.

આંતરિક જૂથવાદ અને સ્થાનિક રોષ સૂત્રોના જણાવ્યા અનુસાર, ખાડિયામાં ભાજપની હાર પાછળ માત્ર ઉમેદવારો જ નહીં, પણ આંતરિક જૂથવાદ પણ મુખ્ય કારણ છે. સ્થાનિકોમાં ભૂષણ ભટ્ટની કાર્યશૈલી અને કથિત દાદાગીરી સામે લાંબા સમયથી રોષ જોવા મળી રહ્યો હતો. આ આંતરિક અસંતોષને કારણે ભાજપના હાઈકમાન્ડે પણ આ હારની ગંભીર નોંધ લીધી છે.

નિષ્કર્ષ:

ખાડિયા જેવી પ્રતિષ્ઠિત બેઠક ગુમાવવી એ ભાજપ માટે આત્મમંથનનો વિષય છે. એકબાજુ ભૂષણ ભટ્ટ પ્રદેશ નેતાગીરીને કઠેડામાં ઊભી કરી રહ્યા છે, તો બીજીબાજુ 'SIR' ઓપરેશન દ્વારા કોંગ્રેસે ભાજપના પાયા હચમચાવી દીધા છે. હવે જોવાનું એ રહેશે કે પ્રદેશ ભાજપ આ આક્ષેપો સામે શું પગલાં લે છે.

# મહેસાણા: એસીબીની લાલ આંખ, વિજાપુરમાં પીએમ આવાસ યોજનાના હપ્તા માટે લાંચ લેતો ગ્રામ સેવક ઝડપાયો

• મહેસાણા, વિજાપુર

ભ્રષ્ટાચાર સામે ઝીરો ટોલરન્સની નીતિ અપનાવતી એસીબી (એન્ટી કરપ્શન બ્યુરો) એ મહેસાણા જિલ્લાના વિજાપુરમાં મોટી કાર્યવાહી કરી છે. પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ મકાન સહાયના હપ્તા પાસ કરાવી આપવાના બદલામાં 5,000 રૂપિયાની લાંચ લેતા વિજાપુર તાલુકા પંચાયતના કરાર આધારિત ગ્રામ સેવકને એસીબીએ રંગેહાથ ઝડપી પાડ્યો છે.



ઘટનાની વિગતો મુજબ, આ કેસના ફરિયાદીને તેમના બાપદાદાના જૂના ઘરની જગ્યાએ નવું મકાન બનાવવા માટે પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ 1,20,000 રૂપિયાની સહાય મંજૂર થઈ હતી. આ ઉપરાંત સરકારની નવી યોજના હેઠળ વધારાની 50,000 રૂપિયાની સહાય પણ જાહેર કરવામાં આવી હતી. આ યોજનાના ત્રીજા હપ્તાના 50,000 રૂપિયા અને છેલ્લા હપ્તાના 10,000 રૂપિયા તેમજ અન્ય સહાયની રકમ ઝડપથી મેળવી આપવા માટે ગ્રામ સેવક અજયસિંહ રાજપુતે ફરિયાદી પાસે 5,000 રૂપિયાની લાંચની માંગણી કરી હતી.

ફરિયાદી લાંચ આપવા માંગતા ન હોવાથી તેમણે ગાંધીનગર એસીબી એકમનો સંપર્ક કર્યો હતો. એસીબીના અધિકારીઓએ છટકું ગોઠવ્યું અને ગત રોજ (29 એપ્રિલ, 2026) વિજાપુરના આનંદપુરા સર્કલ પાસે જ્યારે ગ્રામ સેવક અજયસિંહ કાનુસિંહ રાજપુત લાંચની રકમ સ્વીકારી રહ્યા હતા, ત્યારે જ એસીબીની ટીમે ત્રાટકીને તેમને 5,000 રૂપિયાની રકમ સાથે દબોચી લીધા હતા.

આ સફળ ટ્રેપની કાર્યવાહી ફિલ્ડ પોલીસ ઈન્સ્પેક્ટર કે.કે. દેસાઈ અને તેમની ટીમે મદદનીશ નિયામક એ.કે. પરમાર અને ડેપ્યુટી ડાયરેક્ટર હરેશ મેવાડાના માર્ગદર્શન હેઠળ કરી હતી. હાલ એસીબીએ આરોપીની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. સરકારી યોજનાના નાણાં મેળવવા માટે ગરીબો પાસે લાંચ માંગતા આવા તત્વોમાં આ કાર્યવાહીથી ફફડાટ વ્યાપી ગયો છે.

આરોપીની વિગત:

અજયસિંહ કાનુસિંહ રાજપુત, ગ્રામ સેવક (કરાર આધારિત), વિજાપુર તાલુકા પંચાયત.

લાંચની માંગણી અને સ્વીકારેલી રકમ: 5,000 રૂપિયા.

સ્થળ: આનંદપુરા સર્કલ, વિજાપુર.

# દાંતા તાલુકામાં જ્યાં ઠાકોર સમાજના ગામડાઓ ત્યાં ભાજપની બહુમતી

## દાંતા કોંગ્રેસનાં પુર્વ પ્રમુખ ના લીધે ઠાકોર સમાજે કોંગ્રેસને ગામડાઓમાં જાકારો આપ્યો



દાંતા તાલુકામાં ચુંટણીનું રિઝલ્ટ બહું સારી રીતે આવ્યું છે અને કોંગ્રેસ અને ભાજપ પણ આ વખતે સરખું ચાલ્યું છે અને અંબાજી ગણાતો ભાજપ નો ગઢ આ વખતે ધરાશાય થયો છે ત્યારે દાંતા તાલુકામાં કોંગ્રેસને ઠાકોર સમાજે જવાબ આપ્યો છે ત્યારે ઠાકોર સમાજના લોકો ઉપર ખોટા કેસો કરાવીને ઠાકોર સમાજને ફસાવવા ષડયંત્ર રચવામાં આવ્યા હતા અને સમાજને બદનામ કરવામાં કોંગ્રેસના પૂર્વ પ્રમુખ દર વખતે આગેવાની કરી છે ત્યારે નારગઢ મા થયેલ નોર્મલ ઝઘડાને મોટું કરીને પોલીસ સ્ટેશન સુધી લઈ જઈ ઠાકોર સમાજના લોકો ઉપર પોલીસ કેસ કરવામાં આવ્યા હતા ત્યારે કોંગ્રેસના પૂર્વ પ્રમુખને રાજકારણમાં રહીને કોઈ સમાજને નુકસાન ન આવે તે માટે સમાધાન કરાવવાની બદલે લોકો ઉપર ખોટા કેસ કરાવવા પોલીસ સ્ટેશન લઈ જવામાં આગેવાની હંમેશા હોય છે ત્યારે આવા કોંગ્રેસના પૂર્વ પ્રમુખ ના સ્વભાવ ના કારણે આવનારી ચૂંટણીમાં કોંગ્રેસને મોટું નુકસાન આવશે અને ભાજપને ફાયદો થશે

# નિકોલમાં ભક્તિ સર્કલ નજીક કાર ડિવાઈડર કૂદી વૈભવી કાર સાથે ભટકાઇ



અમદાવાદ : અમદાવાદના નિકોલમાં આવેલા ભક્તિ સર્કલ રોડ પર એક કાર અકસ્માતની ઘટના સામે આવી છે, જેનો ડેશકેમ વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ થયો છે. એક કાર રોડ વચ્ચે ડિવાઈડર કૂદીને સામેથી આવતી લક્ઝુરિયસ કાર સાથે ધડાકાભેર અથડાઈ હતી. મળતી માહિતી મુજબ, ડિવાઈડર કૂદી આવેલી કારચાલક જમીને બહાર નીકળ્યો હતો. ડ્રાઈવિંગ કરતી વખતે તેને અચાનક ચક્કર કે જોકું આવી ગયું હતું, જેના કારણે તેણે કાર પરથી કાબુ ગુમાવતા આ અકસ્માત સર્જાયો હતો. જો કે, રાહતની વાત એ છે કે આટલા મોટા અકસ્માત છતાં કોઈને પણ નાની-મોટી ઈજા પહોંચી નથી અને તમામનો આબાદ બચાવ થયો છે. જાણવા મળ્યું છે કે અકસ્માતનો ભોગ બનનાર બંને પક્ષો નિકોલ વિસ્તારના જ સ્થાનિક રહીશો છે. કારમાં થયેલા નુકસાન અંગે બંને પક્ષો વચ્ચે સમાધાન થઈ ગયું છે, તેથી આ મામલે આગળ કોઈ ફરિયાદ કે કાર્યવાહી કરવામાં આવી નથી.

ગોપાલ ઈટાલિયાના 'દલાલ' શબ્દથી ઘવાયેલી ગરિમા, ભૂતકાળમાં પ્રમાણિક અધિકારીઓના દમન વખતે ક્યાં છુપાઈ હતી?

# IPS એસોસિએશનની 'સક્રિયતા' સામે સવાલ: વિપક્ષ સામે વાઘ અને સત્તાપક્ષ સામે મૌન કેમ?

• 'પાક્કો ગુજરાત'નો વિશેષ અહેવાલ.

ગુજરાતના રાજકારણમાં અને વહીવટી તંત્રમાં અત્યારે એક નવો ગરમાવો જોવા મળી રહ્યો છે. વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાએ ચૂંટણી ડ્યુટી પરના અધિકારીઓ માટે 'દલાલ' શબ્દનો પ્રયોગ કર્યો અને આખું IPS એસોસિએશન મેદાને આવી ગયું. ૨૭ એપ્રિલ ૨૦૨૬ના રોજ ચૂંટણી આયોગને પત્ર લખીને એસોસિએશને સંસ્થાની 'ગરિમા' અને 'મનોબળ'ની વાતો કરી. પરંતુ, અહીં સવાલ એ થાય છે કે શું આ ગરિમા માત્ર વિપક્ષી નેતાઓના પ્રહારો વખતે જ જાગે છે?

[મુખ્ય વિશ્લેષણ: સન્માન કે સત્તાની ગુલામી?]

IPS એસોસિએશનનો તર્ક છે કે આવા શબ્દોથી પોલીસનું મનોબળ તૂટે છે. વાત સાચી છે, જાહેર જીવનમાં ભાષાની મર્યાદા હોવી જ જોઈએ. પરંતુ રમેશ સવાણી (નિવૃત્ત IPS) એ ઉઠાવેલા સવાલો આજે દરેક નાગરિકના મનમાં છે:

* પક્ષપાતી ન્યાયઃ શું આ એસોસિએશને ક્યારેય સત્તાધારી પક્ષના નેતાઓ દ્વારા પોલીસકર્મીઓ સાથે કરવામાં આવતા ગેરવર્તન વિરુદ્ધ આવી જ ત્વરાથી ફરિયાદ કરી છે?

* બિનહરીફનો ખેલઃ જ્યારે રાજ્યમાં સેંકડો ઉમેદવારો 'બિનહરીફ' થાય છે અને પોલીસ પર વિપક્ષી ઉમેદવારોને બેસાડી દેવાના આક્ષેપો થાય છે, ત્યારે લોકશાહીની ગરિમા નથી હણાતી?

* ડરનું વાતાવરણઃ આજે સ્થિતિ એવી છે કે ખુદ IPS અધિકારીઓ પણ પોતાના પરિવારને સુરક્ષાના અભાવે એકલા પોલીસ સ્ટેશન મોકલતા ખચકાય છે. જો રક્ષક જ ભક્ષક જેવી છબી ધરાવતો હોય, તો માન-સન્માનની અપેક્ષા માત્ર કાગળ પરની ફરિયાદોથી પૂરી થઈ શકે?

[ભૂતકાળના આઈનામાં વર્તમાન]

સૌથી મોટો અને વેધક સવાલ એ છે કે જ્યારે સતિષ વર્મા, રજનીશ રાય અને રાહુલ શર્મા જેવા બાહોશ અધિકારીઓએ બંધારણનું પાલન કર્યું અને સત્તાપક્ષની આંખમાં ખટક્યા, ત્યારે તેમની કારકિર્દી રોળી નાખવામાં આવી. તે સમયે આ IPS એસોસિએશનનો 'આત્મા' ક્યાં સૂતો હતો? પોતાના જ સાથી અધિકારીઓના દમન વખતે મૌન સેવનાર એસોસિએશન આજે રાજકીય નેતાના આક્રોશ સામે 'સંસ્થાકીય ગૌરવ'ના ગુણગાન ગાય તે કેટલું વ્યાજબી છે?

[તારણ]

'દલાલ' શબ્દ કઠોર હોઈ શકે, પણ તે એ આક્રોશનું પ્રતિબિંબ છે જે જનતામાં વહીવટી તંત્રની નિષ્પક્ષતા સામે ઉભો થયો છે. સન્માન માગવાથી નથી મળતું, તે નિષ્પક્ષ કામગીરીથી કમાવવું પડે છે. જો ખાખી વર્દી સત્તાના એજન્ટ તરીકે કામ કરવાનું બંધ કરે, તો કોઈની હિંમત નથી કે તેમને 'દલાલ' કહી શકે.

# નરોડામાં સરકારી કાગળોનો દુરુપયોગ:કેસર એક્ઝોટીકા ફ્લેટના દસ્તાવેજમાં ખોટી અશાંતધારાની પરવાનગી રજૂ કરી

### શાહીબાગ પોલીસની પ્રાથમિક તપાસમાં મહત્વની વિગતો બહાર આવી છે

• અમદાવાદ

અમદાવાદના નરોડા વિસ્તારમાં દસ્તાવેજમાં છેતરપિંડીનો એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. કેસર એક્ઝોટિકા ફ્લેટના એક મકાનના દસ્તાવેજમાં અશાંતધારાની ખોટી પરવાનગીનો હુકમ જોડીને સરકાર સાથે છેતરપિંડી કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. આ મામલે શાહીબાગ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

અસારવા સબ-રજિસ્ટ્રાર કચેરીમાં ફરજ બજાવતા અધિકારીઓની તપાસ દરમિયાન વર્ષ 2025નો એક દસ્તાવેજ ધ્યાને આવ્યો હતો. આ મિલકત ખરેખર અશાંતધારા હેઠળ આવતી ન હોવા છતાં, દસ્તાવેજમાં પશ્ચિમ અમદાવાદ સીટી ડેપ્યુટી કલેક્ટરનો 'અશાંતધારા પરમિશન' નો હુકમ જોડવામાં આવ્યો હતો. જ્યારે તત્કાલીન સબ-રજિસ્ટ્રાર આશિષ તાવીયાડે હુકમ પરનો QR કોડ સ્કેન કર્યો, ત્યારે કોઈ પણ ડેટા મળ્યો નહોતો. આથી શંકા જતા ડેપ્યુટી કલેક્ટર કચેરીમાં ખરાઈ કરાવવામાં આવી, જ્યાં જાણવા મળ્યું કે આવી કોઈ પરવાનગી ક્યારેય અપાઈ જ નથી.

શાહીબાગ પોલીસની પ્રાથમિક તપાસમાં મહત્વની વિગતો બહાર આવી છે. મકાન ખરીદનાર મીનાબેન પટેલના પુત્ર ભાવિકભાઈએ આ દસ્તાવેજ તૈયાર કરવા માટે વાડજ વિસ્તારમાં રહેતા કામીત રાવલનો સંપર્ક કર્યો હતો. એટલું જ નહીં આ તમામ કાગળો અને દસ્તાવેજ તૈયાર કરવા બદલ આરોપીને રૂ. 1.57 લાખ ચૂકવવામાં આવ્યા હતા. જે વિસ્તારમાં અશાંતધારો લાગુ જ પડતો નહોતો, ત્યાં ખોટી રીતે પરવાનગીનો લેટર બનાવી દસ્તાવેજ સાથે જોડી દેવામાં આવ્યો હતો.

સબ-રજિસ્ટ્રાર દ્વારા આપવામાં આવેલી ફરિયાદના આધારે શાહીબાગ પોલીસે કામીત રાવલ વિરુદ્ધ ગુનો દાખલ કર્યો છે. હાલ પોલીસ એ તપાસ કરી રહી છે કે આરોપીએ આ રીતે અન્ય કેટલા દસ્તાવેજોમાં ખોટી પરમીશનનો ઉપયોગ કર્યો છે અને આ કૌભાંડમાં અન્ય કોઈ સંડોવાયેલું છે કે કેમ.

# કરૂણાંતિકા:રાજકોટ નજીક વાડીની કુંડીમાં ડૂબી જતાં 3 વર્ષના માસૂમનું મોત

• રાજકોટ

રાજકોટ નજીક આવેલા આણંદપર ગામેથી એક હ્રદયદ્રાવક સમાચાર સામે આવ્યા છે. ખેતમજૂરી કરી ગુજરાન ચલાવતા પરિવારનો 3 વર્ષનો માસૂમ પુત્ર રમતા-રમતા પાણીની કુંડીમાં પડી જતાં તેનું મોત નીપજ્યું છે. પિતા પાણીની મોટર ચાલુ કરી પરત આવ્યા ત્યાં સુધીમાં માસૂમનો જીવ ચાલ્યો ગયો હતો. આ ઘટનાથી શ્રમિક પરિવારમાં ભારે શોકનું મોજું ફરી વળ્યું છે.

સવારે પ્રિન્સના પિતા બહાદુરભાઈ કૂવાની મોટરચાલુ કરવા ગયા હતા અને માતા ઘરકામમાં વ્યસ્ત હતી. આ દરમિયાન આંગણામાં રમતો પ્રિન્સ એકલો વાડીમાં આવેલી પાણીની કુંડી પાસે પહોંચી ગયો હતો.

વેસ્ટ

અફવાએ જોર પકડતા ટોળું એકઠું થયું

# ગૌમાંસની અફવા બાદ હોબાળો, ટોળાની ટ્રકમાં તોડફોડ, તપાસમાં ભેંસનો 'વેસ્ટ' નીકળ્યો

### હિંસક ઘટનામાં ટ્રકના ડ્રાઈવર અને ક્લીનરને સામાન્ય ઈજાઓ પહોંચી હતી

અમદાવાદ : અમદાવાદ શહેરના નાના ચિલોડા વિસ્તારમાં બુધવારે(29 એપ્રિલ) મોડી રાત્રે ગૌમાંસની હેરફેર થતી હોવાની આશંકા અને અફવાને પગલે ભારેલા અગ્નિ જેવી સ્થિતિ સર્જાઈ હતી. ઉશ્કેરાયેલા ટોળાએ એક ટ્રકને આંતરી તેમાં તોડફોડ કરી નુકસાન પહોંચાડ્યું હતું. જોકે, પોલીસ તપાસમાં ટ્રકમાં ગૌમાંસ નહીં પણ ભેંસનો વેસ્ટ હોવાનું બહાર આવતા મામલો થાળે પડ્યો હતો. નરોડા પોલીસે હિંસક બનેલા તત્ત્વો સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

નાના ચિલોડા પાસેથી પસાર થઈ રહેલી એક ટ્રકમાં ગૌમાંસ લઈ જવામાં આવી રહ્યું હોવાની અફવા વાયુવેગે ફેલાઈ હતી. જોતજોતામાં મોટું ટોળું એકઠું થઈ ગયું હતું અને ટ્રકને અટકાવી હતી. પોલીસ ઘટનાસ્થળે પહોંચે તે પહેલા જ રોષે ભરાયેલા લોકોએ ટ્રક પર હુમલો કરી કાચ ફોડી નાખ્યા હતા અને વાહનને



વ્યાપક નુકસાન પહોંચાડ્યું હતું.

પોલીસ તપાસમાં બીફ હોવાનો દાવો પોકળ ઠર્યો

ઘટનાની જાણ થતા જ નરોડા પોલીસનો કાફલો સ્થળ પર દોડી ગયો હતો અને પરિસ્થિતિ પર કાબૂ મેળવ્યો હતો. સમગ્ર મામલે સ્પષ્ટતા કરતા પોલીસે જણાવ્યું હતું કે, નિષ્ણાતો દ્વારા સેમ્પલની તપાસ કરવામાં આવી છે. તપાસમાં સાબિત થયું છે કે તે ગૌમાંસ(બીફ) નથી, પરંતુ ભેંસના શરીરના નકામા ભાગો(વેસ્ટ) છે.

તોડફોડ કરનારાઓ વિરુદ્ધ FIRની તૈયારીનરોડા પોલીસ ઈન્સ્પેક્ટરે જણાવ્યું હતું કે, 'અફવાને કારણે સર્જાયેલી હિંસા અને તોડફોડ મામલે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી રહી છે. આમ, બીફ ન હોવાનું સ્પષ્ટ થઈ છે. અમે સીસીટીવી ફૂટેજ અને વીડિયોના આધારે ટ્રક પર હુમલો કરનારા તત્ત્વોની ઓળખ કરી રહ્યા છીએ અને તેમની સામે FIR નોંધવાની પ્રક્રિયા શરૂ કરી છે.'

ડ્રાઈવર અને ક્લીનરને સામાન્ય ઈજા આ હિંસક ઘટનામાં ટ્રકના ડ્રાઈવર અને ક્લીનરને સામાન્ય ઈજાઓ પહોંચી હતી. હાલ સમગ્ર વિસ્તારમાં શાંતિ જળવાઈ રહે તે માટે પોલીસ સતર્ક છે અને અફવા ફેલાવનારાઓ પર પણ નજર રાખવામાં આવી રહી છે. પોલીસે લોકોને અપીલ કરી છે કે કોઈપણ ચોકસાઈ વગરની માહિતી પર વિશ્વાસ ન કરવો અને કાયદો હાથમાં ન લેવો.

PGમાં રહેવા ગઈ અને હાઈવોલ્ટેજ ડ્રામા સર્જાયો

# ગાંધીનગર: ધનાઢ્ય પરિવારની દીકરી સમલૈંગિક પ્રેમમાં અંધ, બહેનપણી સાથે સંસાર માંડવા ઘર છોડ્યું

અભયમ

### સોશિયલ મીડિયા પર ખેલાયો 'લેસ્બિયન' લવ જંગ: 19 વર્ષીય યુવતીએ પરિવાર સામે બાંયો ચઢાવી 'અભયમ'ની મદદ માંગી

• ગાંધીનગર | પાક્કો ગુજરાત બ્યુરો

રાજધાની ગાંધીનગરમાં એક હચમચાવી દેતો કિસ્સો સામે આવ્યો છે, જ્યાં ઉચ્ચ અભ્યાસ કરતી અને સુખી-સંપન્ન પરિવારની 19 વર્ષીય યુવતી પોતાની જ એક મહિલા મિત્રના પ્રેમમાં પાગલ થઈ છે. સોશિયલ મીડિયાના માધ્યમથી શરૂ થયેલો આ સજાતીય આકર્ષણનો સિલસિલો હવે પોલીસ સ્ટેશન અને 'અભયમ' સુધી પહોંચ્યો છે. દીકરીએ પોતાના પરિવાર અને ભવિષ્યની પરવા કર્યા વગર પ્રેમિકા સાથે રહેવાનો મક્કમ નિર્ધાર કરી લેતા ચકચાર મચી ગઈ છે.

ઈન્સ્ટાગ્રામ પર પાંગર્યો પ્રેમ




સાત મહિના પહેલા ગાંધીનગરની 19 વર્ષીય યુવતી અમદાવાદની 25 વર્ષીય યુવતીના સંપર્કમાં આવી હતી. શરૂઆતમાં સામાન્ય વાતચીત બાદ બંને વચ્ચે ગાઢ આકર્ષણ જન્મ્યું અને તેઓ લેસ્બિયન સંબંધોમાં બંધાયા હતા. કોલેજ જવાના બહાને યુવતી કલાકો સુધી પોતાની પ્રેમિકા સાથે સમય વિતાવતી હતી, જેની પરિવારને કાનોકાન ખબર નહોતી.

માતાએ નજરે જોતા ફૂટ્યો ભાંડો

આ છુપા પ્રેમનો પર્દાફાશ ત્યારે થયો જ્યારે એક દિવસ માતાએ પોતાની દીકરીને રૂમમાં શંકાસ્પદ હાલતમાં જોઈ લીધી. સત્ય સામે આવતા જ ધનાઢ્ય પરિવારના પગ નીચેથી જમીન સરકી ગઈ હતી. આબરૂ જવાની બીકે પરિવારે દીકરીને ખૂબ સમજાવી અને પાબંધીઓ લાદી, પરંતુ પ્રેમનો નશો એવો ચઢ્યો હતો કે યુવતીએ બે વાર ઘર છોડી દીધું હતું.

PGમાં રહેવા ગઈ અને હાઈવોલ્ટેજ ડ્રામા સર્જાયો

પરિવારના દબાણથી કંટાળીને યુવતી ત્રીજી વખત ઘર છોડી પોતાની સહેલી સાથે પીજી (PG) માં રહેવા જતી રહી હતી. પોતાનું ગુજરાન ચલાવવા તેણે નોકરી પણ શોધી લીધી હતી. જોકે, જ્યારે તે પોતાના જરૂરી ડોક્યુમેન્ટ્સ લેવા ઘરે પરત આવી, ત્યારે પરિવારે તેની બહેનપણીને રૂમમાં પૂરી દઈ પોલીસને બોલાવી લીધી હતી.

181 'અભયમ'ની એન્ટ્રી

પોલીસની સમજાવટ છતાં જ્યારે બંને યુવતીઓ ટસથી મસ ન થઈ, ત્યારે 19 વર્ષીય યુવતીએ પોતાની આઝાદી માટે 181 અભયમ હેલ્પલાઈનની મદદ માંગી હતી. યુવતીની સ્પષ્ટ દલીલ હતી કે તે પુખ્ત વયની છે અને તેને પોતાની મરજી મુજબ જીવન જીવવાનો બંધારણીય અધિકાર છે.

# જૂનાગઢમાં સહકારી સંગ્રામ: 'સાવજ'ની ગર્જના સામે જવાહર ચાવડા પર આકરા પ્રહાર!

### દિનેશ ખટારિયાએ પૂર્વ મંત્રીને 'શિખંડી' સાથે સરખાવ્યા: 'હિંમત હોય તો મેદાનમાં આવો, પીઠ પાછળ રાજકારણ બંધ કરો'

જૂનાગઢ | પાક્કો ગુજરાત બ્યુરો

જૂનાગઢનું રાજકારણ હંમેશા ગરમાગરમ રહેતું હોય છે, પરંતુ આ વખતે સહકારી ક્ષેત્રના માંધાતાઓ વચ્ચે જે જંગ છેડાયો છે તેણે આખા સૌરાષ્ટ્રમાં ચર્ચા જગાવી છે. સાવજ ડેરીના ચેરમેન દિનેશ ખટારિયાએ પૂર્વ મંત્રી અને પીઢ નેતા જવાહર ચાવડા વિરુદ્ધ મોરચો ખોલીને રાજકીય ભૂકંપ સર્જ્યો છે. ખટારિયાના પ્રહારો એટલા આકરા હતા કે તેમણે જવાહર ચાવડાની સરખામણી મહાભારતના પાત્ર 'શિખંડી' સાથે કરી દીધી છે.ખટારિયાના પ્રહાર:'શિખંડી બનીને યુદ્ધ ન ખેલો' દિનેશ ખટારિયાએ એક જાહેર નિવેદનમાં જવાહર ચાવડા પર આરોપ લગાવતા કહ્યું કે, તેઓ સીધી રીતે લડવાને બદલે અન્ય લોકોને આગળ ધરીને પીઠ પાછળ રાજકારણ રમી રહ્યા છે.* ખુલ્લો પડકાર: 'જો તમારામાં હિંમત હોય તો મેદાનમાં આવીને લડો, બીજાના ખભે બંદૂક રાખીને શિખંડી જેવું રાજકારણ ન કરો.'* ષડયંત્રનો આક્ષેપ: સહકારી




સંસ્થાઓમાં સત્તા મેળવવા માટે જવાહર ચાવડા ખોટી રીતે દખલગીરી કરી રહ્યા હોવાનો પણ સુર વ્યક્ત કરવામાં આવ્યો છે. પીઠ પાછળના રાજકારણથી ગરમાવો જૂનાગઢના સહકારી માળખામાં પકડ જમાવવા માટે લાંબા સમયથી ખેંચતાણ ચાલી રહી છે.ખટારિયાનું માનવું છે કે સાવજ ડેરી અને અન્ય સહકારી એકમોના વહીવટમાં અવરોધ ઊભો કરવા માટે પડદા પાછળ ખેલ ખેલાઈ રહ્યા છે. પૂર્વ મંત્રી જવાહર ચાવડા જેવા કદાવર નેતા પર આ પ્રકારના સીધા આક્ષેપોને કારણે જૂનાગઢ ભાજપમાં પણ આંતરિક ખળભળાટ મચી ગયો છે.હવે આગળ શું? દિનેશ ખટારિયાની આ 'ગર્જના' બાદ હવે જોવાનું એ રહેશે કે જવાહર ચાવડા તરફથી શું પ્રતિક્રિયા આવે છે. શું આ વિવાદ શાંત થશે કે પછી આગામી દિવસોમાં જૂનાગઢના રસ્તાઓ પર રાજકીય યુદ્ધ વધુ ઉગ્ર બનશે? સહકારી રાજકારણના આ ખેલમાં કોણ કોના પર ભારે પડે છે તેના પર સૌની મીટ મંડાયેલી છે.

# પ્રાથમિક શાળાઓમાં 35 દિવસના વેકેશનની જાહેરાત:4 મેં થી 7 જૂન સુધી વેકેશન રહેશે, 8 જૂનથી નવા સત્રની શરૂઆત થશે

ગાંધીનગર : રાજ્યના પ્રાથમિક શિક્ષણ વિભાગ દ્વારા પ્રાથમિક શાળાઓમાં ઉનાળુ વેકેશન અંગે મહત્વપૂર્ણ પરિપત્ર જાહેર કરવામાં આવ્યો છે. પ્રાપ્ત વિગતો મુજબ, રાજ્યની તમામ પ્રાથમિક શાળાઓમાં તા. 04/05/2026 થી તા. 07/06/2026 સુધી કુલ 35 દિવસ માટે ઉનાળુ વેકેશન જાહેર કરવામાં આવ્યું છે.

8 જૂનથી નવા સત્રની શરૂઆત થશે પરિપત્ર મુજબ, તા. 08/06/2026થી શાળાઓ ફરી શરૂ થશે. આ નિર્ણય રાજ્યના તમામ પ્રાથમિક તથા માધ્યમિક શાળાઓમાં સમાનતા જળવાઈ રહે તે હેતુથી લેવામાં આવ્યો છે. જિલ્લા શિક્ષણ અધિકારીઓ અને જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારીઓને વેકેશનના આ સમયપત્રકનો કડક અમલ કરાવવા સૂચના આપવામાં આવી છે.

પ્રાથમિક-માધ્યમિક શાળામાં વેકેશનની તારીખ સરખી રાખવામાં આવી સરકારે વધુમાં જણાવ્યું છે કે પ્રાથમિક અને માધ્યમિક બંને પ્રકારની શાળાઓ માટે વેકેશનની તારીખો એકસરખી રાખવામાં આવી છે, જેથી વિદ્યાર્થીઓ અને વાલીઓને આયોજનમાં સરળતા રહે. સાથે જ સરકારી, ગ્રાન્ટેડ અને સ્વનિર્ભર શાળાઓમાં પણ આ નિયમ લાગુ પડશે.

પરિપત્રમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે શૈક્ષણિક વર્ષ 2026 માટે D.El.Ed. પ્રવેશ પ્રક્રિયા અને અન્ય શૈક્ષણિક કામગીરીને ધ્યાનમાં રાખીને જરૂરી હોય તો સંબંધિત સંસ્થાઓ વિદ્યાર્થીઓ માટે અલગથી નિર્ણય લઈ શકશે. શિક્ષણ વિભાગના આ નિર્ણયથી વિદ્યાર્થીઓને ઉનાળાની ગરમી દરમિયાન રાહત મળશે અને તેઓને આરામ તેમજ અન્ય પ્રવૃત્તિઓ માટે પૂરતો સમય મળશે.

# માણસાના ઈન્દ્રપુરામાં AC ફાટ્યું, મકાનમાં આગ:ઘરવખરી બળીને ખાખ, જાનહાનિ ટળી; ધારાસભ્યએ મુલાકાત લીધી



ગાંધીનગર : ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકાના ઈન્દ્રપુરા ગામે એક રહેણાંક મકાનમાં AC ફાટવાને કારણે ભીષણ આગ લાગી હતી. આ ઘટનામાં ઘરવખરીનો તમામ સામાન બળીને ખાક થઈ ગયો હતો, જોકે સદનસીબે કોઈ જાનહાનિ થઈ ન હતી. પ્રાપ્ત માહિતી અનુસાર, ઈન્દ્રપુરા ગામના ચૌધરી ભીખાભાઈ કાળાભાઈના મકાનમાં ACમાં અચાનક ધડાકા સાથે આગ લાગી હતી. આગની જાણ થતાં ગ્રામજનોએ તાત્કાલિક માણસા ફાયર બ્રિગેડને જાણ કરી હતી. ફાયર બ્રિગેડે ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવ્યો હતો. આગને કારણે ઘરનો તમામ સામાન બળી જતાં પરિવારને મોટી આર્થિક નુકસાની થઈ છે. જોકે, ઘરના સભ્યો સમયસર બહાર નીકળી જતાં મોટી દુર્ઘટના ટળી હતી. આ બનાવની જાણ થતાં માણસાના ધારાસભ્ય જે.એસ. પટેલે તાત્કાલિક ઘટનાસ્થળની મુલાકાત લીધી હતી.

વટવામાં 34 વર્ષ જૂના પાપનો ઘડો ફૂટ્યો

# પ્રેમીએ પ્રેમિકાની હત્યા કરી લાશ કૂવામાં દાટી, 'રૂહ'ના ડરે ખોલાવ્યું રહસ્ય!

• અમદાવાદ | ક્રાઈમ ડેસ્ક

અમદાવાદના વટવા વિસ્તારમાં એક એવી ઘટના પ્રકાશમાં આવી છે જે કોઈ હોલીવુડની હોરર-થ્રિલર ફિલ્મને પણ ટક્કર આપે તેવી છે. 1992માં જે ગુનો આચરવામાં આવ્યો હતો, તેનો ભેદ છેક 34 વર્ષ બાદ એટલે કે એપ્રિલ 2026માં ઉકેલાયો છે. એક પ્રેમીએ પોતાની પ્રેમિકાને મોતને ઘાટ ઉતારી પોતાના જ ઘરના કૂવામાં દાટી દીધી હતી, પરંતુ કહેવાય છે ને કે 'પાપ છાપરે ચડીને પોકારે છે', બસ એવું જ કંઈક આ કિસ્સામાં બન્યું છે.

પ્રેમ, દગો અને હત્યાની ભયાનક કહાની

ઘટનાની વિગતો મુજબ, વર્ષ 1992માં મુંબઈની ફરઝાના ઉર્ફે શબનમ નામની યુવતી વટવાના કુતુબનગરમાં રહેતા શમશુદ્દીન સાથે પ્રેમસંબંધમાં હતી. બંને વચ્ચેના સંબંધોમાં ખટાશ આવતા અને તકરાર વધતા, શમશુદ્દીને ફરઝાનાની કરપીણ હત્યા કરી નાખી હતી. આ ગુનો છુપાવવા માટે તેણે ઘરના આંગણામાં આવેલા એક જૂના કૂવામાં લાશ ફેંકી દીધી અને ઉપરથી માટી-કાટમાળ નાખીને કૂવો બૂરી દીધો હતો. વર્ષો વીતી ગયા અને દુનિયા માટે ફરઝાના માત્ર એક 'ગુમ થયેલ વ્યક્તિ' બનીને રહી ગઈ.

જ્યારે 'આભાસ' અને 'ડર' તપાસનું નિમિત્ત બન્યા

આ કેસમાં સૌથી ચોંકાવનારો વળાંક ત્યારે આવ્યો જ્યારે શમશુદ્દીનના પરિવારજનોને ઘરમાં કોઈ અજાણી વ્યક્તિની હાજરીનો અનુભવ થવા લાગ્યો. અચાનક થતી ઘટનાઓ અને મૃતક યુવતીના 'આભાસ'થી ગભરાયેલો પરિવાર તાંત્રિક વિધિઓ કરાવવા લાગ્યો હતો. આ બાબતની શંકા ક્રાઈમ બ્રાન્ચના પી.આઈ. એ.પી. જેબાલિયાને ગઈ હતી. બાતમીના આધારે પોલીસે જ્યારે તે જૂના મકાનના કૂવામાં જેસીબી વડે ખોદકામ કરાવ્યું, ત્યારે અંદરથી માનવ હાડપિંજરના અવશેષો મળી આવતા સૌના હોશ ઉડી ગયા હતા.

FSL તપાસ અને કાયદાકીય ગુંચ

ક્રાઈમ બ્રાન્ચે મળેલી માનવ ખોપરી અને હાડકાના અવશેષોને તરત જ ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી (FSL)માં DNA ટેસ્ટ માટે મોકલી આપ્યા છે. મુખ્ય આરોપી શમશુદ્દીનનું મૃત્યુ થઈ ચૂક્યું હોવાનું મનાય છે, પરંતુ પોલીસ હવે એ દિશામાં તપાસ કરી રહી છે કે શું આટલા વર્ષો સુધી આ રાઝ છુપાવવામાં પરિવારના અન્ય કોઈ સભ્યોની સંડોવણી હતી કે કેમ.

પાક્કો ગુજરાતનો સવાલ:

34 વર્ષ સુધી એક લાશ પર બનેલા મકાનમાં રહેવું અને આ સત્યને છુપાવી રાખવું એ પણ શું એક ગુનો નથી? શું કાયદો આ પાપમાં સાથ આપનાર જીવિત શખ્સો સુધી પહોંચી શકશે?

# મુઝફ્ફરનગરના એડવોકેટ વિક્રાંત રાણાની મોટી સિદ્ધિ: સુપ્રીમ કોર્ટમાં ઉત્તર પ્રદેશના એડિશનલ એડવોકેટ જનરલ તરીકે નિમણૂક

• નવી દિલ્હી/મુઝફ્ફરનગર:



ન્યાયિક ક્ષેત્રે મુઝફ્ફરનગરનું નામ રોશન કરતા એડવોકેટ વિક્રાંત રાણાને મહત્વની જવાબદારી સોંપવામાં આવી છે. ઉત્તર પ્રદેશ સરકાર દ્વારા તેમને નવી દિલ્હી સ્થિત સુપ્રીમ કોર્ટમાં રાજ્યનું પ્રતિનિધિત્વ કરવા માટે એડિશનલ એડવોકેટ જનરલ (AAG) તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

મુઝફ્ફરનગરની આવાસ વિકાસ કોલોનીના રહેવાસી વિક્રાંત રાણા છેલ્લા 18 વર્ષથી સુપ્રીમ કોર્ટમાં કાયદાકીય પ્રેક્ટિસ કરી રહ્યા છે. તેમની નિપુણતા અને અનુભવને ધ્યાને રાખીને રાજ્ય સરકાર દ્વારા આ મહત્વપૂર્ણ પદ પર તેમની પસંદગી કરવામાં આવી છે. તેઓ શેરડી વિકાસ પરિષદ થાણા ભવનના અધ્યક્ષ જયપ્રકાશ રાણાના પુત્ર છે.

આ નિમણૂકના સમાચાર મળતા જ મુઝફ્ફરનગર અને તેમના વતનમાં ખુશીની લહેર દોડી ગઈ છે. પરિવારજનો અને મિત્રોએ એકબીજાને મીઠાઈ ખવડાવીને આ સિદ્ધિને વધાવી લીધી હતી. વિક્રાંત રાણાના પરિવારે આ મોટી જવાબદારી સોંપવા બદલ ઉત્તર પ્રદેશના માનનીય મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ અને મહામહિમ રાજ્યપાલનો આભાર વ્યક્ત કર્યો હતો.

આ નિમણૂકથી સ્થાનિક સ્તરે અનેક યુવા વકીલોમાં ઉત્સાહ જોવા મળી રહ્યો છે. વિક્રાંત રાણા હવે સર્વોચ્ચ અદાલતમાં ઉત્તર પ્રદેશ રાજ્યના જટિલ કાયદાકીય પક્ષોને મજબૂત રીતે રજૂ કરશે.

# રાજકોટની ફાર્મા કંપની સાથે ઉત્તરાખંડના મેનેજર અને પ્રોપરાઈટરનો ખેલ : 80.65 લાખની છેતરપિંડી

• રાજકોટ

શહેરના 150 ફૂટ રિંગ રોડ પર આવેલી 'યુબિક સોલ્યુશન પ્રા. લિ.' નામની ફાર્માસ્યુટિકલ કંપની સાથે 80.65 લાખની ગંભીર છેતરપિંડીનો મામલો સામે આવ્યો છે. કંપનીના જ ઉત્તરાખંડ ખાતેના મેનેજર અને એક પેઢીના પ્રોપરાઈટરે મળીને હિસાબોમાં ગોટાળા કરી, ખોટી ક્રેડિટ નોટ બનાવી કંપનીને આર્થિક ચૂનો લગાવ્યો હોવાની ફરિયાદ આર્થિક ગુના નિવારણ શાખામાં નોંધાઈ છે.રાજકોટમાં બિગબજાર પાછળ બ્રહ્મકુંજ સોસાયટી મેઈન રોડ પર શિવમ મકાનમાં રહેતા ફરિયાદી ઈલેશભાઈ ચુનીલાલ ખખ્ખરે નોંધાવેલી વિગતો મુજબ, તેમણે વર્ષ 2019માં વિનીતકુમાર સિંગને ઉત્તરાખંડ રાજ્ય માટે કંપનીના મેનેજર તરીકે નિયુક્ત કર્યા હતા.

માર્ગદર્શિકા — યાત્રિકો આસ્થા સાથે હિમાલય વિસ્તારમાં આવેલી ચારધામની યાત્રા ભક્તિભાવ સાથે પૂર્ણ કરે છે

# ચાર ધામ યાત્રાએ જતાં હો તો આ જરૂર વાંચી લો, આરોગ્ય વિભાગે જાહેર કરી માર્ગદર્શિકા

**પ્રિપેર્ડનેસ- તૈયારી: યાત્રાળુઓએ દરરોજ 5-10 મિનિટ શ્વસન સંબંધિત વ્યાયામ અને 20-30 મિનિટ ચાલવાની ટેવ પાડવી જોઈએ.**

• ગાંધીનગર

ગુજરાત સહિત ભારતભરમાંથી દર વર્ષે લાખો યાત્રિકો આસ્થા સાથે હિમાલય વિસ્તારમાં આવેલી ચારધામની યાત્રા ભક્તિભાવ સાથે પૂર્ણ કરે છે. ચારધામ યાત્રાના તમામ તીર્થસ્થળો સમુદ્ર સપાટીથી અંદાજે 2700 મીટરથી વધુ ઊંચાઈ પર આવેલા છે. આ અત્યંત ઊંચા હિમાલયી વિસ્તારોમાં પ્રવાસીઓને અતિશય ઠંડી, ઓછું વાયુ દબાણ, ઓક્સિજનની અછત અને વધુ પડતા અલ્ટ્રાવાયોલેટ કિરણો જેવી પડકારરૂપ પરિસ્થિતિઓનો સામનો કરવો પડે છે. આવા સમયે તમામ યાત્રિકોની સુરક્ષા અને સુગમ યાત્રા સુનિશ્ચિત કરવા ચારધામ યાત્રા -2026 માટે રાજ્યના આરોગ્ય વિભાગ દ્વારા વિશેષ માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી છે.

1. યાત્રા પૂર્વેની તૈયારી (3P - પ્લાનિંગ, પ્રિપેર્ડનેસ અને પેકિંગ)

પ્લાનિંગ - આયોજન: યાત્રાળુઓએ શરીરને ઊંચાઈ અને વાતાવરણ સાથે અનુકૂળ થવા માટે ઓછામાં ઓછા 7 દિવસની યાત્રાનું આયોજન કરવું જોઈએ. મુસાફરી દરમિયાન દર 1 કલાકના ટ્રેક કે 2 કલાકના વાહન પ્રવાસ બાદ 5-10 મિનિટનો વિરામ લેવો જોઈએ.



પ્રિપેર્ડનેસ- તૈયારી: યાત્રાળુઓએ દરરોજ 5-10 મિનિટ શ્વસન સંબંધિત વ્યાયામ અને 20-30 મિનિટ ચાલવાની ટેવ પાડવી જોઈએ. 55 વર્ષથી વધુ ઉંમરના વ્યક્તિઓ અથવા હૃદયરોગ, દમ, બ્લડ પ્રેશર કે ડાયાબિટીસનો ઈતિહાસ ધરાવતા યાત્રિકોએ મુસાફરી પહેલાં ફરજિયાત આરોગ્ય તપાસ કરાવી લેવી જોઈએ.

પેકિંગ: યાત્રાળુઓએ પૂરતા ગરમ કપડાં જેમ કે - સ્વેટર, થર્મલ, પફર જેકેટ, હાથમોજા, મોજાં, રેનકોટ અને છત્રી સાથે રાખો. પલ્સ ઓક્સિમીટર, થર્મોમીટર જેવા પ્રાથમિક સાધનો, નિયમિત દવાઓ સાથે રાખવી. જો ડૉક્ટર મુસાફરી કરવાની ના પાડે, તો યાત્રા ટાળવી.

2. યાત્રા દરમિયાન સાવચેતી

આરોગ્ય કેન્દ્રોની જાણકારી: યાત્રા માર્ગ પર આરોગ્ય વિભાગ દ્વારા સ્થાપિત મેડિકલ કેન્દ્રો, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને હૉસ્પિટલોના નકશાનો સંદર્ભ લેવો.

તાત્કાલિક લક્ષણો: જો કોઈ પણ યાત્રાળુને છાતીમાં દુખાવો, શ્વાસ લેવામાં તકલીફ, સતત ઉધરસ, ચક્કર આવવા, ચાલવામાં મુશ્કેલી, ઉલટી થવી, ત્વચા ઠંડી પડી જવી અથવા શરીરના કોઈ ભાગમાં સુનપણું લાગે તો વિલંબ કર્યા વિના નજીકના આરોગ્ય કેન્દ્રનો સંપર્ક કરવો.

સાવચેતી: યાત્રા દરમિયાન દારૂ, કેફિનયુક્ત પીણાં, ઊંઘની ગોળીઓ અને પેઈનકિલર્સ દવાઓથી દૂર રહેવું, ધૂમ્રપાન ન કરવું. આ ઉપરાંત પુષ્કળ પ્રમાણમાં પ્રવાહી જેમ કે ઓછામાં ઓછું 2 લીટર પાણી લેવું અને પૌષ્ટિક આહાર લેવો.

3. ખાસ ધ્યાન રાખવા જેવી બાબતો

યાત્રા દરમિયાન 55 વર્ષથી વધુ ઉંમરના વ્યક્તિઓ, ગર્ભવતીઓ , હૃદયરોગ, બ્લડ પ્રેશર, દમ, ડાયાબિટીસ અને સ્થૂળતા (ઓબેસિટી) ધરાવતા યાત્રિકોએ વિશેષ કાળજી રાખવી. કોઈપણ આરોગ્ય સંબંધિત કટોકટીના સમયે તરત જ 104 હેલ્પલાઈન નંબર પર સંપર્ક કરવો તેમ આરોગ્ય વિભાગની યાદીમાં જણાવાયું છે.

ચોરાયેલા મોબાઈલ રિકવરીમાં ગુજરાતનો દેશમાં ત્રીજો ક્રમ

# 53 હજારથી વધુ હેન્ડસેટ માલિકોને પરત મળ્યા, અમદાવાદ 56.70 સ્કોર સાથે ટોચ પર

સન્માનિત — રાજ્ય પોલીસ વડાએ શીલ્ડ અને પ્રમાણપત્ર આપીને સન્માનિત કર્યા

• ગાંધીનગર

ગુજરાત પોલીસ દ્વારા ચોરાયેલા મોબાઈલ શોધી કાઢવામાં નોંધપાત્ર સફળતા મળી છે. સમગ્ર દેશના મોટા રાજ્યોમાં ગુજરાતે ત્રીજો ક્રમ મેળવીને રાષ્ટ્રીય સરેરાશ કરતાં વધુ રિકવરી રેટ નોંધાવ્યો છે. છેલ્લા એક વર્ષમાં રાજ્યમાં કુલ 53,564 મોબાઈલ હેન્ડસેટ મૂળ માલિકોને પરત કરવામાં આવ્યા છે, જે 46.71 ટકા રિકવરી રેટ દર્શાવે છે.

ટેલિકોમ વિભાગ (DoT) અને ગુજરાત પોલીસના સંયુક્ત પ્રયાસોથી આ સિદ્ધિ શક્ય બની છે. કેન્દ્ર સરકારના 'સંચાર સાથી' પોર્ટલ અને CEIR મોડ્યુલનો અસરકારક ઉપયોગ કરીને મોબાઈલ ટ્રેકિંગ અને રિકવરી કામગીરીને વેગ મળ્યો છે.



રાષ્ટ્રીય સ્તરે મોબાઈલ રિકવરીનો દર 32.6 ટકા છે, જ્યારે ગુજરાત તેમાં ઘણું આગળ છે.

દેશમાં અત્યાર સુધીમાં 50 લાખથી વધુ મોબાઈલ બ્લોક રાજ્યમાં મોબાઈલ બ્લોક કરવાની કામગીરીમાં પણ નોંધપાત્ર કામગીરી થઈ છે. સમગ્ર દેશમાં અત્યાર સુધીમાં 50 લાખથી વધુ મોબાઈલ બ્લોક થયા છે, જેમાંથી ગુજરાતમાં જ 1.83 લાખથી વધુ હેન્ડસેટ બ્લોક કરવામાં આવ્યા છે.

અમદાવાદ 56.70 સ્કોર સાથે રાજ્યમાં ટોચ પર વર્ષ 2025-26 દરમિયાન જિલ્લાવાર કામગીરીમાં અમદાવાદ શહેર પ્રથમ ક્રમે રહ્યું છે. અમદાવાદમાં 25,500 બ્લોક વિનંતીઓ સામે 4,935 મોબાઈલ રિકવર થયા છે અને 56.70 સ્કોર સાથે ટોચ પર સ્થાન મેળવ્યું છે. ડાંગ જિલ્લામાં 77.33 ટકા જેટલો ઊંચો એક્યુરસી સ્કોર નોંધાયો છે, જે તેને બીજા સ્થાને લઈ જાય છે. જ્યારે ભાવનગર જિલ્લો 53.44 સ્કોર સાથે ત્રીજા ક્રમે રહ્યો છે.

રાજ્ય પોલીસ વડાએ શીલ્ડ અને પ્રમાણપત્ર આપીને સન્માનિત કર્યા ગુજરાત LSA દ્વારા અમલમાં મુકાયેલા CEIR રેન્કિંગ ફ્રેમવર્ક હેઠળ આ કામગીરીનું મૂલ્યાંકન કરવામાં આવ્યું છે. શ્રેષ્ઠ કામગીરી બદલ અમદાવાદ શહેર, ડાંગ અને ભાવનગર જિલ્લાના નોડલ અધિકારીઓને રાજ્ય પોલીસ વડા ડો. કે. એલ. એન. રાવ દ્વારા શીલ્ડ અને પ્રમાણપત્ર આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના માર્ગદર્શન હેઠળ રાજ્યમાં ટેક્નોલોજી આધારિત પોલીસિંગને પ્રોત્સાહન મળ્યું છે, જેના પરિણામે મોબાઈલ રિકવરીમાં ગુજરાતે રાષ્ટ્રીય સ્તરે આગવી ઓળખ ઉભી કરી છે. આ પહેલનો મુખ્ય હેતુ રાષ્ટ્રીય સુરક્ષા મજબૂત બનાવવાનો, ચોરાયેલા મોબાઈલનો દુરુપયોગ અટકાવવાનો અને ટેલિકોમ છેતરપિંડી પર નિયંત્રણ મેળવવાનો છે.

# વલાદ બ્રિજ પાસે ઈકોમાંથી વિદેશી દારૂના જથ્થા સાથે બુટલેગર ઝડપાયો

**હિંમતનગરથી અમદાવાદ તરફ લઈ જવાતો 1.22 લાખનો મુદ્દામાલ જપ્ત**

• ગાંધીનગર

ગાંધીનગરમાં પ્રોહિબિશનની કડક અમલ વચ્ચે ડભોડા પોલીસે પૂર્વ બાતમીના આધારે હિંમતનગરથી અમદાવાદ તરફ જઈ રહેલી એક ઈકો ગાડીને વલાદ બ્રિજ નજીક આંતરી લઈ વિદેશી દારૂ-બિયરના જથ્થા સહિત કુલ રૂ.1.22 લાખના મુદ્દામાલ સાથે કુબેરનગરના બુટલેગરને ઝડપી લઈ વધુ તપાસ હાથ ધરી છે.

ગાંધીનગરના ડભોડા પોલીસ મથકની ટીમ દારૂ જુગારની પ્રવૃત્તિઓ પર અંકુશ મેળવવા માટે પેટ્રોલિંગ કરી રહી હતી. એ દરમિયાન બાતમી મળી હતી કે વિદેશી દારૂ ભરેલી એક સફેદ કલરની ઈકો ગાડી (નં. GJ-27K-1885) હિંમતનગર તરફથી નેશનલ હાઈવે-8 ઉપર થઈને અમદાવાદ તરફ જઈ રહી છે.

આ બાતમીના આધારે પોલીસની ટીમે વલાદ બ્રિજના છેડા પાસે નાકાબંધી કરી હતી. આ દરમિયાન બાતમી મુજબની ગાડી આવતા પોલીસે તેને કોર્ડન કરીને અટકાવી હતી. બાદમાં




ગાડીની તપાસ કરતા ડ્રાઈવિંગ સીટ પર બેઠેલા શખ્સે પોતાનું નામ પ્રદીપ પ્રકાશચંદ્ર ખટવાણી (રહે. મકાન નંબર 5/5, માયા સિનેમા પાસે, કુબેરનગર, અમદાવાદ) હોવાનું જણાવ્યું હતું.

પોલીસે ગાડીના પાછળના ભાગે તપાસ કરી તો તેમાંથી અંદાજિત 23 હજારની કિંમતનો ભારતીય બનાવટના વિદેશી દારૂના 72 ક્વાર્ટર તેમજ 96 બિયરના ટીનનો જથ્થો મળી આવ્યો હતો. જેના પગલે પોલીસે દારૂના જથ્થા સહિત કુલ રૂ.1.22 લાખનો મુદ્દામાલ સાથે બુટલેગરની ધરપકડ કરી આ જથ્થો ક્યાંથી લાવવામાં આવ્યો હતો અને કોને પહોંચાડવાનો હતો તે દિશામાં વધુ તપાસ હાથ ધરી છે.

# ડભોઈ તાલુકાના મંડાળા ગામે આધુનિકતાના નામે ગંદકીનું સામ્રાજ્ય નવનિર્મિત એસટી ડેપો બન્યું નરકાગાર

ડભોઈ તાલુકાના મંડાળા ગામે આધુનિકતાના નામે ગંદકીનું સામ્રાજ્ય નવનિર્મિત એસટી ડેપો બન્યું નરકાગાર, મુસાફરો સુવિધા માટે તરસે છે ગુજરાત સરકાર દ્વારા ગામડાઓના વિકાસ માટે આધુનિક એસટી ડેપોના નિર્માણની મોટી મોટી વાતો કરવામાં આવે છે, પરંતુ ડભોઈ તાલુકાના મંડાળા ગામે વાસ્તવિકતા કંઈક અલગ જ જોવા મળી રહી છે. અહીં કરોડોના ખર્ચે નવું ડેપો તો તૈયાર કરી દેવાયું છે, પરંતુ લોકાર્પણના ટૂંકા ગાળામાં જ આ ડેપો ગંદકી અને અવ્યવસ્થાનો પર્યાય બની ગયું છેચારેતરફ ગંદકી અને દુર્ગંધનું સામ્રાજ્ય નવા બનેલા એસટી ડેપોની આસપાસ ગંદા કચરાના ઢગલા અને ગંદા પાણીના ખાબોચિયાં ભરાયેલા જોવા મળે છે. કચરો અને હર પ્રકારની ગંદકી ખુલ્લેઆમ નાખવામાં આવતી હોવાથી સમગ્ર વિસ્તારમાં અસહ્ય દુર્ગંધ ફેલાઈ રહી છે. ડેપો પર બસની રાહ જોઈને ઉભેલા મુસાફરોને આ ગંદકીના કારણે નાકે રૂમાલ રાખવાની ફરજ પડી રહી છે, અને રોગચાળો ફેલાવાનો ભય પણ સતાવી રહ્યો છે.નવા ડેપોમાં સુવિધાઓનો સદંતર અભાવ આશ્ચર્યની વાત તો એ છે કે ડેપો હજુ નવું જ નિર્માણ પામ્યું છે, તેમ છતાં અહીં પાયાની સુવિધાઓ રામભરોસે છે. મુસાફરોને બેસવા માટે મુકવામાં આવેલા બાંકડાઓ અત્યારથી જ તૂટી ગયા છે, જેના કારણે વૃદ્ધો અને મહિલાઓને કલાકો સુધી ઊભા રહીને બસની પ્રતીક્ષા કરવી પડે છે. એક તરફ સરકાર 'સ્વચ્છ ભારત' અને 'આધુનિક ગુજરાત'ના નારા લગાવે છે, ત્યારે મંડાળાનું આ એસટી ડેપો તંત્રની પોકળ વાતોની ચાડી ખાય છે.આધુનિકતા માત્ર કાગળ પર ગામના લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. ગ્રામજનોનું કહેવું છે કે, 'ડેપો તો નવું બનાવ્યું પણ તેની જાળવણી કે સુવિધા બાબતે કોઈ જ પ્રકારનું આયોજન દેખાતું નથી એક તરફ આધુનિક ઈમારત ઉભી કરી દેવામાં આવી છે .

# ડભોઇ તાલુકાના નડા પાસે માર્ગો બન્યા મરણિયા તંત્રની નિષ્કાળજીથી વાહનચાલકો ત્રાહિમામ



ડભોઈ તાલુકાના નડા પાસે માર્ગો બન્યા મરણિયા તંત્રની નિષ્કાળજીથી વાહનચાલકો ત્રાહિમામ શું કોઈ મોટી હોનારતની જોવાય છે રાહ ડભોઈ તાલુકાના નડા ગામની સીમમાંથી પસાર થતા મુખ્ય માર્ગ પર સર્જાયેલા વિશાળ ખાડાઓએ સ્થાનિકો અને વાહનચાલકોની ઊંઘ હરામ કરી દીધી છે. લાંબા સમયથી આ માર્ગ પર મસમોટા ખાડાઓનું સામ્રાજ્ય હોવા છતાં તંત્ર ઘોર નિદ્રામાં હોય તેવું લાગી રહ્યું છે. જવાબદાર અધિકારીઓની ઘોર બેદરકારીનો ભોગ હાલ સામાન્ય જનતા બની રહી છે વારંવારની રજૂઆતો છતાં તંત્રના બહેરા કાન સ્થાનિક લોકો દ્વારા આ જોખમી માર્ગ અંગે માર્ગ અને મકાન વિભાગને અનેકવાર મૌખિક તેમજ લેખિત રજૂઆતો કરવામાં આવી છે. તેમ છતાં પરિસ્થિતિ જસની તસ છે. ખાડાઓ પૂરવાની કામગીરી ન થતા રોડ પરથી પસાર થતા દ્વિચક્રી અને ચાર ચક્રી વાહનચાલકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.

**બેઠકવાર વિશ્લેષણ: ક્યાં શું થયું?**

# નર્મદામાં કોંગ્રેસનો કરુણ રકાસ: 151માંથી માત્ર 4 બેઠકો, વિપક્ષમાં બેસવાને પણ ન રહી લાયક!

રાજપીપલા: નર્મદા જિલ્લાની સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓના પરિણામોએ રાજકીય આલમમાં ભારે ખળભળાટ મચાવ્યો છે. જિલ્લામાં કોંગ્રેસના સુપડા સાફ થઈ ગયા હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. કુલ 151 બેઠકો પૈકી કોંગ્રેસના ફાળે સમ ખાવા પૂરતી માત્ર 4 બેઠકો જ આવી છે, જે નર્મદા જિલ્લાના ઈતિહાસમાં કોંગ્રેસનું અત્યાર સુધીનું સૌથી કંગાળ પ્રદર્શન મનાય છે.

બેઠકવાર વિશ્લેષણ: ક્યાં શું થયું?

નર્મદા જિલ્લા પંચાયતની તમામ 22 બેઠકો પર કોંગ્રેસ શૂન્ય પર આઉટ થઈ છે. તેવી જ રીતે રાજપીપળા નગરપાલિકાની 28



બેઠકો પર પણ કોંગ્રેસનું ખાતું ખૂલ્યું નથી. તાલુકા પંચાયતોની સ્થિતિ પણ દયનીય છે:

* તિલકવાડા: 16માંથી 03 બેઠક
* નાંદોદ: 17માંથી 01 બેઠક
* ગરૂડેશ્વર, સાગબારા, દેડિયાપાડા અને ચીકદા: તમામમાં કોંગ્રેસને 0 બેઠક મળી છે.

હારના મુખ્ય કારણો: નેતૃત્વની નિષ્ફળતા અને સંગઠનમાં ભંગાણ

ચૂંટણી પહેલા જ કોંગ્રેસના દિગ્ગજ અને સિનિયર નેતાઓ પક્ષ છોડીને ભાજપ અને 'આપ'માં જોડાઈ જતાં સંગઠનમાં મોટો શૂન્યાવકાશ સર્જાયો હતો. જિલ્લા પ્રમુખ અને સિનિયર નેતાઓ પ્રચારમાં નિષ્ફળ રહ્યા હોવાનો ગણગણાટ કાર્યકરોમાં જોવા મળી રહ્યો છે. આ ઉપરાંત:

1. સોશિયલ મીડિયાનો અભાવ: ભાજપ અને આપ સામે કોંગ્રેસનું ડિજિટલ નેટવર્ક સાવ નબળું સાબિત થયું.
2. કાર્યાલયની કમી: આટલા વર્ષો પછી પણ નર્મદામાં કોંગ્રેસ પાસે પોતાનું કાયમી કાર્યાલય નથી.
3. નિષ્ક્રિય નેતૃત્વ: હાર બાદ પણ નેતાઓએ જવાબદારી સ્વીકારવાની તસ્દી લીધી નથી.

આગામી ચેતવણી:

જો કોંગ્રેસ હજુ પણ 'પાણી પહેલા પાળ' નહીં બાંધે અને સંગઠનમાં ધરમૂળથી ફેરફાર નહીં કરે, તો આગામી વિધાનસભા ચૂંટણીમાં પણ આનાથી વધુ શરમજનક સ્થિતિનો સામનો કરવો પડી શકે છે.

## તંત્રીની કલમે

# આભાસી ચમક પાછળ દોડતી દુનિયામાં 'મનની સુંદરતા' જ સાચું ઘરેણું

-પવન માકન (ગ્રુપ એડિટર, પાક્કો ગુજરાત)

આજના આધુનિક યુગમાં આપણે સુંદરતાને માત્ર 'ફિલ્ટર્સ' અને 'મેકઅપ'ના ચશ્માથી જોતા થઈ ગયા છીએ. સોશિયલ મીડિયાના યુગમાં ચહેરાની ચમક વધારવા પાછળ લાખોનો ખર્ચ કરતો માનવી ક્યાંક ને ક્યાંક મનની નિર્મળતા ખોઈ રહ્યો છે. પરંતુ યાદ રાખો, સુંદરતા માત્ર ચહેરાની ચમકમાં નથી, પણ મનની સાદગીમાં વસે છે.

દેખાવ ક્ષણભંગુર છે, વ્યક્તિત્વ શાશ્વત છે

ચહેરો તો સમયના વહેણ સાથે બદલાતો રહે છે. જુવાનીની ઓટ આવશે એટલે શારીરિક



સુંદરતા પણ ઓસરી જશે, પરંતુ જે અડીખમ રહેશે એ છે તમારો સ્વભાવ અને વિચાર. લોકો તમારા ચહેરાના નકશાને કદાચ ભૂલી જશે, પણ તમે તેમની સાથે કરેલા વ્યવહાર અને તમારા વિચારોની સુગંધ હંમેશા યાદ રહેશે.

સાચી સુંદરતાની કસોટી શું?

વેદપુત્રીએ સુંદરતાની જે વ્યાખ્યા આપી છે, તે આજના સમયમાં પાઠશાળાના પાઠ સમાન છે. સાચી સુંદરતા એ છે જે:

* સત્યને જોતી આંખો: જે આંખોમાં બીજા માટે આદર અને સત્ય જોવાની હિંમત હોય.
* શુદ્ધ હૃદય: જે હૃદય હકારાત્મકતાથી ભરેલું હોય અને બીજાના સુખમાં સુખી થાય.
* વાણીમાં મીઠાશ: જે શબ્દો કોઈના જખમ પર મલમનું કામ કરે, તે જ શબ્દો વ્યક્તિને સુંદર બનાવે છે.

ભલાઈ એ જ શ્રેષ્ઠ આભૂષણ જે વ્યક્તિ બીજાના દુ:ખે દુ:ખી થાય છે, મદદ માટે નિ:સ્વાર્થ ભાવે હાથ લંબાવે છે અને ગમે તેવી મુશ્કેલીમાં પણ સચ્ચાઈનો રસ્તો નથી છોડતી, તે વ્યક્તિ દુનિયાની નજરમાં ભલે સાધારણ હોય, પણ કુદરતની નજરમાં સૌથી સુંદર છે.

'પાક્કો ગુજરાત' ના વાચકોને મારો એ જ સંદેશ છે કે, ચહેરાને ચમકાવવા પાછળ સમય બગાડવા કરતા મનને મઠારવા પાછળ મહેનત કરો. યાદ રાખજો, જેની પાસે સુંદર મન છે તેને કોઈ અરીસાની જરૂર નથી પડતી. કારણ કે, સાચી સુંદરતા આંખોથી નહીં, પણ અંતરથી અનુભવાય છે.

પવન માકન

---

ઘટસ્ફોટ

DNA ટેસ્ટ અને મૃતક ધવલની ઓળખ થઈ

# અમદાવાદના સાબરમતી રીવરફ્રન્ટમાંથી મળેલી લાશમાં હત્યાનો ચોંકાવનારો ઘટસ્ફોટ

## યુવક પર તીક્ષ્ણ હથિયારોથી હુમલો કરીને નદીમાં ફેંકી દીધો હતો, ચહેરો ખરડાયેલો શરીર પર ઘાથી મર્ડર મિસ્ટ્રી પોલીસે સોલ્વ કરી

અમદાવાદ : અમદાવાદના સાબરમતી નદીમાં થોડા દિવસ પહેલા મળેલી બિનવારસી લાશના કેસમાં હવે ચોંકાવનારો ખુલાસો થયો છે. શરૂઆતમાં અજાણ્યા યુવકની લાશ મળતા પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધ્યો તો પરંતુ આ કેસ હવે હત્યામાં ફેરવાયો છે. યુવક પર તીક્ષ્ણ હથિયારોથી હુમલો કરીને નદીમાં ફેંકી દીધો હતો, ચહેરો ખરડાયેલો શરીર પર ઘાથી મર્ડર મિસ્ટ્રી પોલીસે સોલ્વ કરી.

મૃતકની ઓળખ ગાંધીનગર જિલ્લાના રાધેજા ગામના પ્રજાપતીવાસમાં રહેતા ધવલ સોમાભાઈ રાવળ તરીકે થઈ છે. આ મામલે તેના પિતા સોમાભાઈ રાવળે સાબરમતી રીવરફ્રન્ટ ઈસ્ટ પોલીસ સ્ટેશનમાં અજાણ્યા શખ્સો વિરુદ્ધ હત્યાની ફરિયાદ નોંધાવી છે.



ભાગોળે બેસવા ગયો અને ઘરે પરત ન ફર્યો

મળતી માહિતી મુજબ, 66 વર્ષીય સોમાભાઈ રાવળ મૂળ મહેસાણા જિલ્લાના વિજાપુર તાલુકાના પીલવાઈ ગામના વતની છે અને હાલમાં રાધેજા ગામમાં રહે છે. તેઓ રિક્ષા ચલાવી પરિવારનું ગુજરાન ચલાવે છે. સોમાભાઈને બે પુત્ર અને પાંચ પુત્રીઓ છે. તેમના મોટા પુત્ર મહેશને આંખની ગંભીર તકલીફ હોવાથી તેને દેખાતું નથી, જ્યારે નાના પુત્ર ધવલે વર્ષ 2017માં ગુલાબ નામની યુવતી સાથે પ્રેમલગ્ન કર્યા હતાં. દંપતીને પાંચ વર્ષનો એક પુત્ર છે. જોકે, પારિવારિક મતભેદોને કારણે ધવલની પત્ની છેલ્લા દોઢ વર્ષથી પીયરમાં રહેતી હોવાનું સામે આવ્યું છે.

પેથાપુર પોલીસ સ્ટેશનમાં ગુમ થવાની ફરિયાદ નોંધાઈ

ગુમશુદગીથી શરૂ થયેલી ઘટના થોડા દિવસ પહેલાં સોમાભાઈ રોજની જેમ રિક્ષા લઈને કામ પર નીકળ્યા હતા. તે સમયે તેમના બંને પુત્ર મહેશ અને ધવલ ઘરે હાજર હતા. રાત્રે ઘરે પરત ફર્યા બાદ સોમાભાઈએ ધવલ અંગે પૂછપરછ કરતા મહેશે જણાવ્યું કે, ધવલ ભાગોળે બેસવા માટે ગયો છે. પરંતુ મોડીરાત સુધી ધવલ ઘરે પરત ન ફરતા પરિવારજનો ચિંતિત બન્યા હતા. સોમાભાઈએ પોતાના સગા-સંબંધીઓ તથા ઓળખીતાઓ પાસે ધવલ અંગે પૂછપરછ કરી હતી, છતાં કોઈ માહિતી મળી નહોતી. અંતે તેમણે પેથાપુર પોલીસ સ્ટેશનમાં ધવલ ગુમ થવાની ફરિયાદ નોંધાવી હતી.

રીવરફ્રન્ટમાંથી મળેલી લાશમાં હત્યાનો ઘટસ્ફોટ

સાબરમતી રીવરફ્રન્ટ કિનારેથી એક અજાણ્યા યુવકની લાશ મળી આવી હતી. ચહેરો ખરડાયેલો શરીર પર ઘા, અને સૌથી અજીબ હાથ, બાવડા અને શરીરના ભાગોમાં લખાયેલા નામો D, DG, ભાવેશ, ધવલ લખ્યુ હતું. આ સાથે જ હાથમાં બાંધેલો લાલ દોરો. આ બધું પોલીસ માટે મહત્વના ક્લૂ બન્યા જેથી તેની ઓળખ થઈ શકે દરમિયાનમાં સોમાભાઈએ પણ પેથાપુર પોલીસ સ્ટેશનમાં ગુમ થવાની ફરિયાદ કરી હતી.

પોલીસે સોમાભાઈને લાશનો ફોટો બતાવતા તેમને પોતાના પુત્ર હોવાની શંકા ગઈ કે શું આ મારો ધવલ છે? પરંતુ ખાતરી માટે DNA ટેસ્ટ કરવામાં આવ્યો. રિપોર્ટ આવ્યા બાદ પુષ્ટિ થઈ કે રીવરફ્રન્ટ પરથી મળેલી લાશ ધવલની જ હતી.\માથા અને ચહેરા પર તીક્ષ્ણ હથિયારોથી હુમલાનો રિપોર્ટ

પોસ્ટમોર્ટમ રિપોર્ટ મુજબ ધવલની હત્યા અત્યંત નિર્દયતાથી કરવામાં આવી હતી. તેના માથા અને ચહેરા પર બોથડ તથા તીક્ષ્ણ હથિયારોથી વારંવાર હુમલો કરવામાં આવ્યો હતો. હત્યા કર્યા બાદ આરોપીઓએ લાશને નદીમાં ફેંકી દીધી હતી જેથી પુરાવા નષ્ટ થઈ જાય અને ઓળખ છુપાઈ રહે.

અજાણ્યા આરોપીઓ વિરુદ્ધ હત્યાનો ગુનો નોંધાયો આ સમગ્ર મામલે સાબરમતી રીવરફ્રન્ટ ઈસ્ટ પોલીસે અજાણ્યા આરોપીઓ વિરુદ્ધ હત્યાનો ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. હાલમાં હત્યાનું ચોક્કસ કારણ સામે આવ્યું નથી, પરંતુ પારિવારિક વિવાદ, અંગત અદાવત અથવા અન્ય કોઈ કારણને ધ્યાનમાં રાખીને પોલીસ વિવિધ એંગલથી તપાસ કરી રહી છે.

---

# ભરૂચના શુકલતીર્થમાં વહેલી સવારે રહેણાંક મકાનમાં ભીષણ આગ

## માતાજીના દીવા પાસે પ્રગટેલી જ્વાળાએ વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું: સદનસીબે જાનહાનિ ટળી

• ભરૂચ,

ભરૂચ તાલુકાના ઐતિહાસિક શુકલતીર્થ ગામના પરમાર ફળિયામાં ગતરોજ વહેલી સવારે એક રહેણાંક મકાનમાં અચાનક આગ ફાટી નીકળતા અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. આ દુર્ઘટનામાં મકાનમાં રહેલી તમામ ઘરવખરી બળીને ખાખ થઈ ગઈ હતી, જોકે સદનસીબે કોઈ જાનહાનિ ન થતા પરિવારે અને ગ્રામજનોએ રાહતનો શ્વાસ લીધો હતો. ઘટનાની પ્રાપ્ત વિગતો અનુસાર, શુકલતીર્થના પરમાર ફળિયામાં રહેતા સુભાષભાઈના ઘરે વહેલી સવારે રોજિંદી પૂજા-અર્ચના બાદ માતાજીના



સ્થાન પાસે દીવો પ્રગટાવવામાં આવ્યો હતો. સુભાષભાઈ પોતાના ધંધા અર્થે બહાર ગયા બાદ, દીપની જ્વાળા કોઈ કારણોસર પ્રસરી હતી અને જોતજોતામાં સમગ્ર મકાનને આગે લપેટમાં લઈ લીધું હતું. મકાનમાંથી ધુમાડાના ગોટેગોટા નીકળતા જોઈ સ્થાનિકોએ તાત્કાલિક મદદ માટે દોડી આવ્યા હતા અને ફાયર બ્રિગેડને જાણ કરી હતી.આગની ઘટનાની જાણ થતા જ ભરૂચ નગરપાલિકાની ફાયર ફાઈટરની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. ફાયરના જવાનોએ ભારે જહેમત બાદ ગણતરીના સમયમાં જ આગ પર કાબૂ મેળવી લીધો હતો, જેના કારણે આગ વધુ પ્રસરી શકી ન હતી. જોકે, આગ એટલી ભીષણ હતી કે મકાનમાં રહેલું અનાજ, કપડાં, ફર્નિચર અને અન્ય કિંમતી ઘરવખરી સંપૂર્ણપણે બળીને નષ્ટ થઈ ગઈ હતી.

---

# દૂધધારા ડેરીના નિયામક મંડળની બેઠકમાં દૂધના ખરીદ ભાવમાં વધારો જાહેર

## ગ્રાહકો માટે દૂધધારા ઘી હવે આકર્ષક અને સુરક્ષિત 500 મિલીના નવા ટીન પેકિંગમાં લોન્ચ કરાયું

• ભરૂચ,

ભરૂચ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ (દૂધધારા ડેરી) ના નિયામક મંડળની મહત્વની બેઠક ચેરમેન ઘનશ્યામભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી. આ બેઠકમાં આગામી ઉનાળાની સિઝનને ધ્યાનમાં રાખીને પશુપાલકોના હિતમાં દૂધના ખરીદ ભાવમાં નોંધપાત્ર વધારો કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ બેઠકમાં ડેરીના તમામ ડિરેક્ટરો અને ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા અને ડેરીના વિકાસલક્ષી વિવિધ એજન્ડાઓ પર ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.

ચેરમેન ઘનશ્યામભાઈ પટેલે વિગતો આપતા જણાવ્યું હતું કે, ઉનાળામાં પશુપાલકોને આર્થિક ટેકો મળી રહે તે હેતુથી સંઘ દ્વારા ગાયના દૂધના ભાવમાં કિલો ફેટે રૂપિયા 10નો વધારો કરી નવો ભાવ રૂ. 835 નક્કી કરાયો છે. જ્યારે ભેંસના દૂધના ભાવમાં કિલો ફેટે રૂપિયા 15નો વધારો કરી નવો ભાવ રૂ. 840 કરવામાં આવ્યો છે. આ નિર્ણયથી જિલ્લાના હજારો દૂધ ઉત્પાદકોની આવકમાં વધારો થશે.

ડેરીના નિયામક મંડળ માટે ગૌરવની બાબત એ રહી કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય સહકાર મંત્રી અમિત શાહની પ્રેરણાથી સ્થપાયેલ રાષ્ટ્રીય કક્ષાના 'સરદાર પટેલ કો. ઓ. ડેરી ફેડરેશન'માં દૂધધારા ડેરીના ચેરમેન ઘનશ્યામભાઈ પટેલની ડિરેક્ટર તરીકે વરણી કરવામાં આવી છે. આ નિમણૂક બદલ નિયામક મંડળ અને પશુપાલકોએ તેમને શુભેચ્છાઓ પાઠવી હતી.

ગ્રાહકોની સુવિધા અને ગુણવત્તાને પ્રાધાન્ય આપતા ડેરી દ્વારા 500 મિલીના નવા ટીન પેકિંગમાં 'દૂધધારા ઘી' લોન્ચ કરવામાં આવ્યું છે. જેમાં દૂધધારા ગાયનું ઘી (500 ML ટીન) રૂ. 345 અને મિશ્ર ઘી રૂ. 330ના ભાવે બજારમાં ઉપલબ્ધ થશે. સંઘ દ્વારા હવે પ્લાસ્ટિક પાઉચ પેકિંગને તબક્કાવાર બંધ કરી ટીન પેકિંગ પર ભાર મૂકવામાં આવશે, જેથી ગ્રાહકોને લાંબા સમય સુધી શુદ્ધ અને ફ્રેશ ઘી મળી રહે.આ બેઠકમાં ડેરીના તમામ ડિરેક્ટરો અને ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા અને ડેરીના વિકાસલક્ષી વિવિધ એજન્ડાઓ પર ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.

---

## રાશીફળ (તા.01-05-2026)

| | |
|---|---|
| મેષ (અ.લ.ઈ) | આવતીકાલનો દિવસ તમારા માટે ઉત્સાહવર્ધક રહેશે. અટકેલા કાર્યો પૂર્ણ થવાની શક્યતા છે. સામાજિક પ્રતિષ્ઠામાં વધારો થશે અને મિત્રો સાથે સારો સમય પસાર થશે. |
| વૃષભ (બ.વ.ઉ) | આર્થિક દ્રષ્ટિએ દિવસ મધ્યમ રહેશે. બિનજરૂરી ખર્ચ પર કાબૂ રાખવો જરૂરી છે. કાર્યક્ષેત્રમાં થોડી મહેનત વધુ કરવી પડશે, પરંતુ અંતે સફળતા મળશે. |
| મિથુન (ક.છ.ઘ) | આવતીકાલે તમે માનસિક શાંતિનો અનુભવ કરશો. પરિવારમાં ખુશીનું વાતાવરણ રહેશે. નવો પ્રોજેક્ટ શરૂ કરવા માટે દિવસ ઉત્તમ છે. સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું. |
| કર્ક (ડ.હ) | તમારા આત્મવિશ્વાસમાં વધારો થશે. વ્યવસાયમાં નવા કરાર થઈ શકે છે. જૂના મિત્રો સાથે મુલાકાત થવાના યોગ છે. લાંબી મુસાફરી ટાળવી હિતાવહ છે. |
| સિંહ (મ.ટ) | કાર્યક્ષેત્રમાં તમારી આવડતની પ્રશંસા થશે. સરકારી કામકાજમાં સફળતા મળશે. વાણી પર સંયમ રાખવો, નહીંતર નજીકના લોકો સાથે મનદુઃખ થઈ શકે છે. |
| કન્યા (પ.ઠ.ણ) | ભાગ્યનો સાથ મળશે. ધાર્મિક કાર્યોમાં રુચિ વધશે. વેપારમાં નાણાકીય લાભ થવાની પ્રબળ શક્યતા છે. સંતાનો તરફથી સારા સમાચાર મળી શકે છે. |
| તુલા (ર.ત) | આવતીકાલે થોડી સાવધાની રાખવી. વાહન ચલાવતી વખતે ધ્યાન રાખવું. કોઈ પણ નિર્ણય લેતા પહેલા વડીલોની સલાહ ચોક્કસ લેવી. આર્થિક લેવડદેવડમાં સાવચેત રહેવું. |
| વૃશ્ચિક (ન.ય.) | જીવનસાથી સાથેના સંબંધો મધુર બનશે. ભાગીદારીના કામમાં લાભ થશે. મન પ્રસન્ન રહેશે અને કોઈ પ્રિય વ્યક્તિ સાથે મુલાકાત થઈ શકે છે. |
| ધન (ભ.ધ.ફ.ઢ) | તમારા વિરોધીઓ પરાસ્ત થશે. લાંબા સમયથી ચાલી આવતી બીમારીમાં રાહત મળશે. કોર્ટ-કચેરીના કામમાં સફળતા મળી શકે છે. ખર્ચમાં વધારો થઈ શકે છે. |
| મકર (ખ.જ) | વિદ્યાર્થીઓ માટે દિવસ પ્રગતિકારક છે. સર્જનાત્મક કાર્યોમાં સફળતા મળશે. પ્રેમ સંબંધોમાં નિકટતા આવશે. આકસ્મિક ધનલાભના યોગ બની રહ્યા છે. |
| કુંભ (ગ.શ.સ.ષ) | જમીન કે મકાન સંબંધી કાર્યોમાં પ્રગતિ થશે. માતાના સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું. માનસિક ચિંતા રહી શકે છે, પરંતુ સાંજ સુધીમાં પરિસ્થિતિ સુધરશે. |
| મીન (દ.ચ.ઝ.થ) | તમારા પરાક્રમમાં વધારો થશે. ટૂંકી મુસાફરીના યોગ છે. ભાઈ-બહેનોનો સહયોગ પ્રાપ્ત થશે. નવા સંપર્કોથી ભવિષ્યમાં મોટો ફાયદો થઈ શકે છે. |

---

# અંકલેશ્વરમાં પોલીસ-બુટલેગરનું 'ઈલુ-ઈલુ': શું ખાખી જ ગુનેગારોની રક્ષક બની ગઈ છે?

## ચોટા બજાર: જ્યાં કાયદો નહી, 'વિજય 'નો સિક્કો ચાલે છે!

• ભરૂચ/અંકલેશ્વર

ગુજરાતમાં દારૂબંધીના કાયદાની કેવી ઐસીતૈસી થાય છે, જોવું હોય તો અંકલેશ્વર આવવું પડે. અહીં ઉદ્યોગોના ધુમાડા કરતા દારૂ અને જુગારના અડ્ડાઓનો 'કાળો કારોબાર' વધુ ગાજી રહ્યો છે. પોલીસની છત્રછાયા હેઠળ પાંગરી રહેલું આ પાપ હવે જનતાના જીવ લેવા તૈયાર બેઠું હોય તેમ લાગે છે.

અંકલેશ્વર રેલવે સ્ટેશન પાસે આવેલા ચોટા બજારના ઝૂંપડપટ્ટી વિસ્તારમાં 'વિજય' નામના શખ્સે જાણે પોતાનું અલગ જ રાજ્ય સ્થાપ્યું છે. અહીં 'વરલી મટકા' અને 'આસરા' જેવા જુગારના અડ્ડાઓ પર સુરત, વાપી અને વલસાડથી જુગારીઓ આવે છે. આ બધું પોલીસની આંખ નીચે થાય છે, છતાં તંત્ર 'ગાંધારી'ની ભૂમિકામાં છે.

ખાખીમાં છુપાયેલા 'ગદ્દારો': બાતમીદારની વિગતો ગુનેગારના ખિસ્સામાં!

'પાક્કો ગુજરાત'ના ઈન્વેસ્ટિગેશનમાં ચોંકાવનારો ઘટસ્ફોટ થયો છે કે, સ્થાનિક પોલીસ અને એલસીબી (LCB)ના કેટલાક ભ્રષ્ટ અધિકારીઓ માત્ર હપ્તા જ નથી ખાતા, પણ બાતમીદારોનો સોદો પણ કરે છે.

* પોલીસનો ખેલ: જ્યારે કોઈ જાગૃત નાગરિક પોલીસને બાતમી આપે, ત્યારે




પોલીસ રેડ કરવાને બદલે બાતમીદારનો નંબર વિજય જેવા ગુંડાઓને આપી દે છે.

* નીલ રેડનો ડ્રામા: તાજેતરમાં એવા પણ કિસ્સા બન્યા છે કે પોલીસે સ્થળ પર જઈને માત્ર 'સેટિંગ' કર્યું અને કાગળ પર 'નીલ રેડ' (કાંઈ મળ્યું નથી) બતાવીને ગુનેગારોને ક્લીન ચિટ આપી દીધી.

'પાક્કો ગુજરાત'ના સળગતા સવાલો:

1. ભરૂચ એસપી સાહેબ! શું તમારો ગુપ્તચર વિભાગ નિષ્ફળ ગયો છે કે પછી મોટા અધિકારીઓના આશીર્વાદથી આ 'હપ્તા રાજ' ચાલે છે?
2. એ-ડિવિઝન PI ચાવડા અને LCB PI વાળા: શું તમને આ ખુલ્લેઆમ ચાલતા અડ્ડા દેખાતા નથી? શું તમે કોઈ મોટા 'લઠ્ઠાકાંડ' અને નિર્દોષોના મોતના મલાજાની રાહ જોઈ રહ્યા છો?
3. શું હવે SMC જ અંતિમ આશા? જો સ્થાનિક પોલીસ લાચાર હોય, તો શું હવે ગાંધીનગરની સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC) અંકલેશ્વરને આ દૂષણમાંથી મુક્ત કરાવશે?

ચેતવણી! અંકલેશ્વરમાં વેચાતો કેમિકલયુક્ત દેશી દારૂ ક્યારે 'મોતના સોદાગર' જેવો સાબિત થશે તે કહેવું મુશ્કેલ છે. જો કોઈ દુર્ઘટના ઘટશે, તો તેનો સીધો જવાબદાર અંકલેશ્વરનો પોલીસ કાફલો રહેશે.

'પાક્કો ગુજરાત' આ મિલીભગતનો પર્દાફાશ કરતું રહેશે. જ્યાં સુધી આ ભ્રષ્ટ અધિકારીઓ અને વિજય જેવા માફિયાઓ જેલના સળિયા પાછળ નહીં જાય, ત્યાં સુધી અમારી કલમ ઝૂકશે નહીં.

---

# અંકલેશ્વર NH-48 પર ઉભેલી હાઈવા ટ્રક પાછળ ટેમ્પો ઘુસી જતાં ગંભીર અકસ્માત



• અંકલેશ્વર,

નેશનલ હાઈવે નંબર 48 પર અંકલેશ્વર નજીક એક ગંભીર માર્ગ અકસ્માત સર્જાયો હતો. સુરત તરફ જતા માર્ગ પર ઈન્ડિયન ઓઈલ પેટ્રોલ પંપ સામે ઉભેલી એક હાઈવા ટ્રક પાછળ ટેમ્પો ધડાકાભેર અથડાતા ટેમ્પો ચાલકનું ગંભીર ઈજાઓના કારણે ઘટનાસ્થળે જ મોત નીપજ્યું છે. ઘટનાની વિગત મુજબ, હાઈવે પર સુરત તરફ જતા ટ્રેક પર એક હાઈવા ટ્રકના ચાલકે પોતાની ટ્રક કોઈપણ પ્રકારના રિફ્લેક્ટર કે આડસ વગર જોખમી રીતે પાર્ક કરી હતી. આ દરમિયાન પાછળથી આવી રહેલો ટેમ્પો આ ઉભેલી ટ્રક સાથે પાછળના ભાગે જોરદાર રીતે ભટકાયો હતો. અકસ્માત એટલો ભીષણ હતો કે ટેમ્પોનો આગળનો ભાગ કચ્ચરઘાણ વળી ગયો હતો.

આ અકસ્માતમાં મૂળ ઉત્તર પ્રદેશના વતની અને ટેમ્પો ચાલક રાજેશ બીંદ (ઉંમર 43 વર્ષ) કેબિનમાં જ ફસાઈ ગયા હતા. માથા તેમજ શરીરના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા રાજેશભાઈનું ઘટનાસ્થળે જ મોત થયું હતું. અકસ્માતને પગલે હાઈવે પર ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ હતી. ઘટનાની જાણ થતા જ અંકલેશ્વર રૂરલ પોલીસનો કાફલો તાત્કાલિક સ્થળ પર દોડી આવ્યો હતો. પોલીસે સ્થાનિકોની મદદથી મૃતક ચાલકને બહાર કાઢી પોસ્ટમોર્ટમ અર્થે સરકારી હોસ્પિટલ ખસેડ્યો હતો. રૂરલ પોલીસે બેદરકારીપૂર્વક ટ્રક ઉભી રાખનાર હાઈવા ચાલક વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# જય જય ગરવી ગુજરાત:આજે ગુજરાતનો ૬૬મો સ્થાપના દિવસ, વિકાસની હરણફાળનો ઉત્સવ

### ભાષાના આધારે અલગ થયેલું રાજ્ય આજે વિશ્વભરમાં આર્થિક અને ઔદ્યોગિક હબ તરીકે પ્રસ્થાપિત થયું

૧ મે, ૧૯૬૦ના રોજ સાબરમતી આશ્રમમાં રવિશંકર મહારાજના હસ્તે જે રાજ્યનો મંગલ પ્રારંભ થયો હતો, તે ગુજરાત આજે પોતાની વિકાસયાત્રાના ૬૬મા વર્ષમાં પ્રવેશી રહ્યું છે. ભાષાના આધારે બૃહદ મુંબઈ રાજ્યમાંથી અલગ થયા બાદ, અનેક પડકારો વચ્ચે પણ ગુજરાતે જે રીતે શૂન્યમાંથી સર્જન કર્યું છે, તે આજે સમગ્ર વિશ્વ માટે એક અભ્યાસનો વિષય છે. 'જય જય ગરવી ગુજરાત'ના નાદ સાથે શરૂ થયેલી આ સફર આજે 'વૈશ્વિક ગુજરાત' સુધી પહોંચી છે. ભૌગોલિક રીતે દેશનો સૌથી લાંબો દરિયાકિનારો ધરાવતું આ રાજ્ય આજે માત્ર ભારતનું જ નહીં, પરંતુ એશિયાનું અગ્રણી ઔદ્યોગિક અને આર્થિક હબ તરીકે પ્રસ્થાપિત થયું છે. ગુજરાતની આ સફળતા પાછળ તેની પ્રજાનું ખમીર, સાહસિક વૃત્તિ અને વેપારી સૂઝબૂઝ રહેલી છે. ખેતીથી લઈને સ્પેસ ટેકનોલોજી સુધી અને અમૂલની શ્વેતક્રાંતિથી લઈને હીરા ઉદ્યોગ સુધી, ગુજરાતે દરેક ક્ષેત્રમાં પોતાની આગવી ઓળખ ઉભી કરી છે. ખાસ કરીને ભરૂચ-અંકલેશ્વર જેવા ઔદ્યોગિક પટ્ટાઓએ રાજ્યના જીડીપીમાં સિંહફાળો આપીને ગુજરાતને 'મેન્યુફેક્ચરિંગ હબ' બનાવવામાં મહત્વની ભૂમિકા ભજવી છે. આજે જ્યારે આપણે સ્થાપના દિવસની ઉજવણી કરી રહ્યા છીએ, ત્યારે દહેજ પીસીપીઆઈઆર (PCPIR) અને સાયખા જેવા પ્રોજેક્ટ્સ ગુજરાતના ભવિષ્યના વિકાસની સાક્ષી પૂરે છે. વિકાસની આ હરણફાળમાં ગુજરાતે પોતાની સંસ્કૃતિ અને અસ્મિતાને પણ એટલી જ જાળવી રાખી છે. આજે જ્યારે વિશ્વભરમાં વસતો ગુજરાતી ગર્વથી પોતાની ઓળખ આપે છે, ત્યારે તેની પાછળ ગુજરાતની શાંતિ , સલામતી અને પ્રોત્સાહક નીતિ ઓ જવાબદાર છે. નર્મદા મૈયા ના નીર જ્યારે રાજ્યના ખૂણેખૂણે પહોંચ્યા છે, ત્યારે રાજ્યમાં કૃષિ અને ઉદ્યોગ બંનેનો સમન્વય જોવા મળે છે. ગુજરાત સ્થાપના દિવસ એ માત્ર એક તારીખ નથી, પરંતુ છ દાયકાની અથાક મહેનત અને સિદ્ધિઓનું સરવૈયું છે. આજના દિવસે દરેક ગુજરાતી સંકલ્પ કરે કે આપણે આપણા રાજ્યને વધુ ઉન્નત, સમૃદ્ધ અને શિક્ષિત બનાવીએ, જેથી આવનારી પેઢીને વધુ ઉજ્જવળ ગુજરાત વારસામાં આપી શકાય.

# નવલખી મેદાનમાં અવાવરુ જગ્યાએ ખાડામાંથી અજાણી વ્યક્તિની લાશ મળી, 15 દિવસ પહેલા મોત થયાનું અનુમાન

• વડોદરા

વડોદરા શહેરના નવલખી મેદાનમાં અવાવરુ જગ્યામાં ખાડામાંથી અજાણી વ્યક્તિની લાશ મળી આવી છે. લાશ ડી-કમ્પોઝ થઈ ગયેલી હોવાથી તે લગભગ 15 દિવસ જૂની હોવાનું પ્રાથમિક અનુમાન છે. ઘટનાની જાણ થતા રાવપુરા પોલીસ ઘટના સ્થળે દોડી ગઈ હતી અને આ મામલે વધુ તપાસ હાથ ધરી છે. વડોદરાના નવલખી મેદાનમાં કોઈ વ્યક્તિને દુર્ગંધ આવતા ત્યાં જઈને જોતા મૃતદેહ જોયો હતો. આ ઘટનાની જાણ થતા તુરત જ માહિતી મળતાં રાવપુરા પોલીસનો સ્ટાફ ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. પોલીસે લાશ ખાડામાંથી બહાર કાઢી હતી અને પંચનામું તૈયાર કર્યું અને વધુ કાર્યવાહી માટે મૃતદેહને સયાજી હોસ્પિટલમાં પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો હતો.

**ફ્રેન્ડલી પોલીસ** પ્રવાસીઓની સુરક્ષા માટે ડાંગ જિલ્લામાં પણ પોલીસ ટીમો તૈનાત કરાશે

# ગુજરાત પ્રવાસન ક્ષેત્રે સુરક્ષાનું નવું સોપાન: ડાંગ, દ્વારકા અને ગીર સોમનાથમાં સ્થપાશે અત્યાધુનિક 'ટુરિસ્ટ ફ્રેન્ડલી પોલીસ સ્ટેશન'

### ગુજરાતની મુલાકાતે આવતા દેશ-વિદેશના પર્યટકોને એક સુરક્ષિત અને ટુરિસ્ટ ફ્રેન્ડલી વાતાવરણ પૂરું પાડવા પોલીસની પહેલ

• આહવા/ડાંગ

ગુજરાતના પ્રવાસન ક્ષેત્રને વૈશ્વિક સ્તરે વધુ સુરક્ષિત અને પ્રવાસી-મૈત્રીપૂર્ણ બનાવવાના હેતુથી રાજ્યના પોલીસ વડા ડૉ. કે.એલ. એન. રાવની અધ્યક્ષતામાં ગઈકાલે એક ઉચ્ચ સ્તરીય બેઠક યોજાઈ હતી. ગૃહ રાજ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીના માર્ગદર્શન હેઠળ લેવાયેલા આ નિર્ણય મુજબ, રાજ્યના મહત્વના પ્રવાસન સ્થળોએ હવે સમર્પિત 'ટુરિસ્ટ પોલીસ સ્ટેશન' કાર્યરત કરવામાં આવશે. જેથી કરીને કોઇ પણ મુસાફરોને ભાષા અંગેની તકલીફ નહી પડે. આ સાથે જ પોલીસ કર્મીઓના વિશેષ યુનિફોર્મ સાથે વાહન રહેશે જેમાં પોલીસ કર્મીઓની ટીમ તૈનાત રહેશે. જેઓ કોઇ બનાવ અંગે ત્વરિત કાર્યવાહી કરશે અને આ બાબતે અંગે ગુનો પણ આ પોલીસ સ્ટેશનમાં નોંધી શકાશે.



જેમાં પ્રથમ તબક્કે ડાંગ, દેવભૂમિ દ્વારકા અને ગીર સોમનાથ જેવા મુખ્ય પ્રવાસન જિલ્લાઓમાં આ વિશેષ પોલીસ સ્ટેશનો શરૂ કરવા, પ્રવાસન સ્થળો પરની હયાત પોલીસ ચોકીઓને અત્યાધુનિક સુવિધાઓ સાથે ટુરિસ્ટ પોલીસ સ્ટેશન તરીકે અપગ્રેડ કરવા, પ્રવાસન સ્થળો પર કન્ટેનર આધારિત 'હેલ્પ ડેસ્ક' અને 'કિયોસ્ક' ઊભા કરવામાં આવશે, જ્યાંથી પ્રવાસીઓને ત્વરિત મદદ મળી શકશે અને પ્રવાસીઓને તમામ માહિતી અને સુરક્ષા એક જ સ્થળે મળી રહે તે માટે સેન્ટ્રલ 'ઈન્ટરેક્ટિવ ટુરિસ્ટ પોલીસ એપ્લિકેશન' વિકસાવવામાં આવશે જે અંગે બેઠકમાં ચર્ચા કરવામાં આવી હતી.

રાજ્યના પોલીસ વડાએ જણાવ્યું હતું કે, આ પહેલનો મુખ્ય ઉદ્દેશ્ય દેશ-વિદેશથી આવતા પ્રવાસીઓને ગુજરાતમાં સુરક્ષિત અને 'મિત્રસભર' (Tourist-Friendly) વાતાવરણ પૂરું પાડવાનો છે. આ માટે દરેક સ્ટેશનમાં પૂરતા માનવબળ અને નવા વાહનો સહિતના ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર ભાર મૂકવામાં આવ્યો છે.

ઉલ્લેખનીય છે કે, ડાંગ જિલ્લામાં પણ સાપુતારા ખાતે 'ટુરિસ્ટ ફ્રેન્ડલી પોલીસ સ્ટેશન' શરૂ કરવામાં આવનાર છે. જે અંગે માહિતી આપતાં ડાંગ જિલ્લા પોલીસ વડા શ્રીમતી પૂજા યાદવે જણાવ્યું હતું કે, ડાંગ જિલ્લામાં આવનાર પ્રવાસીઓ માટે સુરક્ષા ને ધ્યાને રાખી 'ઈન્ટરેક્ટિવ ટુરિસ્ટ પોલીસ એપ્લિકેશન' ડેવલોપ કરવામાં આવી રહેલ છે. જેમાં ગુગલ મેપ સાથે ટાયપ કરવામાં આવનાર છે. જેથી કરીને પ્રવાસન જગ્યાઓના તમામ રસ્તાઓ એક જગ્યાએથી મળી શકે, તેમજ સુરક્ષિત રસ્તાઓ કયાં છે તે અંગેની પણ માહિતી ઉપલબ્ધ કરવામાં આવશે. ઈમરજન્સી નંબરો પણ ઉપલબ્ધ રહેશે, નજીકનું હવાઈ મથક, રેલવે સ્ટેશન, પોલીસ સ્ટેશન અને હોસ્પિટલની માહિતી પણ આ એપ્લિકેશનમાં ઉપલબ્ધ રહેશે. અને પ્રવાસીઓની કોઇ વસ્તુ ગુમ થઇ જાય તો તે પણ એન્ટ્રી કરી શકાશે, જેમાં લાઈવ ટેલિકાસ્ટની સુવિધા ઉપલબ્ધ હશે તેમજ ફોરકાસ્ટની માહિતી પણ મળી શકશે.

આ ઉપરાંત આ એપ્લિકેશનમાં વિદેશની છ ભાષાઓ તેમજ ભારતની ૨૨ ભાષાઓ પણ ઉપલબ્ધ રહેશે. જેથી કરીને કોઇ પણ મુસાફરોને ભાષા અંગેની તકલીફ નહી પડે. આ સાથે જ પોલીસ કર્મીઓના વિશેષ યુનિફોર્મ સાથે વાહન રહેશે જેમાં પોલીસ કર્મીઓની ટીમ તૈનાત રહેશે. જેઓ કોઇ બનાવ અંગે ત્વરિત કાર્યવાહી કરશે અને આ બાબતે અંગે ગુનો પણ આ પોલીસ સ્ટેશનમાં નોંધી શકાશે.

### ડોક્ટરોની સુરક્ષા માટે હવે ફોર્સ તૈનાત રહેશે

# સયાજી હોસ્પિટલમાં તબીબો પર થયેલા હુમલા બાદ રેપિડ ટાસ્ક ફોર્સના 60 જવાનો ખડેપગે રહેશે, એડી.ડાયરેક્ટરની બેઠક બાદ નિર્ણય

**નિર્ણય** સરકાર તરફથી સુરક્ષાનું આશ્વાસન મળતાં જ તબીબોએ તેમનો આંદોલન પાછો ખેંચ્યો છે

• વડોદરા

વડોદરાની સયાજી હોસ્પિટલમાં બુધવારે એનઆરઆઈ પરિવારની મહિલાનું મોત થતા પોસ્ટમોર્ટમ વિભાગમાં ત્રણ દિવસ માટે ડેડબોડી રાખવામાં આવી હતી. વિદેશથી પરિવાર આવી કોલ્ડરૂમમાં રાખેલી બોડી જોતા તે ડિકમ્પોઝ સ્થિતિમાં હોવાથી આક્રોશ ફેલાયો હતો અને તબીબો સાથે ઘર્ષણ બાદ મારામારી થઈ હતી. આ ઘટના બાદ રેસિડેન્ટ ડોક્ટરોએ હડતાળ પાડી વિરોધ નોંધાવ્યો હતો. આખરે SSG હોસ્પિટલમાં તબીબો દ્વારા આપવામાં આવેલી હડતાળ સમેટાઈ ગઈ છે.



સરકાર તરફથી સુરક્ષાનું આશ્વાસન મળતાં જ તબીબોએ તેમનો આંદોલન પાછો ખેંચ્યો છે. ભવિષ્યમાં આવી ઘટનાઓ ન બને તે માટે હવે SSG હોસ્પિટલમાં રેપિડ ટાસ્ક ફોર્સ તૈનાત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ ટાસ્ક ફોર્સમાં 60 સુરક્ષા જવાનોની ટુકડી ખડેપગે તૈનાત રહેશે.

આ અંગે મેડિકલ એજ્યુકેશન વિભાગના એડિશનલ ડાયરેક્ટર ડો. જયેશ સચદેવ વડોદરા દોડી આવ્યા હતા. તેમણે SSG હોસ્પિટલના તબીબો અને વ્યવસ્થાપન સાથે વિસ્તૃત બેઠક કરી હતી. બેઠક બાદ તબીબોએ હડતાળ સમેટી લીધી છે. આ સાથે રેસિડેન્ટ તબીબોને પોતાની અન્ય માંગણી અંગે પણ ચર્ચા કરી ત્વરિત નિરાકરણ લાવવા સમજાવવામાં આવ્યા છે.

વડોદરાની સયાજી હોસ્પિટલમાં 29 એપ્રિલે કોલ્ડ સ્ટોરેજમાં રાખવામાં આવેલો એક મહિલાનો મૃતદેહ ડિકમ્પોઝ (કોહવાઈ) થઈ જવાની આઘાતજનક ઘટના સામે આવતા પરિવારજનોએ ભારે રોષ સાથે હોબાળો મચાવ્યો હતો. આ મામલે હોસ્પિટલ સ્ટાફની ઘોર બેદરકારી અને ખરાબ વર્તનના ગંભીર આક્ષેપો સાથે બબાલ કરી હતી. આ ઘટનાને લઈ તાત્કાલિક પોલીસ દોડી આવી હતી. આક્રોશમાં આવેલા પરિવારજનો અને લોકોએ તબીબોને માર માર્યો હોવાના આક્ષેપો પણ કર્યા હતાં.

આ ઘટનામાં તબીબોએ પોલીસ ફરિયાદ નિશાની હતી. જેમાં તબીબ પર થયેલ હુમલાની ઘટનામાં અત્યાર સુધીમાં 12 આરોપીઓની અટકાયત કરવામાં આવી છે. ગઈ કાલે પકડાયેલા 3 આરોપીઓના એક દિવસના રિમાન્ડ લેવામાં આવ્યા છે. જ્યારે આજે 9 આરોપીઓની અટકાયત કરી વધુ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# ભણતરનો ભાર કે ક્ષણિક આવેશ? M.Sc.માં અભ્યાસ કરતા ૨૨ વર્ષીય યુવાને નર્મદામાં ઝંપલાવી જીવન ટૂંકાવ્યું

### ત્રણ દિવસની શોધખોળ બાદ નવા બોરભાઠાના યુવાનનો વિકૃત હાલતમાં મૃતદેહ મળી આવતા પંથકમાં અરેરાટી

• અંકલેશ્વર,

અંકલેશ્વરના નવા બોરભાઠા ગામના અને M.Sc.ના છેલ્લા વર્ષમાં અભ્યાસ કરતા ૨૨ વર્ષીય આશાસ્પદ યુવાને નર્મદા નદીમાં પડતું મૂકી આપઘાત કરી લીધો છે. ત્રણ દિવસની ભારે શોધખોળ બાદ યુવાનનો મૃતદેહ જુના બોરભાઠા ગામના સ્મશાન નજીકથી મળી આવ્યો હતો.પ્રાપ્ત વિગતો અનુસાર, મૂળ નવા બોરભાઠા ગામના વતની દીપ મગનભાઈ પટેલ (ઉં.વ. ૨૨) નોકરી કરવાની સાથે M.Sc.ના છેલ્લા વર્ષમાં અભ્યાસ કરતો હતો. તેને આગામી દિવસોમાં પરીક્ષા આપવા માટે અમદાવાદ જવાનું હતું. ગત તારીખ ૨૭ એપ્રિલના રોજ પરીક્ષાની તૈયારીઓ દરમિયાન માતા સાથે કોઈ સામાન્ય બાબતે બોલાચાલી થઈ હતી. આ નાની વાતથી મનમાં ઓછું લાવી દીપ રાત્રે ૯ વાગ્યાની આસપાસ ઘરેથી નીકળી ગયો હતો.

ઘરેથી નીકળ્યાના બીજા દિવસે એટલે કે ૨૮ એપ્રિલના રોજ બપોરે ૧ વાગ્યે દીપે તેના પરિવારને મોબાઈલ પર મેસેજ કરી જાણ કરી હતી કે, તેનું બાઈક અને મોબાઈલ તપોવન આશ્રમ પાસે નર્મદા નદીના કિનારે મૂકેલા છે. મેસેજ મળતા જ પરિવારે સ્થળ પર દોડી જઈ તપાસ કરી હતી, જ્યાંથી દીપનું બાઈક અને મોબાઈલ મળી આવ્યા હતા, પરંતુ દીપનો કોઈ પત્તો લાગ્યો ન હતો.



સ્થાનિક તરવૈયાઓ અને પરિવાર દ્વારા નર્મદા નદીના પટમાં સતત ત્રણ દિવસ સુધી શોધખોળ હાથ ધરવામાં આવી હતી. આ દરમિયાન ગતરોજ જુના બોરભાઠા બેટ ગામના સ્મશાન પાસે નદીના કિનારે એક અજાણ્યો અને કોહવાયેલી હાલતમાં મૃતદેહ મળી આવ્યો હતો. ઘટનાની જાણ થતા જ સામાજિક કાર્યકર ધર્મેશ સોલંકી અને અંકલેશ્વર સી.ટી. એ-ડિવિઝન પોલીસ કાફલો ઘટના સ્થળે પહોંચ્યો હતો. મૃતદેહ અત્યંત વિકૃત હાલતમાં હોવા છતાં, કપડાંના આધારે પરિવારજનોએ તે દીપ પટેલ હોવાની પુષ્ટિ કરી હતી.

# ઝઘડિયા GIDCની મેટ્રોપોલિટન એક્ઝિમકેમ કંપનીમાં બ્લાસ્ટની ઘટના: રાષ્ટ્રીય માનવ અધિકાર પંચે (NHRC) લીધી સ્વત: સંજ્ઞાન

### દુર્ઘટનામાં ૩ કામદારોના કરુણ મોત, ૧૩ ઈજાગ્રસ્તો સારવાર હેઠળ

• ભરૂચ/ઝઘડિયા,

ભરૂચ જિલ્લાના ઝઘડિયા GIDC સ્થિત મેટ્રોપોલિટન એક્ઝિમકેમ પ્રાઈવેટ લિમિટેડ કંપનીમાં ગત ૨૩ એપ્રિલના રોજ થયેલા ભયાનક વિસ્ફોટ અને ત્યારબાદ લાગેલી આગની ઘટનાને રાષ્ટ્રીય માનવ અધિકાર પંચ (NHRC) એ અત્યંત ગંભીરતાથી લીધી છે. આ દુર્ઘટનામાં અત્યાર સુધીમાં ૩ કામદારોના સારવાર દરમિયાન મોત નીપજ્યા છે, જ્યારે ૧૬ પૈકીના અન્ય ૧૩ કામદારો હજુ પણ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. આ મામલે NHRC એ સંબંધિત અધિકારીઓ અને રાજ્ય સરકાર પાસે આ અંગેનો સવિસ્તાર અહેવાલ માંગ્યો છે. જેમાં ફેક્ટરી ઈન્સ્પેક્શન રિપોર્ટ, સુરક્ષાના ધોરણોની ચકાસણી અને મૃતક તેમજ ઈજાગ્રસ્તોને ચૂકવવામાં આવેલા વળતરની વિગતો રજૂ કરવા આદેશ કરવામાં આવ્યો છે.

દિલ્હી સ્થિત રાષ્ટ્રીય માનવ અધિકાર પંચે મીડિયા અહેવાલોના આધારે આ ઘટનાની 'સુઓમોટો' (સ્વતઃ) નોંધ લીધી છે. પંચે અવલોકન કર્યું છે કે, કેમિકલ પ્લાન્ટમાં થયેલો આ વિસ્ફોટ અને જાનહાનિ એ શ્રમિકોના જીવનના અધિકાર અને સુરક્ષાના માપદંડોના ઉલ્લંઘનનો ગંભીર મામલો છે. જો કંપનીમાં સુરક્ષાના પૂરતા સાધનો અને ચોક્કસ પ્રોટોકોલનું પાલન થયું હોત, તો કદાચ આ જાનહાનિ ટાળી શકાઈ હોત.

ઉલ્લેખનીય છે કે, ૨૩ એપ્રિલના રોજ કંપનીના એક પ્લાન્ટમાં પ્રચંડ ધડાકા સાથે આગ ફાટી નીકળી હતી. આ સમયે ફરજ પર હાજર ૧૬ કામદારો ગંભીર રીતે દાઝી ગયા હતા. ઈજાગ્રસ્તોને તાત્કાલિક હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જ્યાં સારવાર દરમિયાન ત્રણ જિંદગીઓ હોમાઈ ગઈ છે.

આ મામલે NHRC એ સંબંધિત અધિકારીઓ અને રાજ્ય સરકાર પાસે આ અંગેનો સવિસ્તાર અહેવાલ માંગ્યો છે. જેમાં ફેક્ટરી ઈન્સ્પેક્શન રિપોર્ટ, સુરક્ષાના ધોરણોની ચકાસણી અને મૃતક તેમજ ઈજાગ્રસ્તોને ચૂકવવામાં આવેલા વળતરની વિગતો રજૂ કરવા આદેશ કરવામાં આવ્યો છે.

# પેન્શનરો માટે ખુશખબર: હવે પોસ્ટમેન ઘરે આવીને 'હયાતીની ખાતરી' કરી જશે, એ પણ બિલકુલ નિ:શુલ્ક!



ગાંધીનગર: ગુજરાત સરકારના ૫ લાખથી વધુ પેન્શનરો માટે રાહતના સમાચાર આવ્યા છે. હવે હયાતીનું પ્રમાણપત્ર (ડિજિટલ જીવન પ્રમાણપત્ર) જમા કરાવવા માટે બેંક કે ટ્રેઝરીના ધક્કા ખાવાની જરૂર રહેશે નહીં. આગામી ૧ મે થી ૩૧ જુલાઈ, ૨૦૨૬ દરમિયાન પોસ્ટમેન તમારા ઘરે આવીને આ સેવા નિ:શુલ્ક પૂરી પાડશે.મુખ્ય વિગતો:* કોણે કરી પહેલ? ગુજરાત સરકાર અને ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ બેંક (IPPB) વચ્ચે થયેલા ખાસ કરાર (MoU) અંતર્ગત આ નિર્ણય લેવાયો છે. * સમયગાળો: ૧ મે થી ૩૧ જુલાઈ, ૨૦૨૬. * ચાર્જ: આ સેવા સંપૂર્ણપણે નિ:શુલ્ક છે.કેવી રીતે મળશે લાભ? પેન્શનરોએ માત્ર પોતાનો આધાર નંબર, મોબાઈલ નંબર અને PPO નંબર તૈયાર રાખવાનો રહેશે. પોસ્ટમેન 'ફેસ ઓથેન્ટિકેશન' અથવા 'ફિંગરપ્રિન્ટ' દ્વારા સ્થળ પર જ ડિજિટલ સર્ટિફિકેટ જનરેટ કરી આપશે.

### કેબિનેટ મંત્રીના વતનમાં જ આપનો ડંકો ! ૪૩ મતથી જીત મેળવી પ્રતિષ્ઠાની બેઠક કબજે

# મોઢવાડા બેઠક પર ભાજપના ગઢમાં ગાબડું: આપ ના શાંતિ બેન મોઢવાડિયાનો ઐતિહાસિક વિજય

• ગોસા(ઘેડ) તા.૨૯

પોરબંદર તાલુકાની મોઢવાડા બેઠક પર ભાજપના મજબૂત ગઢમાં ગાબડું પાડીને આમ આદમી પાર્ટીના ઉમેદવાર શાંતિબેન હિતેષભાઈ મોઢવાડિયાએ ઐતિહાસિક વિજય નોંધાવ્યો છે. રાજ્યભરમાં ભાજપે સ્થાનિક સ્વરાજની સંસ્થાઓમાં એકહથ્થું પ્રભુત્વ સ્થાપ્યું હોવા છતાં આ બેઠક પર આપના ઉમેદવારની જીત ખાસ ચર્ચાનો વિષય બની છે.



આ બેઠક કેબિનેટ મંત્રી અર્જુનભાઈ મોઢવાડિયાના વતન સાથે જોડાયેલી હોવાથી સમગ્ર પોરબંદર જિલ્લામાં પ્રતિષ્ઠાભરી ગણાતી હતી. ભાજપ તરફથી લક્ષ્મણભાઈ ભુરાભાઈ મોઢવાડિયા અને સામે આપ તરફથી શાંતિબેન મોઢવાડિયા વચ્ચે સીધી ટક્કર જોવા મળી હતી. મોઢવાડા ની બેઠક ઉપર શિંગડા, શિશલી અને મોઢવાડા આ ત્રણેય ગામના ૨૭૧૨ પુરુષ મતદારો અને ૨૪૮૭ સ્ત્રી મતદારો મળી કુલ ૭૧૯૯ મતદારોમાં નોંધાયેલા. જેમાંથી ૨૧૬૭ પુરુષ મતદાન અને ૧૫૯૭ સ્ત્રી મતદાન થતા કુલ ૩૭૬૪ મતદારો મતદાન કરતા ૫૨.૨૮ ટકા મતદાન નોંધાયું હતું.મતગણતરી દરમ્યાન શિંગડા અને શિશલી ગામના બૂથોમાં ભાજપ આગળ રહ્યું, પરંતુ નિર્ણાયક મોઢવાડા ગામના ચારેય બૂથોમાં આપના ઉમેદવારે ભારે લીડ મેળવી પરિસ્થિતિ પલટી નાખી. મોઢવાડાના દરેક બૂથમાં ભાજપને પાછળ રાખતા મતદારોએ સ્પષ્ટ સંદેશ આપ્યો હતો.અંતિમ પરિણામ મુજબ ભાજપના ઉમેદવારને ૧૮૨૫ મત મળ્યા જ્યારે આપના ઉમેદવાર શાંતિબેનને ૧૮૬૭ મત મળતા તેઓએ ૪૩ મતથી જીત મેળવી. આ બેઠક પર ૮૭ મતદારોએ નોટાનો વિકલ્પ પસંદ કરીને બંને પક્ષ સામે અણગમો વ્યક્ત કર્યો હતો.આ રીતે કેબિનેટ મંત્રીના પોતાના ગામમાં જ ભાજપને ઝાટકો લાગતા રાજકીય વર્તુળોમાં ચર્ચા જાગી છે, જ્યારે આપ માટે આ જીત પ્રેરણાદાયક માનવામાં આવી રહી છે. જીત બાદ મોઢવાડા ગામે વિજેતા ઉમેદવાર આવતા તેઓનું ઉષ્માભર્યું હારતોરા કરી સ્વાગત કરેલું.

**એમઓયુ**

### સાંકરદારામાં સ્ટેડીયમ બનાવવા માટે વર્ષ ૨૦૦૭માં એમઓયુ થયું હતું

# ૧૦૦ કરોડની જમીનનો દસ્તાવેજ કરી આપવા માટે બીસીએએ કરેલો દાવો અદાલતે રદ કર્યો

### બીસીએએ ૨૦૨૩માં કોર્ટમાં દાવો કર્યો હતો કે,તેમને સમાચારપત્ર દ્વારા જાણવા મળ્યું કે આ જમીનની કિંમત અંદાજે ૧૦૦ કરોડ જેટલી થાય છે અને આ જમીન અન્ય કોઇ વ્યક્તિને વેંચવાના પ્રયાસ થઈ રહ્યાં છે

વડોદરા : સાંકરદામાં ક્રિકેટ સ્ટેડિયમ બનાવવા માટે બીસીએએ વર્ષ ૨૦૦૭માં જમીન ખરીદવા માટે જે એમઓયુ કર્યું હતું તે અંદાજીત ૧૦૦ કરોડની જમીનનો દસ્તાવેજ બીસીએને કરી આપવામાં આવે તે બાબતે કોર્ટમાં દાદ માંગવામાં આવતા અદાલતે આ દાવો સમયસીમા બહારનો હોઈ તેને રદ કરી દીધો હતો. અદાલતના આ ચૂકાદાના કારણે બીસીએને કરોડની જમીન ગુમાવવી પડે તેવી સ્થિતિ સર્જાઇ છે ત્યારે આગામી દિવસોમાં આ કાનુની વિવાદ વધુ લંબાશે તેમ મનાઇ રહ્યું છે. કોર્ટે બીસીએનો દાવો રદ કરવાનો આદેશ કર્યો હતો. કોર્ટના ચૂકાદા બાબતે બીસીએના સુત્રોએ જણાવ્યું હતું કે, ટ્રાયલ કોર્ટના ચકાદાને અમે સેસન્સ કોર્ટમાં પડકારીશુ. જ્યારે આ ચૂકાદા બાબતે અરવીંદકુમાર જાનીએ જણાવ્યું હતું કે, ચેક રિટર્ન કેસમાં પણ તેમની જીત થયેલી છે અને તેની સામે બીસીએ અપિલમાં ગયું હોઈ તે કેસ હાલ સેશન્સ કોર્ટમાં પેન્ડિંગ છે.ચુકાદામાં સ્પષ્ટ કર્યું કે, માત્ર ચતુરાઈપૂર્વક ડ્રાફ્ટિંગ (ક્લેવર ડ્રાફ્ટિંગ) કરીને કોઈ જૂના કે સમયસીમા બહારના કેસને જીવંત કરી શકાતો નથી. બીસીએએ એવી દલીલ કરી હતી કે ૨૦૨૩માં છાપામાં જાહેરખબર જોઈ ત્યારે તેમને નવા વિવાદની જાણ થઈ, પરંતુ કોર્ટે કહ્યું કે મૂળ વિવાદ તો ૨૦૧૪માં ચેક બાઉન્સ થયો ત્યારે જ શરૂ થઈ ગયો હતો. કોર્ટે ચૂકાદામાં નોંધ્યું કે ન્યાયતંત્રનો સમય બચાવવા માટે આવા પાયાવિહોણા અને કાયદાથી બાધિત દાવાઓને શરૂઆતમાં જ અટકાવવા જરૂરી છે.

ઉલ્લેખનીય છે કે, બરોડા ક્રિકેટ એસોસિએશન (બીસીએ) દ્વારા ક્રિકેટ સ્ટેડીયમ બનાવવા માટે વડોદરાના સાંકરદા ગામમાં અંદાજે ૪૪.૬૯ લાખ સ્કવેર ફૂટ



ખેતીની જમીન ખરીદવા માટે ૨૪ જુલાઈ, ૨૦૦૭ના રોજ જમીન માલિક (સાંકરદા સયુક્ત સહકારી મંડળી) અને અન્ય સભ્યો સાથે એક એમઓયુ કરવામાં આવ્યું હતું. આ સોદો કુલ રૂ. ૮.૨૨ કરોડમાં નક્કી થયો હતો, જેમાંથી બીસીએએ ૫૦ ટકા રકમ એટલે કે રૂ. ૪.૧૧ કરોડ બાના પેટે ચૂકવ્યા હતા.

કરાર મુજબ, સામાવાળાએ જમીન બિન-ખેતી કરવાની અને જરૂરી સરકારી મંજૂરીઓ મેળવવાની જવાબદારી લીધી હતી, જે બાદ બાકીની રકમ ચૂકવી વેચાણ દસ્તાવેજ કરવાનો હતો. જોકે, વર્ષો વીતવા છતાં મંજૂરીઓ ન મળતા ૨૦૧૩માં નવો કરાર થયો અને જમીન માલિકે વળતર સાથે રૂ.૮.૨૨ કરોડ પરત કરવાનો ચેક આપ્યો, જે ચેક બેંકમાં જમા કરાવવામાં આવતા ચેક બાઉન્સ થયો હતો.

ચેક બાઉન્સ થતાં તેની સામે બીસીએએ કોર્ટમાં ચેક રિટર્નની ફરિયાદ કરી હતી અને તેમાં ચૂકાદો બીસીએની વિરુદ્ધમાં આવતા તે ચૂકાદા સામે હાલ સેશન્સ કોર્ટમાં અપિલ કરવામાં આવી છે તે હાલ પેન્ડિંગ છે. દરમિયાનમાં બીસીએએ ૨૦૨૩માં કોર્ટમાં દાવો કર્યો હતો કે,તેમને સમાચારપત્ર દ્વારા જાણવા મળ્યું કે આ જમીનની કિંમત અંદાજે ૧૦૦ કરોડ જેટલી થાય છે અને આ જમીન અન્ય કોઈ વ્યક્તિને વેંચવાના પ્રયાસ થઈ રહ્યાં છે.

બીસીએએ દાવામાં રજૂઆત કરી હતી કે, ૨૦૦૭ના એમઓયુ મુજબ જમીનનો દસ્તાવેજ તેને કરી આપવામાં આવે. આ દાવામાં સામા પક્ષે દલીલ કરી હતી કે આ દાવો સમય મર્યાદા (લીમીટેશન એક્ટ)થી બહાર છે અને અગાઉ વસૂલાતનો દાવો કરી દીધો હોવાથી ફરીથી આ દાવો ચાલી શકે નહીં. બન્ને પક્ષની દલીલ અને સાંભળ્યા બાદ કોર્ટે અવલોકન કર્યું કે બીસીએ એ ૨૦૧૫માં જ નાણાં વસૂલાતનો દાવો કર્યો હતો, ત્યારે જ ત્યારે જ તેમણે જમીનના દસ્તાવેજની માંગણી કરવી જોઈતી હતી. નવ વર્ષ બાદ કરવામાં આવેલો આ દાવો કાયદાકીય રીતે ટકી શકે તેમ નથી. અંતે, કોર્ટે બીસીએનો દાવો રદ કરવાનો આદેશ કર્યો હતો. કોર્ટના ચૂકાદા બાબતે બીસીએના સુત્રોએ જણાવ્યું હતું કે, ટ્રાયલ કોર્ટના ચકાદાને અમે સેસન્સ કોર્ટમાં પડકારીશુ. જ્યારે આ ચૂકાદા બાબતે અરવીંદકુમાર જાનીએ જણાવ્યું હતું કે, ચેક રિટર્ન કેસમાં પણ તેમની જીત થયેલી છે અને તેની સામે બીસીએ અપિલમાં ગયું હોઈ તે કેસ હાલ સેશન્સ કોર્ટમાં પેન્ડિંગ છે.ચુકાદામાં સ્પષ્ટ કર્યું કે, માત્ર ચતુરાઈપૂર્વક ડ્રાફ્ટિંગ (ક્લેવર ડ્રાફ્ટિંગ) કરીને કોઈ જૂના કે સમયસીમા બહારના કેસને જીવંત કરી શકાતો નથી. બીસીએએ એવી દલીલ કરી હતી કે ૨૦૨૩માં છાપામાં જાહેરખબર જોઈ ત્યારે તેમને નવા વિવાદની જાણ થઈ, પરંતુ કોર્ટે કહ્યું કે મૂળ વિવાદ તો ૨૦૧૪માં ચેક બાઉન્સ થયો ત્યારે જ શરૂ થઈ ગયો હતો. કોર્ટે ચૂકાદામાં નોંધ્યું કે ન્યાયતંત્રનો સમય બચાવવા માટે આવા પાયાવિહોણા અને કાયદાથી બાધિત દાવાઓને શરૂઆતમાં જ અટકાવવા જરૂરી છે.

### હોસ્ટેલમાંથી ગુમ થયા બાદ SBIના ATMમાં વિદ્યાર્થી જોવા મળ્યો હતો

# વડોદરા શહેરની બરોડા મેડિકલ કોલેજનો MBBSનો વિદ્યાર્થી હોસ્ટેલમાંથી ગુમ

**વિદ્યાર્થી ગુમ**

### પિતાએ રડતા રડતા કહ્યું, 'બેટા,તું જ્યાં હોય ત્યાંથી પાછો આવી જા, તારી મમ્મી ખૂબ ચિંતા કરે છે '

• વડોદરા

વડોદરા શહેરની બરોડા મેડિકલ કોલેજમાં અભ્યાસ કરતો અને બોયઝ હોસ્ટેલમાં રહેતો 21 વર્ષનો સ્ટુડન્ટ ગુમ થઈ ગયો છે. જેને પગલે બનાસકાંઠા જિલ્લાના ધાનેરા તાલુકામાં રહેતા તેમના પરિવારજનો વડોદરા દોડી આવ્યા હતા અને છેલ્લા બે દિવસથી પિતા દીકરાની શોધખોળ કરી રહ્યા છે. જોકે પુત્રની કોઈ ભાળ હજી સુધી મળી નથી. જેને પગલે પિતાએ રડતા રડતા જણાવ્યું હતું કે, બેટા, તું જ્યાં હોય ત્યાંથી પાછો આવી જા. તારી મમ્મી અને તારી બહેન તારી ખૂબ ચિંતા કરે છે. ભણવાનું તો આજે છે ને કાલે ફરીથી થઈ જશે. એકાદ વિષયમાં એટીકેટી આવે તો એમાં કંઈ જ વાંધો નથી, તું ચિંતા ના કર. બસ તું જલ્દી ઘરે પાછો આવી જા, અમે તારી રાહ જોઈએ છીએ.

બનાસકાંઠા જિલ્લાના ધાનેરા તાલુકામાં રહેતો વિદ્યાર્થી વડોદરાની બરોડા મેડિકલ કોલેજમાં એમબીબીએસના ચોથા વર્ષમાં અભ્યાસ કરે છે. વિદ્યાર્થી 26 એપ્રિલના રોજ તેના ઘરેથી વડોદરા આવ્યો હતો. તે દિવસે તેને પિતાને ફોન કરીને કહ્યું હતું કે, હું વડોદરા પહોંચી ગયો છું. 27 એપ્રિલના રોજ પણ માતાને પુત્ર સાથે વાત થઈ હતી. જોકે ત્યારબાદ તેનો ફોન સ્વીચ ઓફ આવતો હતો. ફોન સતત સ્વીચ ઓફ આવતા પરિવારજનો ચિંતામાં મુકાઈ ગયા હતા અને વડોદરા દોડી આવ્યા હતા. જોકે વડોદરા હોસ્ટેલમાં ચેક કરતા તેના રૂમને લોક જોવા મળ્યું હતું. તેને મિત્રોને પણ કઈ માહિતી નહોતી.

છેલ્લા બે દિવસથી પરિવારજનો વડોદરામાં રઝળપાટ કરી રહ્યા છે. રેલવે સ્ટેશન બસ સ્ટેન્ડ સહિતના તમામ સ્થળોએ તપાસ કરી પરંતુ વિદ્યાર્થીની કોઈ ભાળ મળી નથી. તૈયારી હોસ્પિટલના સામે આવેલા SBIના એટીએમમાં પૈસા ઉપાડવા માટે તે ગયો હતો, જ્યાંથી સીસીટીવીમાં દેખાયો હતો. વિદ્યાર્થીને આઠમા સેમેસ્ટરમાં એટીકેટી આવી હતી. જેની જાણ પરિવારને વડોદરા આવ્યા બાદ થઈ હતી.વિદ્યાર્થી ભણવામાં ખૂબ હોશિયાર હતો નીટની પરીક્ષા ટ્યુશન વગર પહેલા પ્રયત્ને પાસ કરી હતી, જોકે કોઈક કારણસર તેને એટીકેટી આવી હતી, જેથી ડરના કારણે તે હોસ્ટેલમાંથી નીકળી ગયો હતો. ગુમ થયેલા સ્ટુડન્ટના પિતાએ રડતા રડતા જણાવ્યું હતું કે, સાહેબ, મારો દીકરો અહીં બરોડા મેડિકલ કોલેજમાં MBBS ના છેલ્લા વર્ષમાં અભ્યાસ કરે છે તે 26 તારીખે ઘરેથી અહીં આવ્યો હતો. 27 તારીખે સાંજે સાડા સાત વાગ્યાની આસપાસ છેલ્લે તેની સાથે વાત થઈ હતી. એ પછી તેનો ફોન સ્વિચ ઓફ આવવા લાગ્યો હતો. અમને ચિંતા થઈ એટલે અમે અહીં હોસ્ટેલ પર આવ્યા હતા. તેની રૂમ તપાસી તો બહારથી લોક મારેલું હતું. અમે તેના મિત્રો, કોલેજના ડીન અને બીજા અન્ય લોકોને પણ પૂછપરછ કરી રહ્યા. આજે અમે ડીન સાહેબને પણ મળ્યા, તેમણે અમને સાથ-સહકારની ખાતરી આપી છે.

તેઓએ વધુમાં જણાવ્યું હતું કે, અમે રાવપુરા પોલીસ સ્ટેશનમાં અરજી આપી છે અને ઓનલાઈન કાર્યવાહી પણ ચાલુ છે. સીસીટીવીમાં તે છેલ્લે SBIના એટીએમ પાસે જોવા મળ્યો હતો, જ્યાંથી તેણે રાત્રે નવ વાગ્યાની આસપાસ થોડા પૈસા ઉપાડ્યા હતા. એ પછી તેની કોઈ ભાળ મળી નથી.રડતા રડતા તેઓએ કહ્યું હતું કે, બેટા, તું જ્યાં હોય ત્યાંથી પાછો આવી જા. તારી મમ્મી અને તારી બહેન તારી ખૂબ ચિંતા કરે છે.

# એકાઉન્ટમાં 1.53 કરોડ રૂપિયા દેખાયા પણ ઉપાડી ન શક્યા, શેરબજારમાં રોકાણની લાલચ આપી છેતર્યો

### SEBIના બનાવટી દસ્તાવેજો મોકલી વિશ્વાસમાં લીધાવડોદરા12 કલાક પેહલા

• વડોદરા

વડોદરા શહેરના હરણી વિસ્તારમાં રહેતા સિનિયર સિટીઝન પાસેથી શેરબજારમાં રોકાણ કરાવવાના નામે સાયબર ઠગોએ 1 કરોડ રૂપિયા પડાવી લીધા છે. SEBIના બનાવટી દસ્તાવેજો મોકલીને સિનિયર સિટીઝનને વિશ્વાસમાં લીધા હતા અને ત્યારબાદ રૂપિયા પડાવવાનો ખેલ શરૂ કર્યો હતો. પ્રોફિટ સાથે 1.53 કરોડ રૂપિયા ખાતામાં દેખાતા હતા, પણ આ રૂપિયા ઉપાડી શક્યા નહોતા. જેથી સિનિયર સિટીઝને આ મામલે વડોદરા સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે જેને આધારે પોલીસે તપાસ શરૂ કરી છે.

વડોદરા શહેરના હરણી વિસ્તારમાં રહેતા 63 વર્ષીય સિનિયર સિટિઝનને સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે, તેઓ પરિવાર સાથે રહે છે અને અગાઉ દહેજ સ્થિત ખાનગી કંપનીમાં એડિશનલ જનરલ મેનેજર તરીકે ફરજ બજાવીને હવે નિવૃત્ત જીવન વિતાવી રહ્યા છે. તા. 14/11/2025ના રોજ તેમને "A203 ARES TREND" નામના વોટ્સએપ ગ્રુપમાં તેમને એડ કરવામાં આવ્યા હતા. આ ગ્રુપ શેર માર્કેટમાં રોકાણ અંગે માર્ગદર્શન આપતું હતું અને અજાણ્યા મોબાઈલ નંબરો પરથી તેમને રોકાણ અંગે માહિતી આપવામાં આવી હતી.

બાદમાં તેમને "ARES VIP GROUP (Rakesh)" અને "B105 Wealth Growth Strategy" નામના અન્ય ગ્રુપમાં પણ એડ કરવામાં આવ્યા હતા, જેમાં વિવિધ એડમિન દ્વારા શેર માર્કેટમાં રોકાણ માટે માર્ગદર્શન આપવામાં આવતું હતું. ગ્રુપમાં જોડાયેલા એક વ્યક્તિ દ્વારા તેમને https://aresdiversified.com નામની વેબસાઈટ મારફતે રોકાણ કરવા જણાવ્યું હતું.ત્યારબાદ અન્ય એક મોબાઈલ નંબરથી સીધી વોટ્સએપ ચેટ શરૂ કરી તા. 18/11/2025થી 09/12/2025 દરમિયાન રોકાણ અંગે સલાહ આપવામાં આવી હતી. તેઓએ વિશ્વાસમાં આવીને વેબસાઈટ પર રજીસ્ટ્રેશન કરાવ્યું હતું અને કેવાયસી પ્રક્રિયા પૂર્ણ કરી હતી.આરોપીઓ દ્વારા મોકલવામાં આવતા કોડના આધારે વેબસાઈટ પર લોગિન કરીને બેંક ખાતાની વિગતો આપવામાં આવતી હતી અને તેમાં રકમ ટ્રાન્સફર કરવા જણાવવામાં આવતું હતું. SEBI રજીસ્ટર્ડ હોવાનું ખોટું પ્રમાણપત્ર પણ આપવામાં આવ્યું હતું. જેના આધારે સિનિયર સિટીઝને વિવિધ બેંક એકાઉન્ટમાંથી 1 કરોડનું રોકાણ કર્યું હતું. વેબસાઈટ પર સિનિયર સિટીઝનના એકાઉન્ટમાં રૂ. 1,53,95,793 નફા સાથે બેલેન્સ દર્શાવવામાં આવતું હતું. જોકે, જ્યારે તેઓ રકમ ઉપાડવાનો પ્રયાસ કર્યો, ત્યારે અલગ-અલગ બહાનાઓ બતાવીને વધુ રોકાણ કરવા દબાણ કરવામાં આવ્યું, જેથી તેમને શંકા ગઈ હતી અને પોતાની સાથે ઠગાઈ થઈ હોવાનો અહેસાસ થયો હતો.

સમગ્ર મામલે સિનિયર સિટીઝને વડોદરા સાયબર ક્રાઈમ હેલ્પલાઈન 1930 પર સંપર્ક કરી અરજી નોંધાવી હતી, ત્યારબાદ વડોદરા સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં આ મામલે ફરિયાદ નોંધાઈ છે

# સમાના વૃધ્ધ દંપતીને લૂંટ્યા બાદ લૂંટારાઓએ છાણીની ઓફિસમાં તરત જ ભાગ પાડી લીધા

### કાશ્મીરનો સૂત્રધાર મુદસીર વતનમાં ભાગે તે પહેલાં પકડાઇ ગયો

વડોદરાઃ સમાના સંતોષીનગરમાં ધોળે દિવસે વૃધ્ધ દંપતીને બંધક બનાવી લૂંટી લીધા બાદ એક જ કલાકમાં લૂંટારાઓએ લૂંટેલી રોકડ અને દાગીનાના ભાગ પાડી લીધા હતા.મુખ્ય સૂત્રધાર કાશ્મીરના વતને પહોંચે તે પહેલાં જ પોલીસે દબોચી લીધો હતો. સમાના સંતોષી નગરમાં રહેતા ટીપી રાધાકૃષ્ણન અને તેમના પત્ની ઘરમાં હતા ત્યારે બે લૂંટારાઓએ તેમને વોટ કિયા યા નહિ..તેમ કહી બંધક બનાવીને રોકડ તેમજ દસ તોલાના દાગીના લૂંટી ફરાર થઈ ગયા હતા.

ફતેગંજ પોલીસે આ બનાવમાં ગણતરીના કલાકોમાં જ મુખ્ય સૂત્રધાર એવા કાશ્મીરના વતની મુદસીર અહેમદ ઉર્ફે વાહિદ નિસાર અહેમત મીર(બારામુલ્લા) તેની સાથે લૂંટ માટે મકાનમાં ગયેલા બલકારસિંગ અને સ્કૂટર લઈ બહાર ઉભેલા બલવીન્દરસિંગ સંધુને ઝડપી પાડયા હતા. પોલીસે ત્રણેયને સોમવાર સુધીના રિમાન્ડ પર લેતાં કેટલીક ચોંકાવનારી વિગતો બહાર આવી છે.જેમાં લૂંટ કર્યા બાદ ત્રણેય જણા છાણી જકાતનાકા ખાતે બલવિન્દરની ઓફિસે ગયા હતા અને ત્યાં લૂંટની ભાગબટાઈ કરી હતી.જેમાં મુદસરને ભાગે રોકડા રૂ.૨૦ હજાર અને બે એટીએમ તેમજ ચેઈન આવ્યા હતા. જ્યારે,બલકારસિંગે છ બંગડી,એક પાટલો,બે વિંટી અને રોકડા રૂ.૧૫હજાર લીધા હતા.૦ બલવિન્દરને ભાગે રોકડા રૂ.૨૭હજાર અને યુએસ ડોલર આવ્યા હતા.જ્યારે બાકીની ચીજોનો ભાગ પછી પાડવાનું નક્કી કર્યું હતું. વૃધ્ધ દંપતીને લૂંટી લીધા બાદ સૂત્રધાર મુદસીર બે એટીએમ કાર્ડ લઈ આણંદ પહોંચ્યો હતો અને ત્યાં તેણે મોબાઈલ,ચાર્જર અને ઈયર બર્ડ ખરીદી રૂ.૧.૪૨ લાખનું પેમેન્ટ કર્યું હતું.ત્યારબાદ તે ચોકસીને ત્યાં વિંટી ખરીદવા ગયો હતો.રૂ.૩૫ હજારની વિંટી પણ પસંદ કરી હતી.

# ગરમીમાં ઓવરહિટીગનેકારણે વધુ એક એપાર્ટમેન્ટમાં આગ

વડોદરાઃ શહેરમાં ગરમીમાં ઓવરહિટિંગને કારણે એપાર્ટમેન્ટમાં આગ લાગવાનો આજે વધુ એક બનાવ બનતાં લોકો જીવ બચાવવા બહાર દોડી ગયા હતા.વડોદરામાં છેલ્લા કેટલાક સમયથી એપાર્ટમેન્ટમાં વાયરિંગમાં શોર્ટસર્કિટ થવાના બનાવો બની રહ્યા છે.જેમાં ગઈકાલે વાઘોડિયા ચોકડી પાસે વીઆર વન કોમ્પ્લેક્સના આઠ માળ આગમાં લપેટાતાં ફાયર બ્રિગેડે રહીશોનું રેસ્ક્યૂ કર્યું હતું.આ પહેલાં ત્રણ મહિના પહેલાં ઈલોરાપાર્કના સિનેમોલ તેમજ પંદર દિવસ પહેલાં ગોત્રીના અર્ટિકા કોમ્પ્લેક્સમાં પણ વાયરિંગમાં ભીષણ આગ લાગતાં ફાયર બ્રિગેડે મેજર કોલ જાહેર કર્યો હતો. આજે સવારે દસેક વાગે નિઝામપુરાના પતંજલી એપાર્ટમેન્ટમાં મીટરોમાં શોર્ટ સર્કિટ થતાં ધડાકા સાથે આગ લાગી હતી.જેના ધુમાડા ઉપરના ફ્લોરમાં ફેલાતાં લોકો બહાર દોડી ગયા હતા.જો કે રહીશોએ હિંમત પૂર્વક આગ કાબૂમાં લેવાનો પ્રયાસ કર્યો હતો. વીજ કંપનીની ટીમ પણ આવી જતાં વીજ કનેક્શન કાપ્યું હતું.જેથી આગ આગળ વધતાં અટકી હતી.ફાયર બ્રિગેડ પણ આવી જતાં આગ કાબૂમાં લીધી હતી.આમ,શહેરના કોમ્પ્લેક્સોમાં બનતા આગના બનાવોથી રહેવાસીઓ માટે જોખમ વધ્યું છે.વડોદરાની આસપાસના સ્ક્રેપના ગોડાઉનો જોખમી બની રહ્યા હોવાનો કિસ્સા વારંવાર બની રહ્યા છે ત્યારે આજે બપોરે તરસાલી-ધનીયાવી રોડ પર ચિખોદ્રા ખાતે સ્ક્રેપના ગોડાઉનમાં આગ લાગતાં લોકોમાં ગભરાટ ફેલાયો હતો.પ્લાસ્ટિક તેમજ અન્ય ચીજોને કારણે આગ ઝડપભેર પ્રસરી હતી.જેથી વડોદરા ફાયર બ્રિગેડની મદદ લેવાતાં બે કલાકની જહેમત બાદ આગ કાબૂમાં આવી હતી.

### 58 વર્ષીય શિવાજી જાધવનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું, ટક્કર મારનાર કારચાલકની અટકાયત

# હરણી લેક ઝોન પાસે બે કાર વચ્ચે ગમખ્વાર અકસ્માત

• વડોદરા

વડોદરાના હરણી લેક ઝોન પાસે બે કાર સામસામે ધડાકાભેર અથડાતા એક વ્યક્તિનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું છે. હરણી પોલીસે અકસ્માત સર્જનાર અન્ય કાર ચાલકની અટકાયત કરી મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. જેના લીધે ટ્રાફિકનું ભારણ વધ્યું છે. પ્રાથમિક તપાસ મુજબ, હરણી લેક ઝોન વિસ્તારમાં બદલાયેલી ટ્રાફિક વ્યવસ્થા અને ડાયવર્ઝનને કારણે આ ગંભીર અકસ્માત સર્જાયો હોવાનું મનાય છે.હાલમાં પોલીસે ગુનો નોંધી અકસ્માત પાછળના ચોક્કસ કારણો જાણવા વધુ તપાસ શરૂ કરી છે. મૃતકના પરિવારમાં આ આકસ્મિક ઘટનાને પગલે ભારે શોકનું મોજું ફરી વળ્યું છે. સમા-સાવલી રોડ પર



આવેલી મધુરમ રેસિડેન્સીમાં રહેતા 58 વર્ષીય શિવાજી મહિપતી જાધવ પોતાની કાર લઈને હરણી લેક ઝોન પાસેથી પસાર થઈ રહ્યા હતા, ત્યારે સામેથી આવતી અન્ય એક કાર સાથે તેમનો ભયંકર અકસ્માત થયો હતો. આ અથડામણ એટલી તીવ્ર હતી કે શિવાજીભાઈનું સ્થળ પર જ મોત થયું હતું. પોલીસે બીજી કારના ચાલક મુકેશ અગ્રવાલ (રહે.ગોરવા ઉદય પાર્ક સોસાયટી)ની અટકાયત કરી છે.

શહેરમાં ચાલી રહેલા વિકાસના કામોને કારણે અનેક માર્ગો પર વન-વે અથવા રસ્તાઓ બંધ કરવામાં આવ્યા છે, જેના લીધે ટ્રાફિકનું ભારણ વધ્યું છે. પ્રાથમિક તપાસ મુજબ, હરણી લેક ઝોન વિસ્તારમાં બદલાયેલી ટ્રાફિક વ્યવસ્થા અને ડાયવર્ઝનને કારણે આ ગંભીર અકસ્માત સર્જાયો હોવાનું મનાય છે.હાલમાં પોલીસે ગુનો નોંધી અકસ્માત પાછળના ચોક્કસ કારણો જાણવા વધુ તપાસ શરૂ કરી છે. મૃતકના પરિવારમાં આ આકસ્મિક ઘટનાને પગલે ભારે શોકનું મોજું ફરી વળ્યું છે.

**આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃતિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, ફોટા, સામાજિક, ધાર્મિક પ્રવૃતિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070**

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad - 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI

# એક્ઝિટ પોલની વિશ્વસનીયતા કેટલી

નવીદિલ્હી : પશ્ચિમ બંગાળના બીજા તબક્કાનું મતદાન પુરુ થયા પછી ચાર રાજ્યો અને એક કેન્દ્રશાસિત પ્રદેશની ચૂંટણીના એક્ઝિટ પોલ જાહેર થયા. ચોથી મેએ તમામ રાજ્યોમાં મતગણતરી થવાની છે. છેલ્લા કેટલાક વર્ષોથી ચૂંટણી પૂરી થતા એક્ઝિટ પોલ મારફતે ચૂંટણીના સંભવિત પરીણામો બતાવવામાં આવે છે. જોકે એક્ઝિટ પોલની વિશ્વસનીયતા હંમેશા શંકામાં રહી છે. ૨૦૨૪ની લોકસભા ચૂંટણી હોય કે હરિયાણા વિધાનસભાની ચૂંટણી હોય કે પછી ૨૦૨૫ની બિહાર - દિલ્હી વિધાનસભાની ચૂંટણી હોય. એક્ઝિટ પોલ સાચા પુરવાર થયા નથી. ૨૦૨૧માં પશ્ચિમ બંગાળની ચૂંટણીના એક્ઝિટ પોલમાં ટીએમસીની જીત બતાવવામાં આવી હતી જ્યારે ભાજપ જોરદાર ટક્કર આપશે એવી આગાહી હતી. જોકે ભાજપનો દેખાવ પોલમાં જણાવ્યા પ્રમાણેનો રહ્યો નહોતો. એજ રીતે ૨૦૨૧માં આસામ વિધાનસભાની ચૂંટણીમાં એક્ઝિટ પોલમાં એનડીએની જીત બતાવવામાં આવી હતી એના કરતા વધુ માર્જીનથી એનડીએ જીત્યું હતું.આમ આદમી પાર્ટીના ૭ રાજ્યસભા સાંસદો ભાજપ સાથે જોડાઈ ગયા હતા જેમાંથી ૬ સાંસદ પંજાબના અને ૧ દિલ્હીના છે. હવે પંજાબના વિજળી મંત્રી સંજીવ અરોરાએ એવો દાવો કર્યો છે કે ભાજપમાં ગયેલા સાંસદ રાજેન્દ્ર ગુપ્તા ફરીથી આમ આદમી પાર્ટી સાથે જોડાઈ જશે. એમના કહેવા પ્રમાણે ૬૮ મહિનાથી રાઘવ ચઢ્ઢા સાથે એમની વાતચીત થઈ નથી. સંજીવ અરોરાના રહેઠાણએ ઈડીએ રેડ કરી હતી. આ બાબતે અરોરાએ કહ્યું હતું કે, હું ડરતો નથી અને ઈડીની કાર્યવાહી પછી મે કહ્યુ હતું કે હું ઈડીને પુરો સહકાર આપીશ. હું પક્ષ છોડીને કસે જવાનો નથી. અરોરાની વાત પરથી એવું લાગે છે કે અરોરા રાજેન્દ્ર ગુપ્તાના સંપર્કમાં છે. રાજેન્દ્ર ગુપ્તા ફરીથી અને કયારે આમ આદમી પાર્ટીમાં જોડાશે એ વિશે અરોરાએ કોઈ ફોડ પાડયો નથી. પરંતુ કોઈપણ કારણસર રાજેન્દ્ર ગુપ્તા ભાજપથી ખુશ નહીં હોય તો ફરીથી આમ આદમી પાર્ટી એમને સ્વિકારે કે નહીં એ પણ જોવું રહ્યું.કેન્દ્રીય મંત્રી નિતિન ગડકરીએ એવું કહ્યું છે કે પેટ્રોલ અને ડિઝલથી ચાલતી ગાડીઓનું કોઈ ભવિષ્ય નથી. એમના કહેવા પ્રમાણે આ મોટરો હંમેશા રહેશે નહીં. ઓટો ઈન્ડસ્ટ્રીએ ચોખ્ખા ઈંધણ અને વધુ સારા પબ્લિક ટ્રાન્સપોર્ટ તરફ વળવું જોઈએ. ગડકરીના કહેવા પ્રમાણે ભવિષ્યમાં ઈલેક્ટ્રીક મોટરો, બાયોફ્યુલ, સીએનજી, એલએનજી અને હાઈડ્રોજન જેવા ઈંધણની ડિમાન્ડ વધુ રહેશે. નિતિન ગડકરી કેન્દ્રીય મંત્રી છે, પરંતુ તેઓ વારંવાર એવા નિર્ણયો લે છે કે જેનાથી હજારો કરોડ રૂપિયાનો ફેર પડી શકે. ભૂતકાળમાં પણ એમણે નિવેદન કર્યું છે કે હવે ડિઝલથી ચાલતી ગાડીઓ બંધ કરવામાં આવશે. ગડકરીના ટીકાકારો કહે છે કે, ગડકરીના આવા નિવેદનોને કારણે ઓટોમોબાઈલ ઈન્ડસ્ટ્રી પર મોટી અસર પડી શકે છે.સુપ્રિમ કોર્ટે કહ્યું છે કે નફરત ફેલાવનાર ભાષણો ને પહોંચી વળવા માટે હમણાના કાયદા પર્યાપ્ત છે જેને કારણે એ બાબતે હસ્તક્ષેપ કરવાની કોઈ જરૂર નથી. જસ્ટીસ વિક્રમનાથ અને જસ્ટીસ સંદીપ મહેતાની બેન્ચે કહ્યું હતું કે, ગુનો નક્કી કરવો અને સજાનો નિર્ણય લેવો એ સંપૂર્ણ રીતે કાયદાકીય અધિકાર ક્ષેત્રમાં આવી જાય છે. જસ્ટીસ વિક્રમનાથએ ચૂકાદો આપતા કહ્યું હતું કે, બંધારણ પ્રમાણે કોર્ટ કાયદો બનાવી શકે નહીં અને ગુનાની વ્યાખ્યા પણ પોતાના આધારે નક્કી કરી શકે નહીં. અરજીમાં જણાવવામાં આવેલી ફરજ પ્રમાણે ચુકાદો આપવા બેન્ચે ઈન્કાર કરી દીધો હતો. બેન્ચે કહ્યું હતું કે, બદલાતી જતી સામાજીક વ્યવસ્થાને જોતા નવો કાયદો બનાવવો કે જૂના કાયદામાં ફેરફાર કરવો એ સરકાર અને કાયદા વિભાગનું કામ છે.સાંસદ રાઘવ ચઢ્ઢા આમ આદમી પાર્ટી છોડીને ભાજપમાં જોડાયા ત્યાર પછી સતત સમાચારમાં રહ્યા છે. આમ આદમી પાર્ટીના નેતાઓને એમના માટે અણગમો હોય એ સમજી શકાય છે. આપના નેતા સંજય સિંહે પ્રેસ કોન્ફરન્સ બોલાવીને રાઘવ ચઢ્ઢાની ઝાટકણી કાઢી હતી. કેટલાકે એમના વિશે 'ગદાર' જેવા શબ્દો પણ વાપર્યા હતા. હવે ચઢ્ઢાના કેટલાક વિરોધીઓ એના લગ્ન જીવનને પણ વચ્ચે લાવી રહ્યા છે. રાઘવ ચઢ્ઢાએ ફિલ્મ એક્ટ્રેસ પરિણીતી ચોપરા સાથે લગ્ન કર્યા છે. દિલ્હીના ભૂતપૂર્વ મંત્રી અને આપ નેતા સૌરભ ભારદ્વાજએ ચઢ્ઢાના અંગત જીવન વિશે ટીપ્પણી કરી છે.

# ઈરાનમાં ક્રૂડ સંકટ : ઉત્પાદન અટકે તેમ નથી અને સપ્લાય થતું નથી

## હોર્મુઝની ખાડીમાં બ્લોકેજ સર્જાતા ઈરાનના જહાજો અટવાયા છે અને તેનું રોજિંદુ ક્રૂડ ઉત્પાદન વધી રહ્યું છે અને સ્ટોરેજ ઘટી રહ્યું છે




**ઈરાન પાસે પોતાનું ક્રૂડ રાખવાની જગ્યા નથી. તેની ક્રૂડ સ્ટોરેજ ક્ષમતા સતત ઘટી રહી છે અને સપ્લાય ઠપ્પ થઈ ગયેલો છે તેના પગલે હવે તે ક્રૂડ સ્ટોરેજ કરવામાં ફસાઈ ગયું છે. ઈરાનની ક્રૂડ સ્ટોરેજ ક્ષમતા 1.3 કરોડ બેરલ જેટલી છે. તેની સામે દરરોજ 11થી 12 લાખ બેરલ જેટલું ઉત્પાદન થાય છે. તેની પાસે દસથી બાર દિવસ જેટલો જ સમય છે : હોર્મુઝમાં અમેરિકાની નાકાબંદી છે અને ત્યાંથી ઈરાનના જહાજો જઈ શકે તેવી સ્થિતિ નથી. હોર્મુઝની ખાડીની હાલત એવી છે કે, ત્યાં યુદ્ધ પહેલાં દરરોજ ૧૪૦થી વધારે જહાજો પસાર થતા હતા. હાલમાં રોજના પાંચ જહાજ પણ પરાણે પસાર થઈ રહ્યા છે. તેમાંય ઈરાનના પોતાના જહાજો તો નિકળી શકે તેવી સ્થિતિ જ નથી : ખર્ગ આઈલેન્ડમાં તેના ક્રૂડ ઉત્પાદનનું 90 ટકા જેટલું ઉત્પાદન થાય છે.**

અમેરિકા અને ઈરાન વચ્ચેનો સંઘર્ષ હવે કોલ્ડ વોરમાં પરિણમ્યો છે. તેમની વચ્ચે કૂટનીતિક વાતચીત થઈ રહી નથી. સમાધાન અને શાંતિ માટેના પ્રયાસો નિષ્ફળ જઈ રહ્યા છે. પહેલી શાંતિવાર્તા નિષ્ફળ ગયા બાદ બીજી વખત શાંતિવાર્તા થઈ નથી. આ ઉપરાંત ફરીથી યુદ્ધ વિરામનો સમય લંબાવાયો છે. ઈરાન હજી પણ પોતાની શરતો મુક્યા કરે છે અને અમેરિકા પોતાની શરતો મુક્યા કરે છે. તેના કારણે આ સ્થિતિનો ઉકેલ આવતો નથી. બીજી તરફ હોર્મુઝની ખાડીમાં પણ બંનેએ શિંગડા ભરાવ્યા છે જેના પગલે સ્થિતિ વધારે વણસેલી છે. દુનિયાભરના દેશોને ક્રૂડ મળતું નથી અને હાલત ખરાબ થઈ રહી છે. મહત્ત્વની વાત એ છે કે, હોર્મુઝની ખાડીમાં જે રીતે અમેરિકાએ ઈરાનનું નાક દબાવ્યું છે તેના કારણે તેની સ્થિતિ વધારે ખરાબ થઈ રહી છે. એક બાજું તે જહાજો ઉપર ટોલ ટેક્સ વસુલવાની ફિરાકમાં હતું ત્યાં અમેરિકાએ તેના જ જહાજોનો બહાર જવાનો રસ્તો બંધ કરી દીધો છે. આ સંજોગોમાં ઈરાનમાં મોટું ક્રૂડ સંકટ સર્જાયેલું છે. મૂળ વાત એવી છે કે, ઈરાન પાસે પોતાનું ક્રૂડ રાખવાની જગ્યા નથી. તેની ક્રૂડ સ્ટોરેજ ક્ષમતા સતત ઘટી રહી છે અને સપ્લાય ઠપ્પ થઈ ગયેલો છે તેના પગલે હવે તે ક્રૂડ સ્ટોરેજ કરવામાં ફસાઈ ગયું છે. હવે આગામી દસ દિવસથી વધારે તે ક્રૂડ સ્ટોરેજ કરી શકે તેમ નથી. દરરોજ લાખો બેરલનું ઉત્પાદન થઈ રહ્યું છે અને તેની સામે સપ્લાય થતો નથી તેથી ક્રૂડ સ્ટોર કરવું પડે છે અને હવે તેના સ્ટોરેજ ફુલ થઈ રહ્યા છે. તેની પાસે જમીનમાં સ્ટોર કરવાની ક્ષમતા ઓછી થવા લાગી છે. જાણકારોના મતે ઈરાને હોર્મુઝની ખાડીમાં સર્જાયેલા કપરા સંકટનો ઉકેલ લાવવા માટે કામચલાઉ ઉપાય કર્યો છે પણ તેનાથી ખાસ લાભ થાય તેમ નથી. ઈરાને હવે મજબુરીમાં પોતાના જૂના ક્રૂડ ટેન્કરોનો ઉપયોગ કરવાની શરૂઆત કરી છે. તેણે હવે જૂના ક્રૂડ ટેન્કરોનો ઉપયોગ ફ્લોટિંગ સ્ટોરેજ તરીકે કરવાની શરૂઆત કરી છે. તેણે તાજેતરમાં પોતાનું એક નાશા નામના એક જહાજને હોર્મુઝની ખાડીમાં ઉતાર્યું છે. તેણે ૩૦ વર્ષ જૂના જહાજનો ઉપયોગ હવે ક્રૂડ સ્ટોર કરવા માટે શરૂ કર્યો છે. ખાસ કરીને ખર્ગ આઈલેન્ડ પાસે જ્યાં ક્રૂડનું સૌથી વધુ ઉત્પાદન થાય છે ત્યાં આ જહાજ ઉતાર્યું છે જેથી ક્રૂડ સ્ટોર કરી શકાય. ખર્ગ આઈલેન્ડમાં ઉત્પાદિત થતું ક્રૂડ ૯૦ ટકા નિકાસ થતું હોય છે પણ વર્તમાન સમયમાં ત્યાં ઉત્પાદન ચાલુ છે પણ નિકાસ થતી નથી. તેના કારણે ક્રૂડનો ભરાવો થઈ ગયો છે. ઉલ્લેખનીય છે કે, હાલમાં ઈરાનની ક્રૂડ સ્ટોરેજ ક્ષમતા ૧.૩ કરોડ બેરલ જેટલી છે. તેની સામે દરરોજ ૧૧થી ૧૨ લાખ બેરલ જેટલું ઉત્પાદન થાય છે. તેની પાસે દસથી બાર દિવસ જેટલો જ સમય છે અને ત્યારબાદ તેની સ્ટોરેજ ક્ષમતા પૂરી થઈ જાય તેમ છે. હોર્મુઝમાં અમેરિકાની નાકાબંદી છે અને ત્યાંથી ઈરાનના



જહાજો જઈ શકે તેવી સ્થિતિ નથી. હોર્મુઝની ખાડીની હાલત એવી છે કે, ત્યાં યુદ્ધ પહેલાં દરરોજ ૧૪૦થી વધારે જહાજો પસાર થતા હતા. હાલમાં રોજના પાંચ જહાજ પણ પરાણે પસાર થઈ રહ્યા છે. તેમાંય ઈરાનના પોતાના જહાજો તો નિકળી શકે તેવી સ્થિતિ જ નથી. બીજી તરફ એવું પણ છે કે, ઈરાને પોતાનો રસ્તો ખોલવા માટે કેટલાક જહાજો જપ્ત કર્યા છે અને અમેરિકા ઉપર દબાણ વધારવાનો પ્રયાસ કરી રહ્યું છે. જાણકારોના મતે તેનાથી ખાસ અસર પડે તેમ દેખાતું નથી. અમેરિકા હવે કોઈપણ ભોગે ઈરાનને ફસાવવા માગે છે. અહેવાલો જણાવે છે કે, જ્યાં સુધી સ્થિતિનો ઉકેલ નહીં આવે ત્યાં સુધી કોઈને પણ ક્રૂડ મળશે નહીં અને કોઈ ક્રૂડ વેચી શકશે નહીં. આ સંજોગોમાં ઈરાને કોઈક ઉકેલ લાવવો પડશે. હાલમાં તો તે માત્ર પોતાના ઉત્પાદન ઉપર જ ધ્યાન કેન્દ્રીત કરી રહ્યું છે. ઈરાન માટે તો કોઈપણ સંજોગોમાં ક્રૂડનું ઉત્પાદન ચાલુ રાખવું મજબૂરી છે. ખર્ગ આઈલેન્ડમાં તેના ક્રૂડ ઉત્પાદનનું ૯૦ ટકા જેટલું ઉત્પાદન થાય છે. અહીંયા તમામ રિફાઈનરીઓ અને તેની મશીનરીઓ કામ કરતી રહે છે. તેઓ દરરોજ ૧૦થી ૧૨ લાખ બેરલ ક્રૂડ તૈયાર કરે છે. આ સંજોગોમાં જો કામ બંધ કરવામાં આવે તો તેલના કુવાઓ ખરાબ થઈ જાય. મશિનરી એક વખત બંધ કરવામાં આવે તો તેને ફરી શરૂ કરવાનું મુશ્કેલ થઈ જાય. તે ઉપરાંત લાંબો સમય જો મશિનરી બંધ રહે તો ખરાબ થવાની પૂરતી શક્યતાઓ છે. આ કારણે તેની પાસે કોઈ વિકલ્પ જ નથી. તે પ્રોડક્શન ઘટાડશે તો પણ તેને સ્ટોર કરવાનું જોખમ તો મોટું છે જ. તેના કારણે તે હાલમાં તો ફ્લોટિંગ સ્ટોરેજનો વિકલ્પ પસંદ કર્યો છે પણ લાંબો સમય તેના ઉપર ટકી શકે તેમ નથી. અન્ય એક અહેવાલ જણાવે છે કે, ઈરાન પાસે કુલ જમીન ઉપર ૯.૫ કરોડ બેરલ સ્ટોર કરવાની કેપેસિટી છે. તેમાંથી ૫ કરોડ બેરલ ક્રૂડ તો તેણે પહેલેથી જ સ્ટોર કરેલું છે. યુદ્ધ દરમિયાન પણ સતત તેનું ઉત્પાદન ચાલુ છે અને તેણે ઉત્પાદિત કરેલો સ્ટોક એક્સપોર્ટ કરી શક્યું નથી. આ સંજોગોમાં તેના પાસે મોટા પ્રમાણમાં ભરાવો થયો છે. તેની પાંચ કરોડ બેરલની સ્ટોરેજ કેપેસિટી પૂરી થઈ ગયાનો આંકડો પણ એપ્રિલની શરૂઆતનો હતો. હાલમાં તો મે મહિનો આવી ગયો. હવે તેની પાસે વધારે જગ્યા વધી નથી. આ ઉપરાંત તે સિરી અને લવાન ખાતે કિનારાઓ ઉપર ક્રૂડ સાચવી શકે તેમ નથી. આ સિવાય સાઉથ પાર્સ ગેસ ફિલ્ડ ખાતે પણ અબ્બાસ બંદરે વધારે ક્રૂડ સ્ટોર કરી શકે તેમ નથી. આ સંજોગોમાં તેની પાસે ૧.૫ કરોડ બેરલની સ્ટોરેજ કેપેસિટી ઓછી થઈ ગઈ છે અને ઓનશોર કેપેસિટી કુલ તો ૨.૫ કરોડ બેરલ જેટલી ઓછી થઈ ગઈ છે. તેણે દરિયામાં પર્સિયનની ખાડી પાસે અને અન્ય કેટલાક સ્થળે વેરી લાર્જ કડ કેરિયર્સ એટલે કે મોટા ક્રૂડ જહાજોમાં ક્રૂડ સ્ટોર કર્યું છે પણ તેનો આંકડો માત્ર ૧.૫ કરોડ બેરલ છે. હાલમાં તે ફ્લોટિંગ સ્ટોરેજ બન્યું છે પણ લાંબો સમય તેનો ઉપયોગ થાય તેમ નથી. ઓનશોર અને ઓફશોર કેપેસિટી ગણીએ તો તે ૨૨ દિવસથી વધારે ક્રૂડ સ્ટોર કરી શકે તેમ નથી. જાણકારોના મતે ઈરાને જે ફ્લોટિંગ સ્ટોરેજની ચાલાકી વાપરી છે તે પણ લાંબો સમય ચાલે તેમ નથી.

# ગુજરાતના ચૂંટણી પરિણામના દિલ્હીમાં પ્રત્યાઘાતો

નવીદિલ્હી :ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં જે રીતે ભાજપે સપાટો બોલાવ્યો છે એની ચર્ચા દિલ્હીમાં વિવિધ સ્તરે થઈ રહી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમિત શાહ ગુજરાતની ચૂંટણીથી દુર રહ્યા હતા. જોકે ચૂંટણીના પરિણામો પર એમની નજર હતી અને તેઓ દરેક પળની માહિતી મેળવતા હતા. દિલ્હી ભાજપની ઓફિસમાં ટીવીના મોટા સ્ક્રીન પર કેટલાક રાષ્ટ્રીય નેતાઓ પણ ચૂંટણીના પરિણામો જોઈ રહ્યા હતા. ઓફિસની બહાર ફટાકડા પણ ફોડવામાં આવ્યા હતા. બીજી તરફ કોંગ્રેસની નેતાગીરી પહેલેથી જ ગુજરાતની ચૂંટણી બાબતે સક્રીય રહી નહોતી. કોંગ્રેસને મળેલી હારથી ગાંધી કુટુંબના નેતાઓને કોઈ નવાઈ લાગી નથી. બધી તરફથી ઘેરાયેલા અરવિંદ કેજરીવાલ સ્વાભાવિક રીતે આપની હારથી નિરાશ થઈ ગયા છે. એમણે પરિણામ જાણ્યા પછી પોતાના એક-બે અંગત સાથીઓ સાથે જ ચર્ચા કરી હતી.સાંસદ રાઘવ ચઢ્ઢા હવે ભાજપમાં ધીમે ધીમે સેટ થઈ રહ્યા છે. જોકે આમ આદમી પાર્ટી અને ભાજપની કાર્યપદ્ધતિ અલગ અલગ છે. આનો અનુભવ ચઢ્ઢાને તરત થઈ ગયો. ભાજપમાં જોડાયા પછી રાઘવ ચઢ્ઢા




ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ નીતિન નવીનને મળ્યા હતા. તેઓ જ્યારે નીતિન નવીનને મળ્યા ત્યારે વારંવાર 'નીતિન નવીનજી' કહીને નીતિન નવીનને સંબોધીત કરતા હતા. એ વખતે ભાજપના રાષ્ટ્રીય મહામંત્રી તરૂણ ચુગ ત્યાં ઉભા હતા. એમણે રાઘવ ચઢ્ઢાને પહેલે દિવસે જ પક્ષની સંસ્કૃતિની જાણકારી આપી હતી. તરૂણ ચુગે રાઘવને કહ્યું હતું કે તમારે નીતિન નવીનને 'રાષ્ટ્રીય અધ્યક્ષજી' કહીને સંબોધન કરવું જોઈએ. રાઘવ ચઢ્ઢાને પણ ભાજપની સંસ્કૃતિ અને શિસ્તનો અનુભવ થઈ ગયો.

રાતોરાત સોશ્યલ મીડિયા પર છવાઈ ગયેલા આઈપીએસ અધિકારી અજય પાલ શર્મા પશ્ચિમ બંગાળ વિધાનસભાની ચૂંટણીના બીજા ચરણ પહેલા ડયુટી માટે પશ્ચિમ બંગાળ આવ્યા હતા. વીડિયોમાં અજય પાલ શર્મા કડક સિક્યુરીટી સાથે પશ્ચિમ બંગાળના નગરમાં ફરી રહ્યા છે અને માથાભારે ઉમેદવારને ચેતવણી આપતા નજરે પડે છે. અજય પાલ શર્મા ઉત્તર પ્રદેશમાં એન્કાઉન્ટર સ્પેશિયાલિસ્ટ તરીકે જાણીતા છે. અજય પાલ શર્માને પશ્ચિમ બંગાળમાં સુપરવાઈઝર તરીકે મોકલવામાં આવ્યા છે. શર્મા એમના ગુસ્સા અને તાત્કાલીક એક્શન લેવા માટે જાણીતા છે. એમની ડયુટી દક્ષિણ પરગણા જિલ્લામાં છે. આ વિસ્તાર મમતા બેનર્જીના ભત્રીજા અભિષેક બેનર્જીનો ગઢ ગણાય છે. તૃણમુલ કોંગ્રેસના નેતાઓ અજય પાલ શર્માથી ખુબ નારાજ છે. જોકે ચૂંટણી કમિશને એમને પશ્ચિમ બંગાળ મોકલ્યા હોવાથી ટીએમસીના નેતાઓ કંઈ કરી શકે એમ નથી. આપના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલે દિલ્હી લિકર સ્કેમ બાબતે કોર્ટનો બહિષ્કાર કરવાનું નક્કી કરીને જસ્ટીસ સ્વર્ણકાંતા શર્માને ખુલ્લો પત્ર લખ્યો છે. કોઈ હાઈપ્રોફાઈલ કેસમાં કદાચ આવું પહેલીવાર બન્યું છે. કેજરીવાલના આ નિર્ણયની ટીકા કાયદાકીય વર્તુળમાં થઈ રહી છે. કાયદાકીય નિષ્ણાંતો આ રણનીતિને એક જોખમી ઉદાહરણ ગણે છે. સુપ્રિમ કોર્ટના એક સિનિયર વકીલનું કહેવું છે કે, કોઈપણ વાદી ભલે કેસ જીતે કે હારે સંતોષ નહીં થયેલા હુકમ સામે એક માત્ર ઉપાય ઉપલી અદાલતમાં જવાનો છે. ચુકાદા બાબતે પત્ર લખવો અયોગ્ય છે. આવી પરિસ્થિતિમાં કોર્ટ તાકાત વગરની નથી. કોર્ટ જામીન પાત્ર વોરંટ કાઢીને કેજરીવાલને હાજર કરી શકે છે અથવા તો બહિષ્કાર છતા કેસની સુનાવણી એક્સ પાર્ટી કરી શકે છે.આપણા દેશમાં ચૂંટણી જીતીને સત્તાસ્થાને આવવા માટે જાતીય સમીકરણ અગત્યનું હોય છે. અલગ અલગ રાજ્યોમાં ચૂંટણી જીતીને ઉચ્ચ સ્થાને બેસવા માટે વ્યક્તિ કઈ જાતીની છે એ જોવામાં આવે છે. હમણા થયેલા એક સરવેમાં રાજ્યોના મુખ્યમંત્રીઓના કાર્યકાળ દરમિયાન સત્તાની લગામ કયા વર્ગો પાસે રહી છે એ બહાર આવ્યું છે. આંકડા પ્રમાણે સૌથી ચોંકાવનારી હકીકત એ રાજ્યોની છે કે જ્યાં સામાન્ય વર્ગનું પ્રતિનિધિત્વ વધુ રહ્યું છે. આ યાદીમાં પશ્ચિમ બંગાળ સૌથી વધુ ઉપર છે. પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રીઓનો કાર્યકાળ જોવામાં આવે તો ૯૯.૭ ટકા હિસ્સો સામાન્ય વર્ગના નેતાઓ પાસે રહ્યો છે. આ જ સ્થિતિ આંધ્રપ્રદેશ (૯૭) ટકા, હરિયાણા (૯૫.૪) ટકા, ઓડિસા (૯૨) ટકા, અને પંજાબ (૯૧.૫) ટકાની છે. આ રાજ્યોમાં વર્ષો સુધી સામાન્ય વર્ગમાંથી આવેલા મુખ્યમંત્રીઓએ સત્તા ભોગવી છે. રાજસ્થાન અને મહારાષ્ટ્ર જેવા રાજ્યોમાં સત્તાની વહેંચણી વધુ વિવિધતાપૂર્ણ જોવામાં આવી છે.

# પ. બંગાળમાં મમતાની ટોળકી લશ્કરને પણ ગાંઠે તેમ નથી

પશ્ચિમ બંગાળ જાણે કોઈ અલગ દેશ હોય એમ લાગી રહ્યું છે. બુધવારે બીજા તબક્કાના મતદાન દરમ્યાન જે રીતે હિંસાચાર જોવા મળ્યો છે તે પરથી એમ કહી શકાય કે તૃણમૂલ કોંગ્રેસના કાર્યકરો લશ્કરના જવાનોને પણ ગાંઠતા નથી. તોફાની મતદારો પર કડક હાથે કામ લેતા પોલીસ અધિકારીઓને તૃણમૂલના નેતાઓ જાહેર ભાષણો દ્વારા ધમકી આપતા હતા કે ચોથી મેનાં રોજ પરિણામો બાદ તમારી અક્કલ ઠેકાણે લાવી દઈશું. ચૂંટણી પંચ સામે આવી ફરિયાદો મોટા પ્રમાણમાં થઈ છે, પરંતુ ચૂંટણી પંચનું સઘળું ધ્યાન મતદાન શાંતિપૂર્વક આટોપવા પર રહ્યું. પ.બંગાળના રાજકારણમાં ગુંડાગીરી એ નવી વાત નથી. જ્યોતિ બસુની સત્તા સાડાત્રણ દાયકા સુધી ચાલી, અને ત દરમિયાન ડાબેરી વિચારધારા ગુંડાઓ માટે ફળદ્રૂપ જમીન સમાન સાબિત થઈ હતી. તે સમયમાં બાંગ્લાદેશાના ઘૂસણખોરો માટે રાહત કેમ્પો ઊભા કરવામાં આવ્યા હતા અને તેમને જમાડવામાં આવતા હતા. તે વખતે ઘૂસણખોરો નિર્દોષ લાગતા હતા. આવા દયામણા ચહેરાવાળા પાડોશી દેશના નાગરિકોને જોઈને ભારતે તેમને પુરતી મદદ કરી હતી. જોકે આ ચેષ્ટા હવે તે ઝેરીસાપ પાળવા બરાબર સાબિત થઈ રહી છે. સમય જતાં ઘૂસણખોરો પૈકી કેટલાક પોતાનું અસ્તિત્વ કાયમી કરવા ગુંડા ટોળકીમાં શામેલ થઈ ગયા. તેમને દાદાગીરી કરવાનું આસાન લાગતું હતું. રાહત કેમ્પો ઊભા કરવામાં ગૌરવ સમજતા ભારતને બહુ મોડે ખબર પડી હતી કે આ લોકો ધીરે ધીરે ભારતમાં પ્રસરી ગયા છે. તેમની ડોક્યુમેન્ટ્સ બોગસ હોવા છતાં તેઓ દેશમાં ફેલાઈ ગયા છે. સ્થાનિક સત્તાધારીઓના ટેકાથી ઘૂસણખોરો પૈકી કેટલાકનો ઉપયોગ રાજકીય ગુંડાગીરીમાં થવા લાગ્યો હતો. જ્યારે મમતા બેનરજી સત્તા પર આવ્યાં ત્યારે ડાબેરી પક્ષો સાથે સંકળાયેલી ગુંડા ટોળકી તૃણમૂલ કોંગ્રેસ પાસે આવી ગઈ હતી. બંને એક બીજાના પૂરક બની ગયાં હતાં. મમતાનું શાસન ત્રણ ટર્મ માટે ચાલ્યું અને તે દરમ્યાન બાંગ્લાદેશી ઘૂસણખોરોએ પોતાનું નાનું સામ્રાજ્ય ઊભું કરી નાખ્યું. ઘૂસણખોરોને આધારકાર્ડ, પાન કાર્ડ વગેરે બનાવી આપીને તેમને ભારતીય નાગરિક તરીકે પેશ કરવાની શરૂ થઈ ગઈ. આ ઘૂસણખોરોને સત્તાવાંચ્છુ મમતા બેનરજીનો પડદા પાછળથી પૂરેપૂરો ટેકો હતો. દરેક નેતા લોકશાહી બચાવવા અને બંધારણ પ્રમાણે વર્તવાની ડાહી ડાહી વાતો કરે છે, પરંતુ પછી તેઓ લોકશાહી નહીં પણ દાદાગીરી કરનારાને બચાવ કરવા લાગતા હોય છે. બુધવારે પશ્ચિમ બંગાળ યુદ્ધના મેદાન સમાન લાગતું હતું. કેટલાક મતદાન મથકો પર બટન પ્રેસ કરવાની જગ્યાએ ભાજપના નિશાન પર ટેપ મારી દેવાઈ હોવાનો આક્ષેપ કરાયો છે અને ત્યાં ફેર મતદાન કરવાની માંગણી કરાઈ છે. મમતા બેનરજીની ચૂંટણી વ્યૂહરચના ભાજપને હંફાવતી હોય એમ લાગી રહ્યું છે. મમતા એકલા હાથે ઝઝૂમી રહ્યાં છે. ચૂંટણી પંચે જ્યારે લશ્કરની ટુકડીઓ ઉતારવાની જાહેરાત કરી ત્યારે લોકો માનતા હતાકે પશ્ચિમ બંગાળના ગુંડાઓ હવે ગભરાશે, પરંતુ પહેલા તબક્કાના મતદાન તેમજ બુધવારના મતદાનમાં અનેક સ્થળોએ લશ્કારના જવાનોની સામે સુધ્ધાં આ ગુંડાઓ દાદાગીરી કરતાં જોવા મળ્યા હતા. અનેક સ્થળો પરથી બોંબ મળી આવ્યા છે તો અનેક સ્થળો પર મતદાન માટે જતા લોકોને રોકવામાં આવ્યા હતા. ચૂંટણી પંચે ડ્રોનના ઉપયોગથી બોંબ શોધી કાઢ્યા હતા. મતદારોને મતદાન મથકો પર જતા રોકવા, મતદાન મથકમાં પણ દાદાગારી કરવી.

# વન સ્વરાજની ચૂંટણી : જીતેલા જોશમાં, હારેલા હતાશામાં, મતદારો ફરી મહેનતમાં

વનના નાના-નાના વિસ્તારોના સંચાલન માટે 'વન સ્વરાજ'ની ચૂંટણી યોજાતી હતી. રાજા પસંદ કરવા 'જંગલ સ્વરાજ'ની ચૂંટણી થતી અને જંગલના મોટા વિભાગોના સંચાલન માટે મુખ્યમંત્રીઓની 'અરણ્ય સ્વરાજ'ની ચૂંટણી થતી એની બરાબર વચ્ચે 'વન સ્વરાજ'ની ચૂંટણી આવતી. વન સ્વરાજની ચૂંટણીમાં રાજા સિંહ અને રીંછભાઈ ભલે ખુદ પ્રચારમાં ઉતરતા નહીં, પરંતુ તેમના વ્યૂહ પ્રમાણે જ બધી 'ગોઠવણ' પાર પડતી. ચૂંટણીમાં સિંહની પાર્ટીના ઉમેદવારો, વિપક્ષના નેતા સસલાભાઈના ઉમેદવારો અને મુખ્યમંત્રી કાચબાભાઈ કકળાટિયાના ઉમેદવારો વચ્ચે ત્રિપાંખિયો જંગ જામ્યો હતો. એક દોઢ મહિનાની કવાયત પછી આખરે ચૂંટણી પૂરી થઈ ગઈ. જંગલશાહીના નિયમો પ્રમાણે જંગલમાં બધી જ ચૂંટણીઓ યોજવાની જવાબદારી બાજસમાજ પર હતી. જંગલના બધા સમાજોએ વર્ષો પહેલાં જ બાજની નિષ્પક્ષતાને સ્વીકારીને તેને ચૂંટણીમાં મધ્યસ્થી કરવાનું કામ સોંપ્યું હતું. જોકે, છેલ્લાં ઘણાં સમયથી જંગલમાં બાજસમાજની નિષ્પક્ષતા પર સવાલો ઉઠતા હતા છતાં બાજસમાજે ચૂંટણીઓની મધ્યસ્થી શરૂ રાખી હતી. વન સ્વરાજની ચૂંટણી પણ બાજોની નિગરાનીમાં યોજાઈ. બાજોએ અપેક્ષિત પરિણામો જાહેર કર્યા. વન સ્વરાજની ચૂંટણીમાં રાજા સિંહના ઉમેદવારોનો દબદબો રહેતો આવતો હતો. વધુ એક વખત એવો જ દબદબો જોવા મળ્યો. ચૂંટણી પહેલાં જંગલના મતદારોમાં ભારે આક્રોશ હતો. મતદારો ફરિયાદ કરતા હતા કે રાજા સિંહના ઉમેદવારો જીત્યા પછી વન સ્વરાજના વિભાગોમાં કામ કરવા આવતા નથી. ફરિયાદો સાંભળીને સસલાભાઈના ઉમેદવારો ભારે ઉત્સાહમાં હતા. તેમણે ધારી લીધું હતું કે જંગલના મતદારો આ ચૂંટણીમાં તો રાજા સિંહના ઉમેદવારોને મત નહીં જ આપે અને સ્વરાજનું સંચાલન આપણી પાસે આવી જશે. પરંતુ રાજા સિંહે ગુપ્ત રીતે કાચબાભાઈ સાથે બેઠક કરી લીધી. સિંહે કાચબાભાઈને સમજાવ્યું: 'મારા ઉમેદવારોથી નારાજ મતદારો સસલાભાઈ તરફી ન થઈ જાય એ માટે મહેનત કરો. પ્રચારનો બધો ખર્ચ આપી દઈશ!' હોશિયાર કાચબાભાઈએ વળતી શરત મૂકી: 'પ્રચારના ખર્ચથી કામ નહીં થાય. મારા ઉમેદવારોને પણ એક-બે નાના વિભાગોમાં સંચાલન સોંપો.' રાજા સિંહે કાચબાભાઈની શરત સ્વીકારી લીધી. ચૂંટણીના પરિણામોમાં ઠેર-ઠેર રાજા સિંહની પાર્ટીના ઉમેદવારો જીતી ગયા. પરિણામો પછી જીતી ગયેલા ઉમેદવારો ભારે જોશમાં હતા. નાચતા-ગાતા આ ઉમેદવારો આખાય જંગલમાં ફરી વળ્યા. 'રાજા સિંહનો જય હો! રીંછભાઈનો જય હો! વંદે જંગલમ્... જંગલ માતા કી જય!' આવા નારા લગાવતા આ ઉમેદવારોના 'જંગલ ન્યૂઝ'માં લાઈવ દૃશ્યો આવતા હતા એ જોઈને સસલાભાઈની પાર્ટીના હારેલા ઉમેદવારો હતાશ થતા હતા. આટલો પ્રચાર કર્યો ને જંગલવાસીઓએ જીતાડી દેવાની ખાતરી આપી હતી તે છતાં કેમ હારી ગયા એ આ ઉમેદવારોને સમજાતું ન હતું. વિજેતા ઉમેદવારોએ નારા લગાવ્યા: 'જીતી ગયા ભાઈ જીતી ગયા, રાજા સિંહના આશીર્વાદથી જીતી ગયા..' હારેલા ઉમેદવારોએ વળતો નારો લગાવ્યો: 'હારી ગયા ભાઈ હારી ગયા.. ખબર નહીં કેમ હારી ગયા...' 'જંગલ ન્યૂઝ'ના વિશેષ સંવાદદાતા લક્કડખોદ લપલપે રાજા સિંહના દરબારમાં જઈને ચૂંટણી વિજયનું કારણ પૂછ્યું. રાજા સિંહે છટાથી કહ્યું, 'મારા વિકસિત જંગલના સંકલ્પોના કારણે આ જીત મળી છે.' લક્કડખોદે સસલાભાઈને હારનું કારણ પૂછ્યું. સસલાભાઈએ બેફિકર થઈને કહ્યું, 'મારી પાર્ટીના પ્રમુખ લંગૂરભાઈ લપલપિયા હારના કારણોની સમીક્ષા બેઠક યોજશે તે પછી આપને જણાવીશું.

### મ્યુઝિક કમ્પોઝરે કારકિર્દીનો માઇલસ્ટોન ગણાવ્યો

# ''એક દિન' ટ્રેન્ડ પર નહીં, સચ્ચાઈ પર આધારિત વાર્તા':જુનૈદ ખાનની કાસ્ટિંગ પર ડિરેક્ટરનો ખુલાસો

## સુ નીલ પાંડે: 'એક દિન' મારા માટે માત્ર એક ફિલ્મ નથી, પરંતુ એક અહેસાસ છે. આ એક એવી ભાવના છે, જેને શબ્દોમાં પૂરી રીતે વ્યક્ત કરવી મુશ્કેલ છે

ફિલ્મ 'એક દિન'ને લઈને ડિરેક્ટર સુનીલ પાંડે અને મ્યુઝિક કમ્પોઝર રામ સંપતે દિવ્ય ભાસ્કર સાથે ખાસ વાતચીત કરી. બંનેએ જણાવ્યું કે, આ ફિલ્મ તેમના માટે માત્ર એક પ્રોજેક્ટ નથી, પરંતુ એક ભાવનાત્મક સફર છે. સુનીલના મતે, તેમણે ટ્રેન્ડ્સને બદલે વાર્તાની સચ્ચાઈ પર વિશ્વાસ કર્યો, જ્યારે રામ સંપતે તેને પોતાની કારકિર્દીનો માઈલસ્ટોન ગણાવ્યો.

તેમણે કહ્યું કે, આમિર ખાન સાથે કામ કરવા માટે સચ્ચાઈ અને મહેનત સૌથી જરૂરી છે. ફિલ્મને આમિર ખાને પ્રોડ્યુસ કરી છે, જ્યારે જુનૈદ ખાન અને સાઈ પલ્લવી લીડ રોલમાં છે.

પ્રશ્ન: સુનીલ, તમારા માટે ફિલ્મ 'એક દિન' શું છે?

સુનીલ પાંડે: 'એક દિન' મારા માટે માત્ર એક ફિલ્મ નથી, પરંતુ એક અહેસાસ છે. આ એક એવી ભાવના છે, જેને શબ્દોમાં પૂરી રીતે વ્યક્ત કરવી મુશ્કેલ છે. જ્યારે મેં આ વાર્તાને પહેલીવાર વાંચી, ત્યારથી જ તે મારા અંદર વસી ગઈ. આ ફિલ્મ મારા દિલની ખૂબ નજીક છે અને મારા માટે એક ખૂબ મોટી વસ્તુ છે. હું તેને માત્ર વાર્તા કે પ્રોજેક્ટની જેમ નથી જોતો, પરંતુ એક અનુભવની જેમ અનુભવું છું.

પ્રશ્ન: રામ, તમારા માટે 'એક દિન' શું મહત્ત્વ ધરાવે છે?

રામ સંપત: મારા માટે 'એક દિન' એક ખાસ સફર અને એક મહત્ત્વપૂર્ણ મુકામ છે. મેં મારી કારકિર્દીમાં પહેલીવાર કોઈ લવ સ્ટોરી પર કામ કર્યું છે, એટલે તેનું મહત્ત્વ વધુ વધી જાય છે.

ફિલ્મ 'એક દિન'ને લઈને મ્યુઝિક કમ્પોઝર રામ સંપત અને ડિરેક્ટર સુનીલ પાંડેએ પોતાના અનુભવો શેર કર્યા.

ફિલ્મ 'એક દિન'ને લઈને મ્યુઝિક કમ્પોઝર રામ સંપત અને ડિરેક્ટર સુનીલ પાંડેએ પોતાના અનુભવો શેર કર્યા.

પ્રશ્ન: આ ફિલ્મથી તમને એક કમ્પોઝર તરીકે શું પ્રાપ્ત થયું?

રામ સંપત: દરેક સંગીતકારનું સપનું હોય છે કે તેને એક સુંદર પ્રેમ કહાની પર કામ કરવાનો મોકો મળે. આ ફિલ્મમાં મને તે મોકો મળ્યો અને મેં મારી ઘણી ઈચ્છાઓ પૂરી કરી. આપણા દેશના મહાન સંગીતકારો જેવા કે પંચમ દા, મદન મોહન કે નૌશાદ સાહેબની ઓળખ તેમની લવ સ્ટોરીઝના સંગીતથી બની છે. તે જ રીતે, 'એક દિન' મારા માટે એક માઈલસ્ટોન જેવું છે, જ્યાં મેં મારા અંદરના ઘણા સંગીત ભાવોને ખૂલીને વ્યક્ત કર્યા.

પ્રશ્ન: સુનીલ, આજના એક્શન અને મસાલાના સમયમાં આટલું સોફ્ટ અને ભોળું પાત્ર બતાવવું



જોખમ નહોતું?

સુનીલ પાંડે: જુઓ, મારા માટે સૌથી જરૂરી વસ્તુ વાર્તાની સચ્ચાઈ છે. જ્યારે મેં સ્ક્રિપ્ટ વાંચી, ત્યારે મને આ વાર્તા ખૂબ જ પ્રામાણિક અને સુંદર લાગી. તે સમયે મેં એ નહોતું વિચાર્યું કે, આજકાલ શું ટ્રેન્ડ ચાલી રહ્યો છે કે દર્શકો શું વધુ જોવાનું પસંદ કરી રહ્યા છે.

સવાલ: શું તમે માર્કેટ ટ્રેન્ડને બિલકુલ અવગણ્યો?

સુનીલ પાંડે: હા, બિલકુલ. ફિલ્મ બનાવતી વખતે મારું સંપૂર્ણ ધ્યાન એ વાત પર હતું કે, જે વાર્તા મને કાગળ પર ગમી હતી, શું હું તેને તે જ પ્રામાણિકતાથી સ્ક્રીન પર લાવી શકું છું કે નહીં. ટ્રેન્ડ્સ બદલાતા રહે છે, પરંતુ સારી વાર્તા હંમેશા અસર છોડે છે.

પ્રશ્ન: જુનૈદને આ પાત્ર માટે શા માટે પસંદ કર્યો?

સુનીલ પાંડે: જુનૈદ આ પાત્રમાં બિલકુલ બંધ બેઠા. તેમનામાં એ જ સાદગી અને નિર્દોષતા છે, જે આ પાત્રની જરૂરિયાત હતી. તેમણે જે રીતે પરફોર્મ કર્યું, તેમાં એક સચ્ચાઈ અને પ્રામાણિકતા દેખાય છે, અને મારા માટે તે જ સૌથી મહત્ત્વનું હતું.

પ્રશ્ન: રામ, ફિલ્મનું સંગીત આટલું ભાવનાત્મક અને મૌનમાં પણ અસરકારક કેવી રીતે બન્યું?

રામ સંપત: અમે જ્યારે પણ સંગીત બનાવીએ છીએ, ત્યારે સૌથી પહેલા સ્ક્રિપ્ટને સમજીએ છીએ. અમારો હેતુ હોય છે કે સંગીત વાર્તા સાથે જોડાયેલું લાગે, અલગથી નહીં. જો સંગીત સ્ક્રીનપ્લે સાથે મળીને ચાલે છે, તો જ તે દિલ સુધી પહોંચે છે.

પ્રશ્ન: ગીતો તૈયાર કરવાની પ્રક્રિયા કેવી રહી?

રામ સંપત: અમે દરેક ગીત પર ખૂબ મહેનત કરી. એક-એક ગીતના ઘણા વર્ઝન બનાવ્યા, અલગ-અલગ ધૂન અને આઈડિયા ટ્રાય કર્યા. તે પછી બેસીને નક્કી કર્યું કે કયું ગીત સૌથી યોગ્ય લાગી રહ્યુ છે. આ એક લાંબી પણ ખૂબ સંતોષ આપનારી પ્રક્રિયા હતી.

પ્રશ્ન: ઈરશાદ કામિલ સાથે કામ કરવાનો અનુભવ કેવો રહ્યો?

રામ સંપત: ઈરશાદ કામિલ જેવા ગીતકાર સાથે કામ કરવું ખૂબ ખાસ હોય છે. તેઓ એવી ભાવનાઓને શબ્દો આપે છે, જેને આપણે સીધા કહી શકતા નથી. તેમની લખેલી પંક્તિઓમાં ઊંડાણ અને સાદગી બંને હોય છે, જે આ ફિલ્મના સંગીતને વધુ મજબૂત બનાવે છે.

પ્રશ્ન: આજના સમયમાં ૭૦ના દાયકા જેવું યાદગાર અને દિલમાં વસી જનારું સંગીત બનાવવું કેટલું પડકારજનક છે?

રામ સંપત: સાચું કહું તો અમે ટ્રેન્ડ્સ વિશે વધુ વિચારતા નથી. આજકાલ ઘણું સંગીત ટ્રેન્ડ અને સ્ટાઈલ પ્રમાણે બને છે, પરંતુ અમે પ્રામાણિકતા અને આત્માવાળા સંગીતમાં વિશ્વાસ રાખીએ છીએ.

પ્રશ્ન: ફિલ્મના સંગીતમાં સાદગી શા માટે રાખવામાં આવી?રામ સંપત: અમે જાણી જોઈને સંગીતને સરળ રાખ્યું, જેથી વાર્તા અને ભાવનાઓ સ્પષ્ટપણે સામે આવે. ઘણી વાર એવું બન્યું કે, હું કેટલાક મ્યુઝિકલ એલિમેન્ટ્સ ઉમેરતો હતો અને સુનીલ તેને હટાવી દેતા હતા. છેવટે જે બન્યું, તે ખૂબ જ સાદું પણ ઊંડાણથી ભરેલું સંગીત છે, જેમ કે માત્ર પિયાનો કે ગિટાર સાથે.

### ત્રણેય વિજેતાઓએ શેર કરી પોતાની ખાસ વાર્તા

# સાધ્વી સેલે જીત્યો 'મિસ ઈન્ડિયા વર્લ્ડ 2026'નો તાજ:રાજનંદિની અને શ્રી અદ્વૈતા બન્યાં રનર-અપ



ઓડિશાના ભુવનેશ્વરમાં આયોજિત 61મા 'ફેમિના મિસ ઈન્ડિયા 2026'માં ગોવાની સાધ્વી સતીશ સૈલે 'મિસ ઈન્ડિયા વર્લ્ડ 2026'નો તાજ પોતાના નામે કર્યો, જ્યારે મહારાષ્ટ્રની રાજનંદિની પવાર ફર્સ્ટ રનર-અપ અને ડો. શ્રી અદ્વૈતા સેકન્ડ રનર-અપ રહી છે. ત્રણેય વિજેતાઓએ દિવ્ય ભાસ્કર સાથે ખાસ વાતચીતમાં પોતાની જર્ની, પડકારો અને આગળના પ્લાન શેર કર્યા છે. તેમણે જણાવ્યું કે, આ સફર માત્ર એક ખિતાબ સુધી સીમિત નથી, પરંતુ પોતાને વધુ સારા બનાવવાનો અનુભવ રહ્યો છે. સાથે જ આંતરરાષ્ટ્રીય પ્લેટફોર્મ પર ભારતનું પ્રતિનિધિત્વ કરવાની અને એન્ટરટેઈનમેન્ટ ઈન્ડસ્ટ્રીમાં આગળ વધવાની ઈચ્છા પણ વ્યક્ત કરી છે. સાધ્વી સતીશ સેલે 'ફેમિના મિસ ઈન્ડિયા વર્લ્ડ 2026'નો ખિતાબ પોતાના નામે કર્યો છે. ભુવનેશ્વરમાં આયોજિત 61મા ફેમિના મિસ ઈન્ડિયા મંચ પર તેણે દેશનું પ્રતિનિધિત્વ કર્યું.

સાધ્વી સતીશ સેલે 'ફેમિના મિસ ઈન્ડિયા વર્લ્ડ 2026'નો ખિતાબ પોતાના નામે કર્યો છે. ભુવનેશ્વરમાં આયોજિત 61મા ફેમિના મિસ ઈન્ડિયા મંચ પર તેણે દેશનું પ્રતિનિધિત્વ કર્યું.

પ્રશ્ન: આ જીત પછી કેવું અનુભવી રહ્યા છો અને શું આ સપનું બાળપણથી હતું કે તમે પછીથી તેને પસંદ કર્યું?

સાધ્વી સતીશ સેલ- હું ખૂબ જ ઉત્સાહિત છું કે આ યાત્રા હવે ક્યાં જશે. જ્યારે મારું નામ જાહેર થયું, ત્યારે હું આઘાત અને આશ્ચર્યમાં હતી. આ એક સપનું હતું, પરંતુ મેં તેને પછીથી એક સભાન નિર્ણય તરીકે પસંદ કર્યું અને તેના માટે મહેનત કરી.

રાજાનંદિની પવાર- હું આ મંચ પર ભારતનું પ્રતિનિધિત્વ કરવાનું સપનું લઈને આવી હતી અને આજે ખુશી છે કે હું તે દિશામાં આગળ વધી રહી છું.

શ્રી અદ્વૈતા- મારા માટે આ હંમેશા એક લક્ષ્ય હતું. મેં અભ્યાસ પૂરો કર્યા પછી નક્કી કર્યું હતું કે મારે આ મંચ પર આવીને પોતાને સાબિત કરવું છે.

પ્રશ્ન: આ આખી સફરમાં સૌથી મોટો પડકાર શું રહ્યો અને તમે તેમાંથી શું શીખ્યા?

સાધ્વી સતીશ સેલ- સૌથી મોટો પ્રશ્ન હતો કે, હું અલગ કેવી રીતે દેખાઉં? પરંતુ મેં શીખ્યું કે પોતાના પ્રત્યે સાચા રહેવું અને સુસંગત રહેવું વધુ જરૂરી છે.

રાજનંદિની પવાર- હું આને પડકાર નહીં પણ શીખ કહીશ, કારણ કે આ સફરે મને દરેક રીતે વિકસિત કરી છે- માનસિક રીતે, શારીરિક રીતે અને ભાવનાત્મક રીતે પણ.

રાજનંદિની પવાર ફેમિના મિસ ઈન્ડિયા 2026ની ફર્સ્ટ રનર-અપ રહી છે. આ સ્પર્ધામાં તેણે પોતાના મજબૂત પર્ફોર્મન્સથી બધાનું ધ્યાન ખેંચ્યું.

પ્રશ્ન: તમારા આગળના પ્લાન શું છે, શું તમે એન્ટરટેઈનમેન્ટ ઈન્ડસ્ટ્રીમાં પગ મૂકવા માંગશો અને કયા એક્ટર્સ કે ડિરેક્ટર્સ સાથે કામ કરવાનું પસંદ કરશો?

રાજનંદિની પવાર- હું ઈન્ટરનેશનલ પ્લેટફોર્મ પર ભારતનું પ્રતિનિધિત્વ કરવા માંગુ છું અને તે દિશામાં આગળ વધવું મારા માટે ખૂબ જ જરૂરી છે. આ સાથે હું એન્ટરટેઈનમેન્ટ ઈન્ડસ્ટ્રીમાં પણ મારી જગ્યા બનાવવા માંગુ છું, કારણ કે કેમેરા સામે પર્ફોર્મ કરવું મને સૌથી વધુ ખુશી આપે છે અને આ જ મારું પેશન છે.

જો તક મળે તો હું રણવીર સિંહ અને શાહરુખ ખાન જેવા કલાકારો સાથે કામ કરવા માંગીશ. જ્યારે ડિરેક્ટર્સની વાત કરીએ તો, સંજય લીલા ભણસાલી, ઈમ્તિયાઝ અલી અને રાજકુમાર હિરાણી જેવા ફિલ્મમેકર્સ સાથે કામ કરવું મારા માટે એક સપનું સાચું પડવા જેવું હશે. જ્યાં સુધી ફિલ્મોની વાત છે, હજી સુધી 'ધુરંધર' જોવાનો સમય મળ્યો નથી કારણ કે તે દરમિયાન અમારી સ્પર્ધા ચાલી રહી હતી, પરંતુ હું તેને જોવા માટે ખૂબ જ ઉત્સાહિત છું.

### સંજય કપૂરની 30,000 કરોડની સંપત્તિ વેચવા પર પ્રતિબંધ

# વસિયતનામામાં છેતરપિંડીનો કરિશ્માના બાળકોનો આરોપ;પ્રિયા સચદેવ સામે દિલ્હી હાઈકોર્ટનું આકરું વલણ

બોલિવૂડ એક્ટ્રેસ કરિશ્મા કપૂરના પૂર્વ પતિ અને દિવંગત બિઝનેસમેન સંજય કપૂરની સંપત્તિ વિવાદમાં નવો વળાંક આવ્યો છે. દિલ્હી હાઈકોર્ટે સંજય કપૂરની 30 હજાર કરોડ રૂપિયાની સંપત્તિ વેચવા પર પ્રતિબંધ મૂકી દીધો છે.કોર્ટે સંજયની સંપત્તિઓને સુરક્ષિત રાખવાનો આદેશ આપતા તેની ત્રીજી પત્ની, પ્રિયા સચદેવા કપૂરને સંપત્તિ વેચતા રોકી છે. આ આદેશ કરિશ્મા કપૂરના બાળકો, કિયાન અને સમાયરાની અરજી પર આપવામાં આવ્યો છે.સંજય કપૂરને બીજી પત્ની કરિશ્માથી બે બાળકો, સમાયરા અને કિયાન છે, જ્યારે ત્રીજી પત્ની પ્રિયાથી એક દીકરો છે.મોંઘી ઘડિયાળો, કિંમતી ઘોડાનો ઉલ્લેખ ન કરાયાનો આક્ષેપકરિશ્મા કપૂરના બાળકો કિયાન અને સમાયરાએ કોર્ટમાં દાવો કર્યો છે કે, પ્રિયા સચદેવાએ તેના પિતાની એક નકલી વસિયત તૈયાર કરી છે. બાળકોનો આરોપ છે કે, પ્રિયાએ કોર્ટમાં સંપત્તિઓની જે યાદી રજૂ કરી છે, તે અધૂરી છે.તેમના મતે, આ યાદીમાં સંજયની ઘણી મોંઘી રોલેક્સ ઘડિયાળો, પોલો રમતા કિંમતી ઘોડા અને કરોડોની પેઈન્ટિંગ્સનો ઉલ્લેખ કરવામાં આવ્યો નથી. બાળકોનું કહેવું છે કે, સંજય કપૂરની ઘણી સ્થાવર મિલકતો પણ આ યાદીમાંથી બહાર રાખવામાં આવી છે.સમાયરા અને કિયાને સાવકી માતા પર પિતાની વસિયતમાં છેડછાડ કર્યાનો આક્ષેપ લગાવ્યો છે. સુનાવણી દરમિયાન દિલ્હી હાઈકોર્ટે કહ્યું કે, 'સંજય



કપૂરની સંપત્તિને સુરક્ષિત રાખવી જરૂરી છે, જેથી તેને નષ્ટ ન કરી શકાય.' કોર્ટે પ્રિયા સચદેવાને કોઈપણ સંપત્તિ વેચવાથી રોકી દીધી છે અને સંજયના બેંક ખાતાઓના સંચાલન પર પણ હાલ પૂરતો પ્રતિબંધ લગાવી દીધો છે. કોર્ટે કડક ટિપ્પણી કરતા કહ્યું કે, 'હવે એ સાબિત કરવાની જવાબદારી પ્રિયાની છે કે વસિયત અસલી છે. જો અત્યારે કાર્યવાહી કરવામાં નહીં આવે અને પછીથી વસિયત નકલી નીકળી, તો આ બાળકો સાથે મોટો અન્યાય થશે.'આ વિવાદ ફક્ત બાળકો અને પ્રિયા સચદેવા સુધી સીમિત નથી. સંજય કપૂરની માતા રાણી કપૂર અને તેની બહેન મંદિરા કપૂર સાથે પણ પ્રિયાનો વિવાદ ચાલી રહ્યો છે. ગયા વર્ષે નવેમ્બરમાં સુનાવણી દરમિયાન બાળકોના પક્ષને લઈને તીખી દલીલો પણ થઈ હતી, જેમાં તેને 'અમીર ઓલિવર ટ્વિસ્ટ' સુધી કહી દેવામાં આવ્યું હતું. કોર્ટે સ્પષ્ટ કર્યું છે કે, હાલમાં સંપત્તિઓને સુરક્ષિત રાખવી પ્રાથમિકતા છે.આ આખો વિવાદ જૂન 2025માં સંજય કપૂરના મૃત્યુ પછી વધુ ઘેરો બન્યો. 53 વર્ષીય સંજય કપૂરનું ઈંગ્લેન્ડમાં એક પોલો મેચ દરમિયાન કાર્ડિયાક અરેસ્ટથી મૃત્યુ થયું હતું. રાણી કપૂરનું કહેવું છે કે, પુત્રના મૃત્યુ પછી તેની ત્રીજી પત્ની પ્રિયા કપૂરે આખી ગ્રુપ કંપનીઓ પર નિયંત્રણ મેળવી લીધું અને તેમને સંપત્તિમાં કોઈ હિસ્સો આપ્યો નહીં. રાણી કપૂર હવે પોતાની સંપત્તિ અને ઘરને સુરક્ષિત કરવા માટે કાનૂની સુરક્ષા માંગી રહ્યા છે.

### ઉગ્ર દલીલ થતાં 'ધુરંધર' એક્ટરે ફિલ્મ છોડી

# રણવીર સિંહ 'ડોન 3'માં ગાળો અને હિંસા ઈચ્છતો હતો:ફરહાન અખ્તર 'ડોન'ની ગરિમા જાળવી રાખવા ટસનો મસ ન થયો



રણવીર સિંહ અને ડિરેક્ટર ફરહાન અખ્તરની ફિલ્મ 'ડોન 3' ને લઈને એક રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે, રણવીર આ ફિલ્મમાં હિંસા અને ગાળો ઈચ્છતો હતો. ફરહાન આ વાત પર રાજી ન થતાં બંને વચ્ચે વિવાદ થયો.લગભગ 3 વર્ષ પહેલાં શરૂ થયેલો આ પ્રોજેક્ટ હવે અધવચ્ચે લટકી ગયો છે કારણ કે રણવીર સિંહે કથિત રીતે આ ફિલ્મ છોડી દીધી છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, રણવીરના ફિલ્મ છોડવાને કારણે ફરહાન અખ્તરને લગભગ 40 કરોડ રૂપિયાનું નુકસાન થયું છે.'ફ્રી પ્રેસ જર્નલ'ના એક રિપોર્ટ અનુસાર, રણવીર સિંહ ઈચ્છતો હતો કે, 'ડૉન'નું પાત્ર આજના સમય પ્રમાણે વધુ હિંસક અને ડાર્ક હોય. રણવીરનું માનવું હતું કે, દર્શકોને પડદા પર લોહીયાળ દ્રશ્યો અને 'કઠોર ભાષા' (ગાળાગાળી) પસંદ આવી રહી છે. તે ઈચ્છતો હતો કે, ડૉનના ડાયલોગ્સમાં ગાળોનો ઉપયોગ થાય, પરંતુ ફરહાન અખ્તર તેના સખત વિરોધમાં હતો.ફરહાન અખ્તર અને રણવીર સિંહે અગાઉ 'દિલ ધડકને દો' ફિલ્મમાં સાથે કામ કર્યું છે. ઉપરાંત ફરહાને રણવીરની ફિલ્મ 'ગલી બોય'નું પ્રોડક્શન કર્યું હતું. ફરહાન અખ્તરે રણવીરને સમજાવવાનો પ્રયાસ કર્યો કે 'ડોન' ફ્રેન્ચાઈઝીની પોતાની એક ગરિમા છે. અમિતાભ બચ્ચન અને શાહરુખ ખાને આ પાત્રને ક્યારેય ગાળો કે બિનજરૂરી મારપીટ દ્વારા રજૂ કર્યું નથી. ફરહાન પોતાની મૂળ વિચારસરણી સાથે સમાધાન કરવા તૈયાર નહોતો. તેનો તર્ક હતો કે, 'ડોન' એક સ્ટાઈલિશ અને શાતિર અપરાધી છે, ન કે કોઈ ગલીનો ગુંડો. આ જ વાતને લઈને બંને વચ્ચે ઉગ્ર દલીલ થઈ અને આખરે રણવીરે ફિલ્મમાંથી હાથ પાછા ખેંચી લીધા.રણવીર અને ફરહાન વચ્ચે અણબનાવની શરૂઆત ડિસેમ્બર 2025માં થઈ. ફિલ્મ 'ધુરંધર' રિલીઝ થયા પછી રણવીર સિંહે અચાનક 'ડોન 3'માંથી વોકઆઉટ કરી લીધું. ફરહાન અને તેમના પાર્ટનર રિતેશ સિધવાણીએ આ મામલો 'પ્રોડ્યુસર્સ ગિલ્ડ ઓફ ઈન્ડિયા' સમક્ષ રજૂ કર્યો.મીટિંગમાં જણાવવામાં આવ્યું કે ફિલ્મના પ્રી-પ્રોડક્શન પર 40 કરોડ રૂપિયા પહેલેથી જ ખર્ચ થઈ ચૂક્યા હતા અને રણવીરે દરેક સ્ટેજ પર સ્ક્રિપ્ટને પોતાની મંજૂરી આપી હતી.રણવીરના ફિલ્મ છોડ્યા બાદ ફરહાનની કંપની 'એક્સેલ એન્ટરટેઈનમેન્ટ'એ તેના પર ભારે દંડની માગણી કરી છે. પ્રોડક્શન હાઉસનું કહેવું છે કે, ફિલ્મના પ્રી-પ્રોડક્શન અને શૂટિંગ શેડ્યૂલમાં ફેરફારને કારણે તેમને ઘણું નુકસાન થયું છે.

### ટ્રોલિંગ બાદ રાહુલ રોયના સમર્થનમાં બોલિવૂડ ઉતર્યું:

# ફરાહ ખાન, સોનુ સૂદ, અનુપમ ખેર સહિતના સ્ટાર્સે હિંમત વધારી; વીડિયો વાયરલ થયા બાદ ટ્રોલ થયો હતો



આશિકી' ફિલ્મથી પ્રખ્યાત થયેલા રાહુલ રોયના મુશ્કેલ સમયમાં હવે બોલિવૂડ તેને સપોર્ટ કરતું જોવા મળી રહ્યું છે. સોશિયલ મીડિયા પર તેની કેટલીક રીલ્સની મજાક ઉડાવવામાં આવ્યા બાદ જ્યારે રાહુલે પોતાની આર્થિક તંગી અને કામ ન હોવાનું દુઃખ શેર કર્યું, ત્યારે હવે ઈન્ડસ્ટ્રીના ઘણા મોટા એક્ટર્સે ખૂલીને તેનું સમર્થન કર્યું છે. ફરાહ ખાનથી લઈને સોનુ સૂદ સુધી, ઘણી હસ્તીઓએ રાહુલ પ્રત્યે પોતાનું સન્માન અને સપોર્ટ વ્યક્ત કર્યો છે. રાહુલ રોયની ભાવુક પોસ્ટ પછી ફિલ્મમેકર ફરાહ ખાને સૌથી પહેલા કોમેન્ટ કરતા તેને 'ગુડ લક' કહ્યું. જ્યારે, સોનુ સૂદે રાહુલને ભાઈ કહીને લખ્યું- 'કીપ રોકિંગ બ્રધર'. એક્ટર અનુપમ ખેરે પણ રાહુલની હિંમત વધારતા તેને 'બેસ્ટ' ગણાવ્યો.આખો વિવાદ ત્યારે શરૂ થયો, જ્યારે રાહુલ રોય કન્ટેન્ટ ક્રિએટર ડૉ. વનિતા ઘાડગે સાથે કેટલાક ઈન્સ્ટાગ્રામ વીડિયોમાં જોવા મળ્યો. કેટલાક લોકોએ આ વીડિયોને 'અજીબ' ગણાવીને રાહુલને ટ્રોલ કરવાનું શરૂ કરી દીધું. આના પર રાહુલે જવાબ આપતા કહ્યું, 'હું હાલમાં આર્થિક તંગી અને કેટલાક કાનૂની મામલાઓથી ઝઝૂમી રહ્યો છું. મારી સાદગીની મજાક ઉડાવવાને બદલે જો લોકો મને કામ અપાવવામાં મદદ કરે, તો તે વધુ સારું રહેશે.' જ્યારે, શિલ્પા શિરોડકરે કહ્યું કે, 'આપણે તે કરવું જોઈએ, જે આપણા માટે જરૂરી છે, લોકોને વાતો કરવા દો.' આ ઉપરાંત નિકિતિન ધીર, ટીના દત્તા, કરણવીર બોહરા અને માહિકા શર્મા જેવા કલાકારોએ પણ રાહુલ માટે પ્રાર્થના કરી અને તેમના પ્રત્યે પોતાનો પ્રેમ વ્યક્ત કર્યો. રાહુલ રોયની ફિલ્મી સફર ઘણી ઉતાર-ચઢાવ ભરી રહી છે. 1990 માં 'આશિકી' થી મળેલી અપાર સફળતા પછી તેની કારકિર્દી ધીમે ધીમે ધીમી પડતી ગઈ. 2007 માં તેણે 'બિગ બોસ' ની પ્રથમ સીઝન જીતી, જેનાથી તે ફરીથી ચર્ચામાં આવ્યો.જોકે, 2020માં કારગિલમાં એક ફિલ્મનું શૂટિંગ કરતી વખતે તેને બ્રેઈન સ્ટ્રોક આવ્યો હતો. લાંબી રિકવરી પછી રાહુલ હવે ઠીક છે, પરંતુ બોલિવૂડમાં ફરીથી પોતાની જગ્યા બનાવવા માટે તે હજુ પણ સંઘર્ષ કરી રહ્યો છે.

રાહુલના સમર્થનમાં સપોર્ટ કરનારાઓની યાદીમાં ઘણા બોલિવૂડ કલાકારો સામેલ છે. મનીષ પૉલે તેને 'સન્માન અને પાવર' મોકલ્યો. જ્યારે, શિલ્પા શિરોડકરે કહ્યું કે, 'આપણે તે કરવું જોઈએ, જે આપણા માટે જરૂરી છે, લોકોને વાતો કરવા દો.' આ ઉપરાંત નિકિતિન ધીર, ટીના દત્તા, કરણવીર બોહરા અને માહિકા શર્મા જેવા કલાકારોએ પણ રાહુલ માટે પ્રાર્થના કરી અને તેમના પ્રત્યે પોતાનો પ્રેમ વ્યક્ત કર્યો.રાહુલ રોયની ફિલ્મી સફર ઘણી ઉતાર-ચઢાવ ભરી રહી છે. 1990 માં 'આશિકી' થી મળેલી અપાર સફળતા પછી તેની કારકિર્દી ધીમે ધીમે ધીમી પડતી ગઈ. 2007 માં તેણે 'બિગ બોસ' ની પ્રથમ સીઝન જીતી, જેનાથી તે ફરીથી ચર્ચામાં આવ્યો.જોકે, 2020માં કારગિલમાં એક ફિલ્મનું શૂટિંગ કરતી વખતે તેને બ્રેઈન સ્ટ્રોક આવ્યો હતો. લાંબી રિકવરી પછી રાહુલ હવે ઠીક છે, પરંતુ બોલિવૂડમાં ફરીથી પોતાની જગ્યા બનાવવા માટે તે હજુ પણ સંઘર્ષ કરી રહ્યો છે.